અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

26 DECEMBER-2025 FRIDAY | Vol. : 17 | Issue : 175 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
થાઈલેન્ડે કંબોડિયામાં ભગવાન વિષ્ણુની મૂર્તિ તોડી : બુલડોઝર ફેરવ્યું, ભારતે કહ્યું- આવાં કામ ન કરો....

4 
પરબ્રહ્મ પરમાત્મા વિશેની માહિતી કે જાણકારી મેળવી લેવાથી એની પ્રતિતિ થતી નથી

6 
રેકોર્ડ...એક જ દિવસમાં 22 સદી ફટકારાઈ! : બિહારે 38 સિક્સર મારી; ઓડિશાના બેટરે સૌરાષ્ટ્ર સામે ડબલ સેન્ચુરી ....

7 
હવે તમે ટોલ કલેક્શનથી પણ નફો કમાઈ શકશો:NHAIના રાજમાર્ગ ટ્રસ્ટને સેબીની મંજૂરી

### મોર્નિંગ પ્રેયરમાં સામેલ થયા, બિશપે વિશેષ પ્રાર્થના કરી, રાહુલ ગાંધીએ પણ અભિનંદન પાઠવ્યા

# ક્રિસમસ પર PM મોદી દિલ્હીના કેથેડ્રલ ચર્ચ ગયા







**નવી દિલ્હી, તા.25**

દેશભરમાં નાતાલની ઉજવણી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ નાતાલના દિવસે ગુરુવારે દિલ્હીની કેથેડ્રલ ચર્ચ ઓફ ધ રિડેમ્પશનમાં નાતાલની સવારની પ્રાર્થનામાં સામેલ થયા હતા. અહીં પ્રાર્થના કરવામાં આવી હતી. જ્યારે દિલ્હીના બિશપ રેવ ડો. પોલ સ્વરૂપે પીએમ મોદી માટે વિશેષ પ્રાર્થના કરી હતી. રાહુલ ગાંધીએ પણ એક વીડિયો પોસ્ટ કરીને નાતાલ અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પહેલા વડાપ્રધાને નાગરિકોને ક્રિસમસની શુભેચ્છા પાઠવી હતી. તેમણે X પર એક અન્ય પોસ્ટમાં લખ્યું- 'બધાને શાંતિ, કરુણા અને આશાથી ભરેલા ક્રિસમસની શુભેચ્છાઓ. ઈસુ ખ્રિસ્તના ઉપદેશો આપણા સમાજમાં સદ્ભાવનાને મજબૂત કરે.'

છેલ્લા કેટલાક વર્ષોથી PM મોદી નિયમિતપણે ખ્રિસ્તી સમુદાય સાથે સંબંધિત કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા છે. 2023માં નાતાલ પર તેમણે દિલ્હીમાં તેમના નિવાસસ્થાન 7 લોક કલ્યાણ માર્ગ પર એક કાર્યક્રમ રાખ્યો હતો.

2024માં તેઓ મંત્રી જ્યોર્જ કુરિયનના ઘરે ડિનરમાં ગયા હતા. તેમજ કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયાના કાર્યક્રમમાં પણ હાજરી આપી હતી.

હિમાચલ પ્રદેશમાં આ વર્ષે વ્હાઈટ ક્રિસમસ નહીં જોવા મળે, પરંતુ પર્વતોમાં ક્રિસમસ અને નવા વર્ષનો ઉત્સાહ હજુ પણ ઊંચો છે. સિમલા, મનાલી, કસૌલી, ધર્મશાળા અને ડેલહાઉસી જેવા મુખ્ય પર્યટન સ્થળોએ મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચી રહ્યા છે.

પ્રવાસીઓની સુવિધા માટે, રાજ્ય સરકારે આજથી નવા વર્ષ સુધી ભોજન પીરસતી હોટલ, ઢાબા અને રેસ્ટોરન્ટ 24 કલાક ખુલ્લા રાખવાનો નિર્ણય લીધો છે, જેથી મોડી રાત્રે આવતા પ્રવાસીઓને પણ ભોજન મળી શકે.

ફેમસ સેન્ડ આર્ટિસ્ટ સુદર્શન પટનાયકે ઓડિશાના પુરી બીચ પર 1.5 ટન સફરજનનો ઉપયોગ કરીને એક અદભુત સાન્તાક્લોઝ સેન્ડ આર્ટ બનાવી, જેનાથી પ્રવાસીઓ મંત્રમુગ્ધ થઈ ગયા.

છત્તીસગઢના વિશ્રામપુરમાં પહેલું ચર્ચ એક જર્મન દ્વારા બનાવવામાં આવ્યું હતું; અહીંથી જ રાજ્યમાં ખ્રિસ્તી ધર્મ ફેલાયો.

છત્તીસગઢમાં અંદાજે 727 ચર્ચ છે. જોકે, ગ્રામીણ વિસ્તારોમાં નાના ચર્ચો સહિત, આ સંખ્યા 900થી વધુ છે. પ્રથમ મિશનરી ચર્ચ (એમેન્યુઅલ) 18મી સદીમાં બાલોદાબજારના વિશ્રામપુરમાં બનાવવામાં આવ્યું હતું.

તેને 'ધ સીટી ઓફ રેસ્ટ' તરીકે ઓળખવામાં આવે છે. ખ્રિસ્તી સમુદાય માટે, તે કોઈ તીર્થસ્થળથી ઓછું નથી. છત્તીસગઢના દરેક ખૂણામાં ફેલાયેલા ખ્રિસ્તી ધર્મના પ્રવાહનો ઉદ્ભવ અહીંથી થયો હતો.

લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ પણ એક વીડિયો શેર કર્યો. તેમણે લખ્યું, 'બધાને નાતાલની શુભકામનાઓ.' આ તહેવાર તમારા જીવનમાં ખુશી, આનંદ અને સમૃદ્ધિ લાવે અને તેને પ્રેમથી ભરી દે.

વીડિયોમાં રાહુલ ગાંધી ક્રિસમસ ટ્રી પાસે ઉભા છે. જોકે, વીડિયો ક્યાં છે તે જાણી શકાયું નથી. રાહુલ હાલમાં જર્મનીની મુલાકાતે ગયા હતા.

## ટ્રેડ વાટાઘાટોમાં ભારતની અમેરિકાને ફાઈનલ ઓફર : ટેરિફ 50%થી ઘટાડીને 15% કરો.....

**નવી દિલ્હી, તા.25**



ભારતે અમેરિકા સમક્ષ ટ્રેડ વાટાઘાટોમાં પોતાનો અંતિમ પ્રસ્તાવ મૂક્યો છે. ભારત ઈચ્છે છે કે તેના પર લાદવામાં આવેલી કુલ 50% ટેરિફ ઘટાડીને 15% કરવામાં આવે અને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા પર જે વધારાની 25% પેનલ્ટી લાદવામાં આવી છે, તેને સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવે. બંને દેશો વચ્ચે ચાલી રહેલી આ વાટાઘાટોથી આશા છે કે નવા વર્ષમાં કોઈ નક્કર નિર્ણય આવી શકે છે. બંને દેશો વચ્ચે એક વ્યાપક દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) પર વાતચીત ચાલી રહી છે, પરંતુ અધિકારીઓનું માનવું છે કે તેને આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ કરવું મુશ્કેલ છે. હવે જાન્યુઆરીમાં આશા છે, જ્યારે નવા વેપારના આંકડા આવશે અને વાતચીતમાં વેગ આવી શકે છે.

આ અઠવાડિયે ભારત અને અમેરિકાની વેપાર ટીમો વચ્ચે દિલ્હીમાં બેઠક થઈ. વાતચીત બે મુદ્દાઓ પર થઈ રહી છે. પહેલો એક મોટા અને કાયમી વેપાર કરાર પર અને બીજો અમેરિકા તરફથી ભારત પર લાદવામાં આવેલી 50% ટેરિફને હટાવવા અથવા ઘટાડવા માટેના એક ફ્રેમવર્ક કરાર પર.

અમેરિકાએ ભારત પર કુલ 50% ટેરિફ લગાવ્યો છે. તેમાંથી 25% ને તે 'રેસિપ્રોકલ (જેવા સાથે તેવા) ટેરિફ' કહે છે. જ્યારે 25% રશિયન ઓઈલ ખરીદવાને કારણે લગાવવામાં આવ્યો છે. અમેરિકાનું કહેવું છે કે આનાથી રશિયાને યુક્રેન યુદ્ધ ચાલુ રાખવામાં મદદ મળી રહી છે. ભારતનું કહેવું છે કે આ દંડ ખોટો છે અને તેને તાત્કાલિક હટાવવો જોઈએ.

વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે ફ્રેમવર્ક કરાર અંગે વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને કહ્યું છે કે તેના પર જલ્દીથી સહમતિ બની શકે છે, જોકે તેમણે કોઈ નિશ્ચિત સમયમર્યાદા જણાવી નથી.

વાટાઘાટો સાથે સંકળાયેલા લોકોના મતે, 2025માં આ કરાર પૂર્ણ થવાની શક્યતા હવે ઓછી થતી જાય છે, કારણ કે વર્ષ પૂરું થવામાં બહુ ઓછો સમય બાકી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ફ્રેમવર્ક કરાર પરની વાટાઘાટો દિવાળી આસપાસ પૂરી થઈ ગઈ હતી, પરંતુ હવે અમેરિકા, ખાસ કરીને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી સત્તાવાર જાહેરાતની રાહ જોવાઈ રહી છે. વિલંબના કારણ અંગે અધિકારીઓ સીધા વ્હાઈટ હાઉસ અને રાષ્ટ્રપતિના નિર્ણય તરફ ઈશારો કરી રહ્યા છે.

આશાનું એક કારણ એ પણ છે કે જાન્યુઆરીમાં આવનારા આંકડાઓમાં ભારતના રશિયન ઓઈલ આયાતમાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. 21 નવેમ્બરથી રશિયાની બે મોટી ઓઈલ કંપનીઓ રોસનેફ્ટ અને લુકોઈલ પર અમેરિકી પ્રતિબંધો લાગુ થયા છે.

## 3 નવી એરલાઇન્સને કેન્દ્રની લીલી ઝંડી:શંખ એર, અલહિન્દ એર અને ફ્લાય એક્સપ્રેસને NOC મળ્યું, એવિએશન સેક્ટરમાં ઈજારાશાહી તોડવાની તૈયારી

**નવી દિલ્હી, તા.25**





સરકારે એવિએશન સેક્ટરમાં સ્પર્ધા વધારવા અને મોટી એરલાઇન્સ પર નિર્ભરતા ઘટાડવા માટે ત્રણ નવી એરલાઇન્સને નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) જારી કર્યાં છે. આ એરલાઇન્સનાં નામ શંખ એર, અલહિન્દ એર અને ફ્લાય એક્સપ્રેસ છે.

આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે, જ્યારે હાલમાં ઈન્ડિગોના ઓપરેશન સંબંધિત સમસ્યાઓ સામે આવી હતી. આ પછી સરકારને લાગ્યું કે ભારતીય એવિએશન સેક્ટરમાં વધુ કંપનીઓ અને વિકલ્પોની જરૂર છે.

નાગરિક ઉડ્ડયનમંત્રી રામ મોહન નાયડુએ કહ્યું હતું કે સરકારનું લક્ષ્ય ભારતીય આકાશમાં વધુ એરલાઇન્સને પ્રોત્સાહન આપવાનો છે. સરકાર માને છે કે નવી એરલાઇન્સના આગમનથી મુસાફરોને વધુ સારી સેવા અને વધુ વિકલ્પો મળશે.

એવિએશન ઇન્ડસ્ટ્રીના જાણકારોનું કહેવું છે કે આનાથી ભારતીય એવિએશન સેક્ટરમાં નવી સ્પર્ધા શરૂ થશે, જોકે આ નવી એરલાઇન્સ સામે અસલી પડકાર હવે શરૂ થાય છે. તેમણે મૂડી એકત્ર કરવી પડશે, વિમાન કાફલો તૈયાર કરવો પડશે અને મજબૂત નેટવર્ક ઊભું કરવું પડશે, જેથી તેઓ સાચા અર્થમાં ઉડાન ભરી શકે.

જાણકારોના મતે, જો આ એરલાઇન્સ સફળ થાય છે, તો એનો સીધો ફાયદો મુસાફરોને મળશે. ટિકિટોના વધુ વિકલ્પો મળશે અને દેશના અલગ-અલગ ભાગોની એર કનેક્ટિવિટી પણ સુધરશે.

એનઓસી મળવાનો અર્થ એ છે કે સરકારે આ કંપનીઓને એરલાઇન શરૂ કરવાની આગળની પ્રક્રિયા શરૂ કરવાની મંજૂરી આપી દીધી છે. હવે પછીનું પગલું ડીજીસીએ પાસેથી એર ઓપરેટર સર્ટિફિકેટ (AOC) મેળવવાનું રહેશે. આ સાથે તેમને વિમાન (ફ્લીટ), પાઈલટ અને સ્ટાફ, મેન્ટેનન્સ અને રૂટ નેટવર્ક સંબંધિત તમામ તૈયારીઓ કરવી પડશે.

આ આખી પ્રક્રિયા સામાન્ય રીતે ઘણા મહિનાઓ સુધી ચાલે છે. આ દરમિયાન એ સ્પષ્ટ થાય છે કે કોઈ એરલાઇન આર્થિક રીતે કેટલી મજબૂત છે અને ઉડાન સંચાલન માટે કેટલી તૈયાર છે.

ભારતનું ઘરેલુ એવિએશન બજાર આજે દુનિયામાં સૌથી ઝડપથી વિકસતાં બજારોમાં સામેલ છે. સરકારનું માનવું છે કે જેટલી વધુ એરલાઇન્સ હશે એટલી જ વધુ ફ્લાઇટ્સ અને સીટો મળશે.

આનાથી દેશના અલગ-અલગ ભાગોની કનેક્ટિવિટી સુધરશે અને ટિકિટના ભાવ પણ સ્પર્ધાને કારણે નિયંત્રણમાં રહેશે. આ જ વિચાર સાથે સરકાર નવા ખેલાડીઓને તક આપી રહી છે, જેથી ઉડ્ડયનબજાર માત્ર એક કે બે મોટી કંપની પર નિર્ભર ન રહે અને મુસાફરોને વધુ વિકલ્પો મળી શકે.

શંખ એર: ઉત્તરપ્રદેશની આ એરલાઇન પોતાને ફુલ-સર્વિસ એરલાઇન તરીકે રજૂ કરી રહી છે. કંપનીનું ધ્યાન મોટાં શહેરો અને મુખ્ય રાજ્યોને એકબીજા સાથે જોડવા પર રહેશે. નેટવર્કનું વિસ્તરણ ધીમે ધીમે કરવામાં આવશે, જેથી પ્રારંભિક ખર્ચને નિયંત્રિત કરી શકાય.

યોજના મુજબ, એરલાઇન 2026ના પ્રથમ ક્વાર્ટરમાં તેની ફ્લાઇટ્સ શરૂ કરશે. આગામી 2થી 3 વર્ષમાં કાફલામાં 20થી 25 વિમાનોનો સમાવેશ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.



# કતારગામ ઓડિટોરિયમ અને બાયો-ડાયવર્સિટી પાર્ક હવે ‘અટલજી’ નામે ઓળખાશે

## સી.આર. પાટીલે કહ્યું, નરસિંહ રાવે અટલજી પર ભરોસો મૂકીને દેશનું નેતૃત્વ સોંપ્યું હતું

સુરત, તા.25

સુરત મહાનગરપાલિકા દ્વારા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતી નિમિત્તે ઐતિહાસિક કિલ્લા ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને અટલજીના જીવન તેમજ રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને યાદ કરી ભાવપૂર્વક અંજલિ અર્પી હતી. હવે કતારગામ ઓડિટોરિયમ અને બાયો-ડાયવર્સિટી પાર્ક હવે ‘અટલજી’ નામે ઓળખાશે. સી.આર. પાટીલે કહ્યું, નરસિંહ રાવે અટલજી પર ભરોસો મૂકીને દેશનું નેતૃત્વ સોંપ્યું હતું.



આ કાર્યક્રમમાં સુરતના મેયર દક્ષેશ માવાણી અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજન પટેલની ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં અટલજીની જીવનયાત્રાનું વિગતવાર વિવરણ કરવામાં આવ્યું હતું.આ અવસરે સી.આર. પાટીલે સુરત મહાનગરપાલિકાના મહત્વના નિર્ણયોને આવકાર્યા હતા. સુરત પાલિકા દ્વારા કતારગામ ઓડિટોરિયમ અને શહેરના બાયો-ડાયવર્સિટી પાર્કને ’અટલ બિહારી વાજપેયી’નું નામ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

પાટીલે જણાવ્યું હતું કે, આવા મહાન પુરુષોના નામ ઈમારતો અને સ્થળો સાથે જોડવાથી આવનારી પેઢીને સતત પ્રેરણા મળતી રહેશે. અટલજી પોતાના કાર્યો, સ્વભાવ અને વાણીના કારણે લોકોના મનમાં હંમેશા અમર રહેશે.

સી.આર. પાટીલે અટલ વાજપેયીના વ્યક્તિત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, અટલ બિહારી વાજપેયી એક એવું નિર્વિવાદ વ્યક્તિત્વ હતું જેમના સમર્થકો દરેક રાજકીય પક્ષમાં જોવા મળતા હતા. તેઓ માત્ર એક કુશળ રાજનેતા જ નહીં, પરંતુ એક સ્પષ્ટવક્તા, પ્રખર કવિ અને સંઘના સમર્પિત પ્રચારક પણ હતા. પાટીલે ઉમેર્યું કે અટલજી હંમેશા દેશહિતને સર્વોપરી રાખીને શુદ્ધ રાજકારણ કરતા હતા અને ક્યારેય કોઈનું અહિત ઈચ્છતા નહોતા. તેમની અદભૂત વાકછટા, ચતુરાઈ અને શબ્દોના અખૂટ ભંડારને કારણે તેઓ આજે પણ કરોડો લોકોના હૃદયમાં જીવંત છે.

ઐતિહાસિક પ્રસંગોને યાદ કરતા સી.આર. પાટીલે જણાવ્યું કે અટલજીની વિશ્વસનીયતા એટલી હતી કે કોંગ્રેસના શાસનકાળ દરમિયાન તત્કાલીન વડાપ્રધાન નરસિંહ રાવે વિરોધ પક્ષના નેતા હોવા છતાં અટલજી પર ભરોસો મૂકીને દેશનું નેતૃત્વ સોંપ્યું હતું, જે જવાબદારી તેમણે સફળતાપૂર્વક નિભાવી હતી. કારગિલ યુદ્ધ સમયે દુશ્મનોને પછાડવાનો મક્કમ નિર્ણય હોય કે પછી વૈશ્વિક દબાણ છતાં દેશને અણુશક્તિ પ્રદાન કરવાનો નિર્ધાર, અટલજીએ ક્યારેય હાર સ્વીકારી નહોતી. અમેરિકા સહિતના દેશોના પ્રતિબંધો છતાં તેમણે દેશની સુરક્ષા માટે ત્રણ વખત અણુ પરીક્ષણ કરીને ભારતની તાકાત દુનિયાને બતાવી હતી.

અંતમાં, સી.આર. પાટીલે ભાજપના કાર્યકર્તાઓ વતી સંકલ્પ લેતા કહ્યું હતું કે, અટલજીએ ચીંધેલા સેવા અને રાષ્ટ્રહિતના માર્ગ પર આગળ વધવા માટે અમે સૌ કટિબદ્ધ છીએ. આજે સમગ્ર દેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત તમામ સાંસદો અને કાર્યકર્તાઓ વિવિધ કાર્યક્રમો દ્વારા અટલજીને યાદ કરી રહ્યા છે. સુરતમાં પણ અટલજીના જીવન પર આધારિત ફોટો પ્રદર્શનના માધ્યમથી તેમની સ્મૃતિઓને તાજી કરવામાં આવી હતી.

# વડોદરામાં બુટલેગર ગેંગવોરનો વોન્ટેડ આરોપી ઝડપાયો

## એક મહિના પહેલાં 3 કાર સળગાવી નાસી છૂટેલા વિશાલ પવારની વારસીયા પોલીસે ધરપકડ કરી

વડોદરા, તા.25

વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં બુટલેગરના ગેંગવોરમાં એક મહિના પહેલા સાંઈબાબા નગર સોસાયટી વિસ્તારમાં રાત્રીના સમયે જ્વલંતશીલ પદાર્થનો ઉપયોગ કરીને 3 કારને આગ ચાંપીને નાસી છૂટેલા વોન્ટેડ આરોપીને વારસીયા પોલીસે ઝડપી પાડ્યો છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

વારસીયા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, આ કેસમાં વોન્ટેડ આરોપી વિશાલ ઉર્ફે ગોંધળી અશોકભાઈ પવાર (રહે. સપ્તશ્રુંગી માતાજીના મંદિર પાસે, ઝંડા ચોક, કિશનવાડી રોડ, ગધેડા માર્કેટની બાજુમાં, પાણીગેટ, વડોદરા) કિશનવાડી ઝંડા ચોકમાં આવેલી એક દુકાનની બહાર ઉભો છે. જેથી પોલીસ ત્યાં પહોંચી ગઈ હતી અને તેને ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી પોલીસે એક મોબાઈલ જપ્ત કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, વડોદરા શહેરના ફતેગંજ બ્રિજ પર બૂટલેગર અલ્પુ સિંધી દ્વારા કરાયેલા હુમલામાં શંકા રાખીને હેરી લુધવાણી અને તેના સાથીદારે અલ્પુ સિંધીના ખાસ




માણસ ધર્મેશ ઉર્ફે ગોલુના મિત્ર મનીષ કારડાની થાર કાર સળગાવી દેતા વારસીયા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. જેમાં થાર સાથે અન્ય બે કાર પણ આગની ચપેટમાં આવી ગઈ હતી.

વારસીયા ગણેશનગર સોસાયટીમાં રહેતા મનીષ ઉર્ફે માનવ કારડા (ઉ.વ.21) ની ફરિયાદ અનુસાર તેની ધર્મેશ ઉર્ફે ગોલુ ઇંદ્રકુમાર સચ્ચદેવ સાથે મિત્રતા છે પરંતુ, ધર્મેશ સચ્ચદેવની અંગત અદાવત હિમાંશુ ઉર્ફે હેરી રમેશકુમાર લુધવાણી સાથે હતી. ધર્મેશ સચ્ચદેવને ગુજસીટોકના ગુનામાં વડોદરા સેન્ટ્રલ જેલમાં મોકલી આપ્યો હતો. આ દરમિયાન 3 મહિના પહેલા મનીષ કારડા વારસીયાની તિવારીની ચાલ બાજુથી એક્ટિવા પર રાતે 1 વાગ્યે પસાર થતો હતો. હિમાંશુ અને તેના મિત્રો વિવેક ઉર્ફે બન્ની કેવલાણીએ મનીષને રોકીને તેનો મોબાઈલ ઝુંટવી લીધો હતો.

26 નવેમ્બરની રાતે 11:30 વાગ્યે પોતાની થાર કાર સોસાયટીના કોમન પ્લોટમાં પાર્ક કરીને ઘરે જઈ સુઈ ગયો હતો. રાતે 2 વાગે સફેદ કારમાં આવેલા હેરી અને વિવેક કેવલાણીએ ફરિયાદીની થાર પર જ્વલનશીલ પદાર્થ નાખીને સળગાવી ભાગી ગયા હતાં. કાર સળગતી જોઈ પાડોશમાં રહેતા દર્શન ગોહીલે મનીષને જગાડ્યો હતો. મનીષ કારડાની થાર, ઉપરાંત સોસાયટીમાં જ રહેતા કલ્પેશ પરમારની ટ્રીબર કાર, તેમજ મિતેષભાઈ દુધાણીની હુંડાઈ કાર પણ સળગી ગઈ હતી. સોસાયટીના સભ્યોએ ફાયરબ્રિગેડને બોલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટના અંગે મનીષ કારડાએ હિમાંપુ ઉર્ફે હેરી અને વિવેક કેવલાણી વિરૂદ્ધ વારસીયા પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

# નવા સ્વિમિંગ પુલ બનવાથી 10 લાખ લોકોને ફાયદો:વડોદરા કોર્પોરેશન

## અકોટા-માંજલપુરમાં 24 કરોડના ખર્ચે મેઇન-બેબી સ્વિમિંગ પુલ બનાવશે

વડોદરા, તા.25

વડોદરા મહાનગરપાલિકા હાલના સ્વિમિંગ પુલોને યોગ્ય રીતે મેન્ટેન કરી શકતું નથી, ત્યારે બીજી તરફ હવે પાલિકા શહેરના અકોટા અને માંજલપુર વિસ્તારમાં મોટા લોકો અને બાળકો માટે સ્વિમિંગ પુલો બનાવવા માટે સ્થાઈ સમિતિમાં દરખાસ્ત લાવવામાં આવી છે. આ સ્વિમિંગ પુલો રૂપિયા 24 કરોડ ઉપરાંતના ખર્ચે બનાવવામાં આવશે.



વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિમા મંજૂરી માટે આવેલી દરખાસ્તો મુજબ શહેરના પશ્ચિમ ઝોનમાં અકોટા તથા તેની આજુબાજુના આશરે 4.50 લાખ લોકોને સ્વિમિંગ પુલની સુવિધા મળી રહે તે આશયથી સ્થાઈસમિતિમાં દરખાસ્ત લાવવામાં આવી છે. અકોટા વિસ્તારમાં કુલ 23202 ચો.મી. પ્લોટ એરીયા પૈકી 7 હજાર ચો.મી.માં સ્વિમિંગ પુલ તથા 151 ચો.મી.માં બેબી સ્વિમિંગ પુલ તથા બાકીના એરીયામાં રોડ તથા પાર્કિંગ સહ નવીન સ્વિમિંગ પુલ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના દક્ષિણ ઝોનમાં માંજલપુર તથા તેની આજુબાજુના આશરે 5 લાખ લોકોને સ્વિમિંગ પુલની સુવિધા મળી રહે તે હેતુસર દક્ષિણ ઝોનમાં આવેલ માંજલપુર સ્મશાનની સામે નવીન સ્વિમિંગ પુલ બનાવવાનું આયોજન કરેલ છે. વડોદરા શહેરમા દક્ષિણ ઝોનમાં આવેલ માંજલપુર સ્મશાનની સામે આવેલી 13366 ચો.મી. પૈકી 6462.95 ચો.મી.માં નવિન સ્વિમિંગપુલ બનાવવાનું આયોજન કરેલ છે.

પશ્ચિમ અને દક્ષિણ ઝોનમાં બનનાર સ્વિમિંગ પુલો સ્વર્ણિમ ગ્રાન્ટ વર્ષ 2023-24 માં કરવામાં આવેલ છે. આ બંને ઝોનમાં બનનાર સ્વિમિંગ પુલોમાં ટ્રેનર રૂમ, સ્ટોરરૂમ, એડમીન ઓફિસ. લેડીઝ લોકરરૂમ, ચેન્જજીંગ રૂમ, જેન્ટસ લોકરરૂમ, ચેન્જીંગ રૂમ, લેડીઝ તથા જેન્ટસ શાવર એરિયા, પમ્પ રૂમ, ફિલ્ટર પ્લાન્ટ, યોગ અને મેડીટેશન સેન્ટર, જીમ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# ચાલુ ટ્રેનમાં નિવૃત PI ઉપર હુમલો કરનાર આરોપીની ધરપકડ

## અમદાવાદ કોર્ટ મુદતે જતા સમયે ધુમ્રપાન કરવા બાબતે બોલાચાલી થતા આગ ઓલવવાની બોટલ અને ઢીંકા-પાટુનો માર મારી મોબાઈલની લૂંટ ચલાવી હતી

રાજકોટ, તા.25

રાજકોટ નજીક ચાલુ ટ્રેનમાં નિવૃત પીઆઇ સાથે લૂંટની ઘટના સામે આવતા ગણતરીની કલાકમાં પોલીસે આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં અગાઉ ફરજ બજાવી ચૂકેલા ધર્મેન્દ્રસિંહ જાડેજા ગઈકાલે સવારે કોર્ટ મુદતે જામનગરથી અમદાવાદ જવા વડોદરા જતી ઈન્ટરસિટીમાં બેઠા હતા. દરમિયાન હાપાથી ટ્રેન નીકળી અને જામવંથલી નજીક પહોંચતા ચાલુ ટ્રેનમાં તેમના પર મોઢે રૂમાલ બાંધેલા હિન્દીભાષી શખ્સે ધુમ્રપાન કરવા જેવી બાબતે બોલાચાલી કરી બાદમાં હુમલો કરી ઢીકાપાટુ તેમજ ટ્રેનમાં રખાયેલા આગ ઓલવવાના લોખંડના બાટલાથી બેફામ માર મારી લોહીલુહાણ કરી નાંખી તેમની પાસેના બે મોબાઈલ ફોન લૂંટી લેતાં રેલ્વે પોલીસની ટીમે તપાસ શરૂ કરી હુમલાખોરને સકંજામાં લઈ



વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે હુમલામાં ગંભીર ઈજા પામનારા નિવૃત પીઆઈને સારવાર માટે રાજકોટ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

જામનગરમાં જી.જી.હોસ્પિટલ પાસે રહેતાં ધર્મેન્દ્રસિંહ અનોપસિંહ જાડેજા (ઉ.વ.77) જામનગર-વડોદરા ઈન્ટરસીટી ટ્રેનમાં બેસી ગઈકાલે વહેલી સવારે જામનગરથી અમદાવાદ જવા નીકળ્યા હતા ત્યારે 5 વાગ્યે ટ્રેન હાપાથી ઉપડી પડધરી પહોંચે તે પહેલા ચાલુ ટ્રેનમાં ધર્મેન્દ્રસિંહ પર અજાણ્યા શખ્સે હુમલો કરી ઢીકાપાટુનો માર મારી તેમજ ટ્રેનમાં રખાયેલા આગ ઓલવવાના બાટલા વડે માથા-મોઢા પર બેફામ માર મારતાં લોહીલુહાણ થઈ ગયા હતાં. દરમિયાન ટ્રેન રાજકોટ સ્ટેશન આવી ત્યારે ધર્મેન્દ્રસિંહને લોહી નીકળતી હાલતમાં ટ્રેનમાંથી બહાર આવતાં લોકો એકઠા થઈ ગયા હતાં અને 108 મારફત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

ધર્મેન્દ્રસિંહ જાડેજાની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતુ કે તેઓ અગાઉ અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં ફરજ બજાવતા હતા. અઢાર વર્ષથી નિવૃત છે, ગઈકાલે અમદાવાદ કોર્ટમાં મુદત હોવાથી જામનગરથી ટ્રેનમાં બેઠા હતા. આ ટ્રેન ધ્રોલ-પડધરી વચ્ચે સવારે પાંચેક વાગ્યે પહોંચી ત્યારે ટ્રેનના ડબ્બામાં તેઓ એકલા જ હતા. આ વખતે હિન્દીભાષી શખ્સ મોઢે રૂમાલ બાંધી આવી ધૂમ્રપાન કરવા જેવી નજીવી બાબતમાં બોલાચાલી કરી માથાકુટ કરી મારકુટ ચાલુ કરી હતી અને લૂંટનો પ્રયાસ કર્યો હતો. નિવૃત પીઆઈએ પ્રતિકાર કરતાં આરોપીએ ઢીકા-પાટુ માર્યા હતાં અને બાદમાં ટ્રેનમાં ફાયર સેફટી માટે રખાયેલો લોખંડનો બાટલો કાઢીને તેનાથી બેફામ માર માર્યો હતો.

આરોપી રિવોલ્વરનું ખાલી કવર તેમજ બે મોબાઈલ ફોન લૂંટી નાસી ગયો હતો. દરમિયાન રાજકોટ જામનગર અને સુરેન્દ્રનગર જિલ્લાની રેલવે પોલીસે તપાસ શરૂ કરી હતી અને ફરિયાદી નિવૃત પીઆઈના મોબાઈલ ફોનની લૂંટ ચલાવ્યા બાદ તે ફોનનું લોકેશન ઓન આવતા ટેક્નિકલ સોર્સીસની મદદથી આરોપી નિશાનસીંગ ગુલઝારસિંગ (ઉ.વ.39)ને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી છે. આરોપી મૂળ પંજાબની રહેવાસી છે અને જામનગર નોકરીની શોધમાં આવ્યો હતો. જો કે નોકરી ન મળતા રૂપિયા ન હોવાથી ટ્રેન મારફત પરત ઘરે જતો હતો, દરમિયાન ફરિયાદી અને આરોપી વચ્ચે બોલાચાલી થતા માર મારી લૂંટ ચલાવી હતી.

# 20 લોકોનું ટોળું પાઈપ-લાકડીથી યુવક પર તૂટી પડયું : પીડિતે કહ્યું, માર ખાધા બાદ મને કલાકો પોલીસ સ્ટેશનમાં બેસાડી રાખ્યો

સુરત, તા.25

સુરત શહેરના સચિન GIDC વિસ્તારમાં ફરી એકવાર લુખ્ખા તત્વો બેફામ બન્યા છે. તલંગપુર રોડ પર આવેલી શિવાંજલી સોસાયટીમાં ગત 22 ડિસેમ્બરના રોજ બપોરે 1:00 વાગ્યાની આસપાસ એક હચમચાવી દે તેવી ઘટના બની હતી. જૂની અદાવતનો ખાર રાખીને અંકુરસિંહ નામના કામદાર યુવક પર 15થી 20 જેટલા શખ્સોએ લાકડાના દંડા અને પાઈપ વડે હુમલો કરી તેને લોહીલુહાણ કરી નાખ્યો હતો.

સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે, અંકુરસિંહ સોસાયટીમાં શાંતિથી બેઠો હતો, ત્યારે અચાનક લાકડાના દંડાથી સજ્જ 15થી 20 જેટલા યુવાનોનું ટોળું તેના પર ત્રાટકે છે. અંકુરસિંહને કઈ સમજાય તે પહેલા જ આરોપીઓ તેના પર તૂટી પડે છે અને એક પછી એક લાકડીઓના ફટકા મારવા લાગે છે. હુમલો એટલો ગંભીર હતો કે અંકુરસિંહનો મોબાઈલ ફોન પણ તોડી નાખવામાં આવ્યો હતો જેથી તે કોઈને મદદ માટે ફોન ન કરી શકે.

ફરીયાદીનો આક્ષેપ છે કે ઘટના 22 ડિસેમ્બરની છે અને ફરિયાદ



24 ડિસેમ્બરના રોજ દાખલ કરવામાં આવી છે. આ ઘટનામાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે ભોગ બનનાર અંકુરસિંહે સચિન GIDC પોલીસ પર ગંભીર આક્ષેપો કર્યા છે.

પોલીસ તપાસમાં મળેલી વિગતો મુજબ, અંકુરસિંહ અને હુમલાખોરો વચ્ચે અગાઉ સામાન્ય વાતમાં અડફેટે આવી જવાથી કે હાથ અડી જવાથી બોલાચાલી થઈ હતી. આ સામાન્ય ઘટનામાં બંને પક્ષોએ એકબીજાને અપશબ્દો બોલ્યા હતા. આ નાની અમથી વાતનો ખાર રાખીને હુમલાખોરોએ અંકુરસિંહને એકલો જોઈ તેના પર ઘાતકી હુમલો કરવાનું કાવતરું ઘડ્યું હતું.

બીજી તરફ, સચિન GIDC પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર કુલદીપ સિંહ ગોહિલે આ આરોપોને નકારી કાઢ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ ઘટના જૂની અદાવતમાં બની છે અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દિવસ દહાડે બનેલી આ ઘટનાને પગલે શિવાંજલી સોસાયટી અને આસપાસના વિસ્તારના કામદારોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. અસામાજિક તત્વોને પોલીસનો જરા પણ ડર ન હોય તેમ ખુલ્લેઆમ હથિયારો સાથે હુમલો કરતા સચિન GIDCમાં કાયદો-વ્યવસ્થા સામે પ્રશ્નાર્થ ચિન્હ ઉભું થયું છે.

# નલિયામાં 1.7 ડિગ્રી પારો ગગડીને 10.3 તાપમાન નોંધાયું : જાન્યુઆરીની શરૂઆતમાં હાડ થીજવતી ઠંડી પડવાનું અનુમાન

ગાંધીનગર, તા.25

રાજ્યમાં મિશ્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ ઠંડી નલિયામાં નોંધાઈ હતી. નલિયામાં લઘુત્તમ તાપમાનમાં 1.7 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈને 10.3 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. નલિયા બાદ ડીસામાં 3 ડીગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈને 13.1 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પવનની દિશા બદલાતા રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે.

વહેલી સવારે હળવા ધુમ્મસની



અસર જોવા મળી શકે છે, જે વિસીબીલીટીમાં ઘટાડો થઈ શકે છે. IMD મુજબ આગામી 7 દિવસ સુધી વાતાવરણ સંપૂર્ણ સુકું રહેશે. 29થી 31 ડિસેમ્બર દરમિયાન એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાની સંભાવના છે, જેની અસર જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં જોવા મળી શકે છે. જાન્યુઆરી મહિનામાં ઠંડીનો નવો રાઉન્ડ આવવાની શક્યતા છે. ખાસ કરીને જાન્યુઆરીની શરૂઆતમાં હાડ થીજવતી ઠંડી પડવાનું અનુમાન છે. ઉત્તર-પૂર્વીય ઠંડા પવનો ફૂંકાવાને કારણે ઠંડીમાં વધારો થશે.

અમદાવાદમાં 16.4 ડિગ્રી સેલ્સિયસ ભાવનગરમાં 15.8 ડિગ્રી સેલ્સિયસ ભુજમાં 13.8 ડિગ્રી સેલ્સિયસ ડીસામાં 13.1 ડિગ્રી સેલ્સિયસ દીવમાં 16.4 ડિગ્રી સેલ્સિયસ દ્વારકામાં 18.1 ડિગ્રી સેલ્સિયસ કંડલામાં 15.6 ડિગ્રી સેલ્સિયસ નલિયામાં 10.3 ડિગ્રી સેલ્સિયસ ઓખામાં 20.9 ડિગ્રી સેલ્સિયસ પોરબંદરમાં 15.4 ડિગ્રી સેલ્સિયસ રાજકોટમાં 14.2 ડિગ્રી સેલ્સિયસ સુરતમાં 18.2 ડિગ્રી સેલ્સિયસ અને વેરાવળમાં 18.5 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

# વડોદરા NH-48 પર કારચાલકે દાદી-પૌત્રને ઉડાવ્યાં, બંનેનાં મોત

વડોદરા, તા.25

વડોદરા નેશનલ હાઈવે-48 પર એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો, જેમાં એક બેફામ કારચાલકે રોડ ક્રોસ કરી રહેલાં દાદી અને પૌત્રને જોરદાર ટક્કર મારી ઉડાવ્યાં હતાં. આ ગમખ્વાર અકસ્માતમાં બંનેનાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં છે. મળતી માહિતી મુજબ, દાદી અને પૌત્ર પોતાના ગામડેથી શહેરમાં રહેતા દીકરાના ઘરે આવી રહ્યાં હતાં, એ દરમિયાન હાઈવે ઓળંગતી વખતે કાળમુખી કારે તેમને અડફેટે લીધાં હતાં. એકસાથે બે સ્વજનો ગુમાવતાં પરિવારમાં ભારે આક્રંદ છવાઈ ગયો છે અને પરિવારે અકસ્માત સર્જનાર કારચાલક વિરુદ્ધ કડક પગલાં ભરી ન્યાય અપાવવાની માગ કરી છે. આ બનાવને લઈ કપૂરાઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. વડોદરા શહેરના બાપોદ વુડાના મકાનમાં રહેતા અને મૂળ પંચમહાલના શનાભાઈ સોલંકીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની માતા હરખાબેન પ્રભાતભાઈ સોલંકી (ઉંમર વર્ષ 70) અને દીકરો વનરાજ સોલંકી (ઉંમર વર્ષ 10, મૂળ નિશાળ ફળિયું, વાછાવડ કલોલ પંચમહાલ) ગામડેથી મારા ઘરે બાપોદ વુડાના મકાનમાં આવતાં હતાં એ દરમિયાન આ રોડ ક્રોસ કરતા સમયે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં બંનેનાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતાં. આ ગંભીર અકસ્માત કપૂરાઈ પોલીસે મથક હદ વિસ્તારમાં આવેલા નેશનલ હાઈવે 48 આજવા ચોકડીથી વાઘોડિયા તરફ પ્રિયંકાનગર ઝૂંપડપટ્ટી આગળ તક્ષ્ય ગેલેક્સી મોલ પહેલાં સર્જાયો હતો. આ અકસ્માતમાં તેઓ રોડ ક્રોસ કરતાં હતાં એ દરમિયાન ફોર-વ્હીલર ચાલકે ટક્કર મારતાં દાદી અને પૌત્ર બંને ફંગોળાયાં હતાં. ગંભીર ઈજાઓને લઈ તેમનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. અકસ્માત સર્જનાર કારચાલકને પોલીસે રાઉન્ડ અપ કર્યો હોવાની માહિતી સામે આવી છે અને આ મામલે કપૂરાઈ પોલીસે અકસ્માતે મોત અંગેનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે મૃતક બાળક વનરાજ સોલંકીનાં પિતા અને માતા હરખાબેનના પુત્ર શનાભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે મારાં મમ્મી ગામડેથી મારા બાપોદના વુડાના મકાનમાં રહેવા માટે આવી રહ્યાં હતાં એ દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો.

# ખટોદરામાં રસ્તા પર 'બાંગ્લાદેશ મુર્દાબાદ'ના બેનરો સાથે ઉગ્ર દેખાવો

સુરત, તા.25

બાંગ્લાદેશમાં હાલમાં પ્રવર્તી રહેલી અરાજકતા અને હિંસાની જ્વાળાઓ હવે ભારત સુધી પહોંચી છે. ખાસ કરીને બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાયના દીપુ ચંદ્રદાસની કરવામાં આવેલી નિર્મમ હત્યાના સમાચાર વાયુવેગે ફેલાતા સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ડાયમંડ સિટી સુરતમાં પણ આ ઘટનાને લઈને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં લોકોએ રસ્તા પર ઉતરીને અને બેનરો પ્રદર્શિત કરીને પોતાનો વિરોધ નોંધાવ્યો છે.

સુરતના અનેક વિસ્તારોમાં ‘બાંગ્લાદેશ મુર્દાબાદ‘ લખેલા બેનરો અને પોસ્ટરો લગાવવામાં



આવ્યા છે. આંતરિક વિરોધ પ્રદર્શિત કરતા આ બેનરો દ્વારા નાગરિકોએ પોતાની નારાજગી વ્યક્ત કરી છે. ખાસ કરીને યુવા વર્ગમાં આ ઘટનાને લઈને ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશો અને હિન્દુ સમર્થક સંગઠનોએ એકઠા થઈને દીપુ ચંદ્રદાસની હત્યાને વખોડી કાઢી છે અને માંગ કરી છે કે આ પ્રકારના અત્યાચારો હવે સહન કરવામાં નહીં આવે.

વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા સ્થાનિક નાગરિક સુરેશભાઈએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, આ વિરોધ આપણો એટલે છે કે આજે દુનિયાના ઘણા ભાગોમાં હિન્દુ સુરક્ષિત નથી. જ્યાં પણ હિન્દુઓને સુરક્ષા નથી મળી રહી, તેની સામે આ અવાજ ઉઠાવવામાં આવ્યો છે. બાંગ્લાદેશ હોય કે પાકિસ્તાન, આવા વિધર્મી દેશોમાં જે રીતે હિન્દુઓ પર અત્યાચાર થઈ રહ્યા છે, તેની સામે જ અમે આ પોસ્ટરો લગાવીને વિરોધ કરી રહ્યા છીએ. અમે ઈચ્છીએ છીએ કે દરેક હિન્દુ સુરક્ષિત રહે.

પુરુષોત્તમ શર્મા નામના અન્ય એક નાગરિકે ભારત સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે ન્યાયની માગ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, હું ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિનંતી અને આગ્રહ કરું છું કે બાંગ્લાદેશની સરકાર પાસે આ બાબતે યોગ્ય જવાબ માંગવામાં આવે. દીપુ દાસની જે રીતે ક્રૂર હત્યા કરવામાં આવી છે, તે માફીને પાત્ર નથી. ભારત સરકારે આ બાબતે તાત્કાલિક અને સખત પગલાં ભરવા જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ પણ દેશમાં હિન્દુઓ પર આવા અત્યાચાર કરવાની કોઈ હિંમત ન કરે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૮

# ખાલિદા ઝિયાના પુત્ર 17 વર્ષ બાદ બાંગ્લાદેશ પરત ફર્યા

## ઢાકા એરપોર્ટ પર 1 લાખ કાર્યકર્તાઓ એકઠા થયા, શેખ હસીના વિશે એક પણ શબ્દ બોલ્યા નહીં





**ઢાકા, તા.25**

બાંગ્લાદેશનાં પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાના પુત્ર તારિક રહેમાન 17 વર્ષ બાદ સ્વદેશ પરત ફર્યા છે. તેઓ ધરપકડથી બચવા માટે વર્ષ 2008માં લંડન ભાગી ગયા હતા. તે સમયે શેખ હસીનાની સરકારમાં તેમની વિરુદ્ધ ભ્રષ્ટાચારના અનેક કેસ ચાલી રહ્યા હતા.

તારિકના સ્વાગત માટે તેમની પાર્ટી BNP (બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી)ના 1 લાખથી વધુ કાર્યકર્તાઓ ઉમટી પડ્યા હતા. ઢાકા એરપોર્ટથી લઈને 300 ફીટ રોડ સુધી ભવ્ય રોડ શો યોજાયો હતો. આ 13 કિલોમીટર લાંબો રસ્તો પસાર કરવામાં તેમને અંદાજે 3 કલાક જેટલો સમય લાગ્યો હતો.

300 ફીટ રોડ પર તારિક રહેમાને 17 મિનિટ સુધી ભાષણ આપ્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું કે, 'અમે દેશમાં શાંતિ સ્થાપિત કરીશું અને નવું બાંગ્લાદેશ બનાવીશું.' જોકે, આશ્ચર્યની વાત એ રહી કે તેમણે પોતાના સંબોધનમાં શેખ હસીના વિશે એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહોતો.

બાંગ્લાદેશમાં આગામી વર્ષે 12 ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. ખાલિદા ઝિયાની નાદુરસ્ત તબિયતને કારણે એવું માનવામાં આવી રહ્યું છે કે તારિક રહેમાન આગામી વડાપ્રધાન પદના પ્રબળ દાવેદાર બની શકે છે. બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાની હાલત ગંભીર છે. 80 વર્ષીય ખાલિદા ઝિયા BNP (બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી)ના અધ્યક્ષ છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી લિવર, કિડની, ડાયાબિટીસ, ગઠિયા (સાંધાનો દુખાવો) અને આંખોની સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે.

23 નવેમ્બરના રોજ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને છાતીમાં ઈન્ફેક્શન થઈ ગયું હતું, જેની અસર તેમના હૃદય અને ફેફસાં પર પડી છે. તારિક રહેમાને પોતાના ભાષણમાં કહ્યું હતું કે, 'આજે બાંગ્લાદેશની જનતા બોલવાનો પોતાનો અધિકાર પાછો મેળવવા માગે છે.'

તેમણે આગળ વાત વધારતા કહ્યું હતું કે, 'હવે સમય આવી ગયો છે કે આપણે સૌએ સાથે મળીને દેશનું નિર્માણ કરવું જોઈએ. આ દેશ પહાડો અને મેદાનોમાં રહેતા તમામ લોકોનો છે, આ દેશ મુસ્લિમો, હિન્દુઓ, બૌદ્ધો અને ખ્રિસ્તીઓનો છે. અમે એક એવું સુરક્ષિત બાંગ્લાદેશ બનાવવા માગીએ છીએ, જ્યાં દરેક મહિલા, પુરુષ અને બાળક કોઈપણ ડર વગર સુરક્ષિત રીતે ઘરની બહાર નીકળી શકે અને પાછા ઘરે ફરી શકે.' પોતાના ભાષણમાં તારિક રહેમાને કહ્યું, 'આજે બાંગ્લાદેશના લોકો પોતાનો બોલવાનો અધિકાર પાછો મેળવવા માંગે છે.'

તારિકે કહ્યું, 'હવે સમય આવી ગયો છે કે આપણે બધા ભેગા થઈને આ દેશનું નિર્માણ કરીએ. આ દેશ પર્વતો અને મેદાનોના લોકોનો છે, મુસ્લિમો, હિન્દુઓ, બૌદ્ધો અને ખ્રિસ્તીઓનો છે.' અમે એક સુરક્ષિત બાંગ્લાદેશ બનાવવા માંગીએ છીએ, જ્યાં દરેક સ્ત્રી, પુરુષ અને બાળક સુરક્ષિત રીતે ઘરે પાછા ફરી શકે.'

## ઓસ્ટ્રેલિયામાં ફરી યહૂદીઓ પર હુમલો : મેલબોર્નમાં કારને સળગાવી દેવાનો પ્રયાસ, લોકો ભયભીત

**કેનબેરા, તા.25**




ક્રિસમસની સવાર પહેલા ઓસ્ટ્રેલિયામાં ફરી એકવાર એક યહૂદી વ્યક્તિ પર હુમલો થયો છે. મેલબોર્નમાં અસામાજિક તત્વોએ એક રબ્બીની કારને સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. ઓસ્ટ્રેલિયન સરકારે તેને કાર ફાયરબોમ્બિંગ ગણાવ્યું છે. વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝે આ ઘટનાને શંકાસ્પદ યહૂદી વિરોધી ગણાવી છે.

બોન્ડી બીચ પર થયેલા હુમલાના અગિયાર દિવસ પછી, ઓસ્ટ્રેલિયામાં યહૂદીઓને ફરીથી નિશાન બનાવવામાં આવ્યા છે. એક યહૂદી વિસ્તારમાં એક કાર પર ફાયરબોમ્બ ફેંકવામાં આવ્યો હતો. વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝે આ ઘટનાની નોંધ લીધી છે અને એજન્સીઓને કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો છે.

યહૂદી-વિરોધીવાદનો અર્થ યહૂદીઓ પ્રત્યે નફરત, પૂર્વગ્રહ, ભેદભાવ અથવા દુશ્મનાવટ થાય છે. તે એક જાતિવાદી વિચારધારા છે જે યહૂદીઓને નિશાન બનાવે છે, તેમને દોષીત ઠેરવે છે. તેમની સામે હિંસા, બહિષ્કાર અથવા કાવતરું ઘડે છે.

ઓસ્ટ્રેલિયન પોલીસનું કહેવું છે કે ક્રિસમસની સવાર પહેલા એક રબ્બીની કાર પર આગ લગાડનાર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. આ ઘટનામાં કારનો દરવાજો સળગી ગયો હોય તેવું લાગે છે. પોલીસે રબ્બીના પરિવારને બચાવી લીધો છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝે આ ઘટના પર દુખ વ્યક્ત કર્યું હતુ અને કહ્યું હતું કે બોન્ડી આતંકવાદી હુમલા બાદ ઓસ્ટ્રેલિયાનો યહૂદી સમુદાય શોકમાં છે. મેલબોર્નમાં કારમાં આગ લાગવાની ઘટના એ શંકાસ્પદ યહૂદી વિરોધી ભાવનાનું વધુ એક ભયાનક કૃત્ય છે. ફેડરલ સત્તાવાળાઓ મદદ કરવા તૈયાર છે. પીએમ અલ્બેનીઝે કહ્યું છે કે ઓસ્ટ્રેલિયામાં આવી નફરત માટે કોઈ સ્થાન નથી અને તે બંધ થવું જોઈએ. સેન્ટ કિલ્ડા ઈસ્ટમાં થયેલા યહૂદી વિરોધી હુમલાની પોલીસ તપાસ કરી રહી છે. ગુરુવારે સવારે લગભગ 2:50 વાગ્યે બાલાક્લાવા રોડ પર એક રબ્બીના ઘરના ડ્રાઇવ વેમાં પાર્ક કરેલી સિલ્વર સેડાન કારમાં આગ લગાવવામાં આવી હતી.

કારની ઉપર 'હેપ્પી હનુક્કાહ' લખેલું એક નાનું બોર્ડ લગાવવામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી, પરંતુ સાવચેતી રૂપે રબ્બીના પરિવારને બચાવી લેવામાં આવ્યો હતો.

## થાઈલેન્ડે કંબોડિયામાં ભગવાન વિષ્ણુની મૂર્તિ તોડી : બુલડોઝર ફેરવ્યું, ભારતે કહ્યું- આવાં કામ ન કરો, આ લોકોની આસ્થા પર હુમલો

**લાઓસ, તા.25**

થાઈલેન્ડ અને કંબોડિયાની બોર્ડર પર થાઈ સેનાએ ભગવાન વિષ્ણુની એક મૂર્તિ તોડી નાખી. એશિયાનેટ ન્યૂઝ રિપોર્ટ અનુસાર, થાઈ સૈનિકોએ બુલડોઝર ચલાવીને મૂર્તિને પાડી દીધી. ઘટના સોમવાર, 22 ડિસેમ્બરની જણાવવામાં આવી રહી છે. કંબોડિયાએ આ અંગે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે મૂર્તિ તેના વિસ્તારમાં હતી, જેને થાઈલેન્ડે ગેરકાયદે રીતે પાડી દીધી.

કંબોડિયાના પ્રીહ વિહાર પ્રાંતના સરકારી પ્રવક્તા કિમ ચાનપનહાએ કહ્યું હતું કે આ મૂર્તિને 2014માં થાઈલેન્ડની સીમાથી લગભગ 100 મીટર દૂર બનાવવામાં આવી હતી.



થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે છેલ્લા 6 મહિનાથી પ્રીહ વિહાર મંદિરના વિસ્તારને લઈને વિવાદ ચાલી રહ્યો છે. જૂનમાં બંને દેશો વચ્ચે યુદ્ધ પણ થયું હતું, જોકે ટ્રમ્પની મધ્યસ્થી પછી સીઝફાયર થઈ ગયું હતું, પરંતુ ડિસેમ્બરમાં ફરી એકવાર વિવાદ ભડકી ઊઠ્યો છે. અત્યારસુધી સંઘર્ષમાં 40થી વધુ લોકોનાં મોત થયાં છે, જ્યારે 10 લાખથી વધુ લોકોને સ્થળાંતર કરવું પડ્યું છે.

ભારતે મૂર્તિ તોડવાના સમાચારો પર ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મંગળવારે જણાવ્યું હતું કે ધાર્મિક પ્રતીકોનું અપમાન વિશ્વભરના શ્રદ્ધાળુઓની ભાવનાને ઠેસ પહોંચાડે છે અને આવાં કાર્યો ન થવાં જોઈએ. તેમણે જણાવ્યું હતું કે દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયામાં હિંદુ અને બૌદ્ધ દેવી-દેવતાઓને લોકો ઊંડી શ્રદ્ધાથી પૂજે છે. આ ધાર્મિક પ્રતીકો આ સમગ્ર ક્ષેત્રના સહિયારા સાંસ્કૃતિક અને સભ્યતાગત વારસાનો ભાગ છે.

વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું હતું કે ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાને નુકસાન પહોંચાડવાથી મતભેદો વધે છે અને તણાવ વધુ ઊંડો બને છે. ભારતે થાઈલેન્ડ અને કંબોડિયાને અપીલ કરી છે કે તેઓ વાતચીત અને રાજદ્વારી માર્ગે પાછા ફરે, શાંતિ પુનઃસ્થાપિત કરે અને જાન-માલ તેમજ સાંસ્કૃતિક વારસાને વધુ નુકસાનથી બચાવે.

થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચેનો સીમા વિવાદ 118 વર્ષ જૂનો છે. એનું કેન્દ્ર પ્રીહ વિહાર અને તા મુએન થોમ જેવાં પ્રાચીન મંદિરો છે, જે બંને દેશોની સરહદની ખૂબ નજીક આવેલાં છે.

1907માં જ્યારે કંબોડિયા ફ્રાન્સના શાસન હેઠળ હતું ત્યારે બંને દેશો વચ્ચે 817 કિમી લાંબી સરહદ દોરવામાં આવી હતી. થાઈલેન્ડે એનો વિરોધ કર્યો, કારણ કે નકશામાં પ્રીહ વિહાર મંદિર કંબોડિયાના ભાગમાં દર્શાવવામાં આવ્યું હતું. તા મુએન થોમ મંદિર થાઈલેન્ડમાં દર્શાવવામાં આવ્યું, જેને કંબોડિયા પોતાનું માને છે.

આ વિવાદ 1959માં ઈન્ટરનેશનલ કોર્ટ સુધી પહોંચ્યો. 1962માં અદાલતે પ્રીહ વિહાર મંદિરને કંબોડિયાનો ભાગ માન્યું. થાઈલેન્ડે આ નિર્ણય સ્વીકાર્યો, પરંતુ આસપાસની જમીન પર દાવો આજે પણ ચાલુ છે.

ઐતિહાસિક રીતે પણ ખ્મેર સામ્રાજ્ય (કંબોડિયા) અને સિયામ સામ્રાજ્ય (થાઈલેન્ડ) વચ્ચે સીમાઓ અને પ્રભાવ ક્ષેત્રને લઈને સંઘર્ષ લાંબા સમય સુધી ચાલતો રહ્યો છે, જેની અસર આજ સુધી દેખાય છે.

બંને દેશોની સેનાઓ વચ્ચે 28 મેના રોજ એમરૉલ્ડ ટ્રાયેંગલ પર અથડામણ થઈ હતી, જેમાં એક કંબોડિયન સૈનિકનું મોત થયું હતું. આ એ જગ્યા છે, જ્યાં થાઈલેન્ડ, કંબોડિયા અને લાઓસની સરહદો મળે છે. થાઈલેન્ડ અને કંબોડિયા બંને આ વિસ્તાર પર દાવો કરે છે.

કંબોડિયન સેના અનુસાર, થાઈ સૈનિકોએ સરહદી વિસ્તાર નજીક તા મુએન થૉમ મંદિરને ઘેરીને એની આસપાસ કાંટાળા તાર લગાવી દીધા હતા. આ પછી થાઈ સૈનિકોએ ડ્રોન છોડ્યું અને હવાઈ ફાયરિંગ કર્યું.

જ્યારે થાઈ સેના અનુસાર, પહેલા કંબોડિયન સૈનિકોએ સંઘર્ષ શરૂ કર્યો. થાઈલેન્ડે વાતચીત દ્વારા તણાવ ઓછો કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ જ્યારે વાત ન બની ત્યારે ગોળીબાર શરૂ થઈ ગયો.

પ્રીહ વિહિયર મંદિર પર બંને દેશો વચ્ચે વિવાદ વધુ છે. થાઈલેન્ડ આ મંદિર પર નિયંત્રણ મેળવવાના પ્રયાસમાં સતત લાગેલું રહ્યું, જેના પછી 1959માં કંબોડિયા આ મામલો આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં લઈ ગયું. વર્ષ 1962માં અદાલતે ચુકાદો આપ્યો કે મંદિર કંબોડિયાનું છે. કોર્ટે થાઈલેન્ડને તેના સૈનિકો હટાવવાનો આદેશ આપ્યો. ત્યારે થાઈલેન્ડે એને સ્વીકાર્યું, પરંતુ આસપાસની જમીનને લઈને વિવાદ ચાલુ રાખ્યો. બંને દેશો વચ્ચે વિવાદ વધ્યા બાદ 15 જૂને થાઈલેન્ડનાં PM પાયતોંગતાર્ન શિનવાત્રાએ કંબોડિયાના નેતા હુન સેન સાથે ફોન પર વાતચીત કરી હતી. આ વાતચીતમાં તેમણે થાઈ સેનાના કમાન્ડરની ટીકા કરી હતી. તેને થાઈલેન્ડમાં ગંભીર મામલો માનવામાં આવે છે, કારણ કે ત્યાં સેનાનો ઘણો પ્રભાવ છે.

આ વાતચીત લીક થયા બાદ દેશભરમાં ગુસ્સો ફેલાઈ ગયો હતો. ત્યાર બાદ કોર્ટે PMને પદ પરથી હટાવી દીધા, જોકે પાયતોંગતાર્ને માફી માગતાં કહ્યું હતું કે તેમની ટિપ્પણી માત્ર વિવાદ ઉકેલવા માટે હતી, પરંતુ એનો કોઈ ફાયદો થયો નહીં.

## SoU જેવી વાજપેયી, શ્યામા પ્રસાદ ને પંડિત દીનદયાળની પ્રતિમા : લખનઉમાં રાષ્ટ્રીય પ્રેરણા સ્થળનું ઉદ્ઘાટન, PMએ કહ્યું- પહેલાં એક પરિવારની મૂર્તિઓની સ્થાપના થતી

**નવી દિલ્હી, તા.25**

PM નરેન્દ્ર મોદીએ ગુરુવારે લખનઉમાં 'રાષ્ટ્ર પ્રેરણા સ્થળ'નું ઉદ્ઘાટન કર્યું હતું. અહીં તેમણે જનસંઘના સ્થાપક ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી, પં. દીનદયાળ ઉપાધ્યાય અને અટલ બિહારી વાજપેયીની ભવ્ય પ્રતિમાઓનું અનાવરણ કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે પીએમ મોદીએ વિરોધપક્ષો પર પ્રહાર કરતાં કહ્યું હતું કે પહેલાં માત્ર એક જ પરિવારની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવતી હતી અને એક જ પરિવારનું ગૌરવગાન થતું હતું, પરંતુ આજે દરેક મહાન વિભૂતિને સન્માન મળી રહ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભાજપે દેશ માટે યોગદાન આપનારી દરેક વ્યક્તિનાં કાર્યને માન આપ્યું છે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું હતું કે આજે નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા દિલ્હીના કર્તવ્ય પથ પર શોભી રહી છે. આંદામાનમાં જ્યાં નેતાજીએ તિરંગો લહેરાવ્યો હતો




ત્યાં પણ તેમની પ્રતિમા સ્થાપિત છે. તેમણે આક્ષેપ કર્યો કે દિલ્હીના 'શાહી પરિવારે' અને ઉત્તરપ્રદેશમાં સપાએ બાબાસાહેબ આંબેડકરના વારસાને ભૂંસી નાખવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભાજપે એને જીવંત રાખ્યો છે.

આ પ્રેરણા સ્થળની વિશેષતાઓની વાત કરીએ તો... અહીં દીનદયાળ ઉપાધ્યાય, શ્યામા પ્રસાદ મુખર્જી અને અટલ બિહારી વાજપેયીની 65-65 ફૂટ ઊંચી મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી છે. દરેક પ્રતિમાનું વજન 42 ટન છે. આ પ્રેરણા સ્થળ 65 એકર વિસ્તારમાં 230 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે, જેનું નિર્માણ કાર્ય વર્ષ 2022માં શરૂ થયું હતું.

પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની 101મી જન્મજયંતી છે. આ પ્રસંગે દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય નેતાઓએ વાજપેયીને તેમની જન્મજયંતી પર 'સદૈવ અટલ' સ્મારક પર શ્રદ્ધાંજલિ આપી. ભાજપ દેશભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે. PM નરેન્દ્ર મોદી આજે લખનઉમાં 'રાષ્ટ્ર પ્રેરણા સ્થળ'નું ઉદ્ઘાટન કર્યું.

દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય નેતાઓએ આજે ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને તેમની જન્મજયંતી પર 'સદૈવ અટલ' સ્મારક પર શ્રદ્ધાંજલિ આપી.

અટલજીની સાથે, ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયની ભવ્ય કાંસ્ય પ્રતિમાઓ પણ અહીં સ્થાપિત કરવામાં આવી છે. આ સ્થળ પર એક અત્યાધુનિક સંગ્રહાલય પણ બનાવવામાં આવ્યું છે, જે રાષ્ટ્ર નિર્માણના આ ત્રણ નેતાના યોગદાનને પ્રદર્શિત કરે છે.

## કર્ણાટકમાં સ્લીપર બસમાં આગ, 10 જીવતા ભૂંજાયા

### 30થી વધુ મુસાફરો સવાર હતા, પૂરપાટ ઝડપે આવતી ટ્રક ડિવાઇડર તોડીને બસ સાથે અથડાઈ, ખૌફનાક દૃશ્યો સર્જાયાં

**ચિત્રદુર્ગ, તા.25**

કર્ણાટકના ચિત્રદુર્ગમાં બુધવારે મોડીરાત્રે સ્લીપર બસમાં ટક્કર થયા બાદ આગ લાગી ગઈ હતી. આ અકસ્માતમાં બસમાં સવાર 10થી વધુ લોકો જીવતા ભૂંજાયા છે, જોકે, કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં આ આંકડો 12 અને 17 પણ બતાવવામાં આવી રહ્યો છે.

આ અકસ્માત NH-48 પર હિરિયુર તાલુકા પાસે થયો હતો. બસ બેંગલુરુથી ગોકર્ણ જઈ રહી હતી. રિપોર્ટ્સ અનુસાર, બસમાં 30થી વધુ મુસાફરો સવાર હતા. પીએમ મોદીએ આ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે. આ સાથે જ મૃતકોનાં પરિવારજનોને 2 લાખ રૂપિયા અને ઘાયલોને 50,000 રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

પોલીસનું કહેવું છે કે મોટા ભાગના મુસાફરોએ ટિકિટ ઓનલાઈન બુક કરી હતી, જેના કારણે પોલીસને તેમના ફોન નંબર મળી ગયા છે. તેમના પરિવારો સાથે સંપર્ક કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બળી



ગયેલા મૃતદેહોની ઓળખ માટે DNA ટેસ્ટ કરાવવામાં આવશે.

પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે રાત્રે 2:30 વાગ્યે એક પૂરપાટ ઝડપે આવતી ટ્રકે ડિવાઈડર તોડીને બીજી બાજુ જઈ રહેલી ખાનગી કંપની 'સીબર્ડ ટ્રાન્સપોર્ટ'ની બસને ટક્કર મારી હતી. બસમાં તરત જ આગ લાગી ગઈ હતી. એ સમયે મુસાફરો સૂઈ રહ્યા હતા, જેના કારણે તેમને બચવાની કોઈ તક મળી શકી નહોતી

ઈસ્ટ ઝોનના ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ રવિકાંત ગૌડાએ જણાવ્યું હતું કે બસના ડ્રાઈવર અને ક્લીનર બચી ગયા છે. મૃતકોમાં ટ્રકનો ડ્રાઈવર અને તેનો ક્લીનર સામેલ છે. ઘણા મુસાફરોએ બસમાંથી કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. ઘાયલ મુસાફરોને તુમકુરુ જિલ્લાના શિરાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બે મુસાફરની હાલત ગંભીર છે.

અકસ્માતના એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે તે એક સ્કૂલ બસમાં બેંગલુરુથી દાંડેલી જવા નીકળ્યો હતો, એ જ સમયે આ અકસ્માત થયો. ટ્રક અચાનક રોડની બીજી બાજુથી આવીને સ્લીપર બસ સાથે અથડાઈ. ત્યાર બાદ એ સ્કૂલ બસ સાથે પણ અથડાઈ હતી.

ટક્કર બાદ સ્લીપર બસની અંદર બેઠેલા મુસાફરો ચીસો પાડી રહ્યા હતા. ટ્રક બસની ડીઝલ ટેન્ક સાથે અથડાઈ હતી, જેના કારણે ધડાકો થયો અને બસમાં આગ લાગી ગઈ.

પોલીસનું કહેવું છે કે સ્કૂલ બસનો ડ્રાઈવર આ અકસ્માતનો એક મહત્ત્વપૂર્ણ પ્રત્યક્ષદર્શી સાક્ષી છે, જેનું નિવેદન નોંધવામાં આવશે.

## તંત્રી લેખ

# દિલ્હી રમખાણો : પેટ્રોલ પંપ સળગાવ્યાનાં 4 વર્ષ બાદ છુટકારો

પોલીસવાળા કહેતા હતા કે ગુનો કબૂલ કરી લો, નહીંતર એવો કેસ લગાવીશું કે ક્યારેય નિર્દોષ નહીં છૂટી શકો. પોલીસ સ્ટેશનમાં બહુ માર માર્યો. ત્રણ મહિના જેલમાં રહ્યો. બહાર આવ્યો તો પણ પોલીસે બહુ પરેશાન કર્યો. મને ગમે ત્યારે પોલીસ સ્ટેશન બોલાવી લેતા હતા, ત્યાં ખબર પડતી કે મારા પર એક નવો કેસ છે.' આ કહેતાં મોહમ્મદ ખાલિદનો અવાજ ભરાઈ આવે છે. ખાલિદ દિલ્હીના ચાંદ બાગમાં રહે છે. પોલીસે તેમને ફેબ્રુઆરી 2020માં થયેલાં રમખાણો દરમિયાન ભજનપુરામાં પેટ્રોલ પંપ સળગાવવાના મામલે આરોપી બનાવ્યા હતા. બાદમાં એક પછી એક 19 કેસમાં તેમનું નામ સામેલ કરી દીધું. 11 ડિસેમ્બરના રોજ દિલ્હીની કડકડડૂમા કોર્ટે ખાલિદ સહિત 5 આરોપીને નિર્દોષ જાહેર કર્યા. કોર્ટે કહ્યું કે પોલીસ તેમના વિરુદ્ધ કોઈ પુરાવા આપી શકી નથી. નિર્દોષ છૂટ્યા બાદ મોહમ્મદ ખાલિદ, અબ્દુલ સત્તાર અને હુનૈન સાથે વાત કરી. આ તમામની દિલ્હી રમખાણોના લગભગ એક વર્ષ બાદ ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર ભજનપુરા પેટ્રોલ પંપ પર હિંસા, આગજની, તોડફોડ અને પથ્થરમારો કરવાના આરોપો લાગ્યા હતા. અમે તેમના વકીલ પાસેથી પોલીસની કાર્યવાહી અને કોર્ટમાં ચાલેલા કેસ વિશે જાણ્યું.

પ્રથમ પાત્ર: મોહમ્મદ ખાલિદ

મોહમ્મદ ખાલિદ ઉત્તર-પૂર્વી દિલ્હીના ચાંદ બાગમાં સિલાઈનું કામ કરે છે. આ વિસ્તાર પણ રમખાણોની ઝપેટમાં આવ્યો હતો. 24 ફેબ્રુઆરી, 2020નો એક વીડિયો છે, જેમાં ભીડ પોલીસવાળાઓને ઘેરીને પથ્થર મારી રહી છે. મોહમ્મદ ખાલિદની પોલીસે દિલ્હી રમખાણોના લગભગ એક વર્ષ બાદ 11 જાન્યુઆરી, 2021ના રોજ ધરપકડ કરી હતી. ખાલિદ કહે છે, 'મારી ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસવાળા માર મારતા લઈ ગયા હતા. પોલીસ સ્ટેશનમાં પણ માર્યો. મને બોલતા રહ્યા કે હું આરોપ કબૂલ કરી લઉં, તો હું ત્રણ મહિનામાં બહાર નીકળી જઈશ. કસ્ટડીમાંથી બહાર આવ્યો, ત્યારે થોડા દિવસ પછી ફરી પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યો. પોલીસે મારી પાસે 50 કોરા કાગળ પર સહી કરાવી હતી. આ પછી મારા પર વધુ 19 કેસ દાખલ કરવામાં આવ્યા.' ખાલિદ પોતાના પર લાગેલા આરોપોને નકારે છે. તેઓ કહે છે કે કેસને કારણે કામ કરી શકતો નથી. મહિનામાં 15-16 વાર કોર્ટ જવું પડે છે. એકવાર આવવા-જવામાં 500 રૂપિયા ખર્ચ થાય છે.'

બીજું પાત્ર: અબ્દુલ સત્તાર

અબ્દુલ સત્તાર ચાંદ બાગમાં સમોસાં-કચોરીની દુકાન ચલાવે છે. સત્તારની કહાની પણ ખાલિદ જેવી જ છે. તેઓ કહે છે કે જામીન મળ્યા બાદ પોલીસે મારી પાસે કોરા કાગળ પર સહી કરાવી લીધી હતી. આ પછી એક પછી એક 20 કેસની ખબર પડી. સત્તાર કહે છે, 'મેં આ પહેલાં ક્યારેય પોલીસ સ્ટેશન અંદરથી જોયું નહોતું. પોલીસવાળાએ જેવું કહ્યું, મેં કરી દીધું. પ્રદર્શન થઈ રહ્યું હતું, તેથી ત્યાં ઘણા લોકો હતા. એમાં હું પણ હતો. હા, પેટ્રોલ પંપ પર થયેલી હિંસાના આરોપો ખોટા છે. હું ત્યાં ગયો પણ નહોતો. પોલીસવાળા જબરદસ્તી કબૂલ કરવાનું કહેતા હતા કે મેં રમખાણો ભડકાવ્યાં છે. અમારા વિરુદ્ધ કોઈ સાક્ષી નથી

# પરબ્રહ્મ પરમાત્મા વિશેની માહિતી કે જાણકારી મેળવી લેવાથી એની પ્રતિતિ થતી નથી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ક્રિશ્ચન લોકો ઈસુ ને ભગવાન તરીકે પૂજે છે, અને ક્રિશ્ચન સંપ્રદાયનો કોઈ પણ ફાંટો હોય ઈશ્વર તો એકજ છે,પણ આપણે ત્યાં એવું નથી. વૈદિક શાસ્ત્રોની રીતે જોઈએ તો આપણી પાસે આજે ખૂબ બધી ઈશ્વર કે પરબ્રહ્મ વિશેની માહિતી કે જાણકારી છે. ખૂબ મોટા મોટા વિદ્વાનો જ્યારે વેદ ઉપનિષદ કે ગીતાનાં શ્લોક કોટ કરી કરીને વાત કરતા હોય ત્યારે, આપણને એવું લાગે કે વાહ, કેટલું બધું જાણે છે કેટલું બધું જ્ઞાન છે! અને આપણે તેનાં પ્રભાવમાં આવી જઈએ છીએ! પણ એ તેનો અનુભવ હોવાથી આપણને સત્યનાં આનંદનો અનુભવ કરાવી શકે નહીં! તો બીજી બાજુ સાધુ સંતો પણ સમાજમાં પ્રવેશી ગયેલા દૂષણને દૂર કરવા ટેકનોલોજીનો સમન્વય કરતાં પણ શીખી ગયા છે, એટલે શાસ્ત્રને આધુનિક પેઢી સુધી પહોંચાડવાના તમામ પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ શાસ્ત્રની કે પરમશક્તિની જેટલી વ્યાપકતા છે, એટલો એનો પ્રયોગ થઈ રહ્યો નથી, કારણ કે એ દરેકનો અનુભવ નથી. આપણી માહિતી કે જાણકારી જ્યારે અનુભવ, અનૂભૂતિ, અને પ્રતિતિ, સુધી વિસ્તરે ત્યારે એ જ્ઞાન સિદ્ધ થાય છે. જ્યારે આપણે જ્ઞાન એટલે જ્ઞાત હોવું એટલો જ સિમિત અર્થ કરીને એની અધૂરી વ્યાખ્યા કરી. પહેલા આપણે બ્રહ્મની વ્યાપકતા ને જો સ્વીકારી લેવામાં આવે, તો બ્રહ્મજ્ઞાન મેળવવું કેટલું આસાન છે, પણ જાણકારી માત્રથી બ્રહ્મ જ્ઞાન સિદ્ધ થતું નથી,અને એમ જ હોય તો તો આજે સમાજની આવી હાલત ન્હોત! બધાં જ વિદ્વાન કે જ્ઞાની હોત! પણ નથી, કારણકે એ વાત માત્ર જાણકારી સુધી સિમિત છે. તો આજે આપણે આ માહિતી કે જાણકારી જ્ઞાન કંઈ રીતે બની શકે એ વિશે ચિંતન કરીશું. કોઈવાર અજાણ્યા રસ્તા પર બહુ દૂર સુધી બહાર ગયા હોઈએ, અને પાછા ફરતા અંધારું થઈ જાય, તો બહુ સ્વાભાવિક રીતે જ માર્ગની જાણકારી ન હોય એટલે ખાડા ટેકરા વગેરે આવે! પરંતુ બીજી વાર આપણે એ માર્ગે આવવાનું પસંદ કરતા નથી, અથવા તો તારવી તારવીને વાહન ચલાવીએએ છીએ! અને જો ધ્યાન ન આપીએ તો આપણે મૂર્ખ સાબિત થઈએ! આપણે આધુનિકતા નામે આવી ભૂલ વારંવાર કરીએ છીએ! જે આપણું નથી, આપણી માટે સાવ અજાણ્યું છે! એ એટલું બધું અવરોધક કે નુકસાન કર્તા હોવા છતાં અપનાવીએ છીએ, અને જે આપણી સંસ્કૃતિ છે એને ભૂલતા જઈએ છીએ. ક્રિસમસ એટલે ઈસુ ખ્રિસ્તના જન્મની વાત! અને એ એક મસીહા હતાં, એ રીતે એને યાદ કરી વંદન કરી લેવાં. આજની પેઢી આ બધું સહજતાથી સ્વીકારી રહી છે, જે સમાજ માટે એક લાલબત્તી સમાન છે! પણ એના મૂળમાં જોઈએ તો પાશ્ચર્ય સંસ્કૃતિમાં સ્વતંત્રતા એ એક બહુ મોટો ભાગ ભજવે છે, અને આજની પેઢીને એ જ આકર્ષે છે. એને સ્વતંત્રતા અને



સ્વચ્છંદતા વચ્ચેનો ભેદ સમજાવવો બહુ જરૂરી છે. આપણે ઉપર વાત કરી કે આપણી ઈશ્વર વિશેની કે પરબ્રહ્મ વિશેની માહિતી કે જાણકારી એ જ્ઞાન સિદ્ધ થતું નથી, કારણ કે એમાં જે તે વ્યક્તિનો અનુભવ, અનુભૂતિ, કે પ્રતીતિ જોડાયેલી હોતી નથી. આપણે ઈશ્વર રુપી સત્યને ત્રિપરિમાણીય રીતે સ્વીકાર્યું છે, એટલે વસ્તુ પદાર્થની સચ્ચાઈ જાણવા માટે અનુભવ થવો બહુ જરૂરી છે, જેમ કે આ આગ છે,અને એમાં હાથ નાખીએ એટલે દાઝી જવાય! લાગણી ના સ્તરે અનૂભૂતિ થવી જરૂરી છે, પ્રિય પાત્રનો સ્પર્શ થતાં હ્રદય પુલકિત થાય છે, અને ધબકારા વધી જતાં કે ઘટી જતાં અનુભવાય છે. કોઈ વાર ઝલક માત્ર થઈ જાય તો લાગણી ઉછાળા મારતી હોય એવું લાગે. ભાવ પૂર્તિ વગર પ્રતિતિ થતી નથી, જેમકે પાણી પીધા વગર તૃપ્તિ થતી નથી! બહુ ભૂખ લાગી હોય ત્યારે વ્યંજનની વાત કરવાથી કંઈ વળતું નથી, કંઈક ઠોસ ખાવું પડે ત્યારે ભાવ પૂર્તિ થાય! જમ્યા પછીનો ઓડકાર એ આપણી જમ્યાની પ્રતિતિ છે. જો એકવાર આ ત્રણેય સ્તરે આપણી સમજ વિસ્તરે તો એને તરત સ્વીકૃતિ મળી જાય, એટલે કે આપણે માની લઈએ, સ્વીકારી લઈએ કે હા હો! ઈશ્વર તો છે જ! પણ ત્યાં સુધી એ ઈશ્વર મંદિરની મૂર્તિ પૂરતો જ સીમિત રહે છે. પ્રથમ પગથિયે આપણે પરબ્રહ્મને બહારના વિશ્વમાં અનુભવીએ છીએ જેમકે પ્રકૃતિ! કીડીને કણ અને હાથીને મણ કોણ આપે છે?, સૂર્ય રોજ નિયત સમયે જ ઉદય અને અસ્ત પામે છે! પતંગિયાની પાંખમાં આટલા સૂક્ષ્મતમ રંગો કોણ પૂરે છે? ચોમાસામાં જ દેડકાનું ડ્રાઉં ડ્રાઉં શું કામ સંભળાય છે ? પંખીને પાંખ કોણ આપે છે? અને એને ઉડવાનું છે ચાલવાનું નથી એમ કોણ શીખવે છે? આમ ધીરેધીરે બાહ્ય પ્રકૃતિ માંથી આતંર પ્રકૃતિ તરફ જોવાનું છે,અને મને બાળક માંથી યુવાન કોણ બનાવે છે? સમયે સમયે કોણ ટકોર કરે છે! આગમાં હાથ નાંખતા કોણે રોકે છે? અને તરસ લાગી! ભૂખ લાગી! એવાં ભાવ કોણ કરાવે છે! અને પાણી પીવાથી ક્ષણિક તૃપ્તિનો એહસાસ કોણ કરાવે છે? કોઈ તો છે જ જે મને જગાડે છે અને સુવાડે પણ છે! ભલે સૂર્ય જેટલું નહીં પણ થોડુક અજવાળું તો ભીતરે ક્યાંક છુપાયું હોય એવો ભાસ કોણ કરાવે છે? તો આ રીતે ઈશ્વર એટલે કે પરબ્રહ્મ કે કોઈ તો પરમ શક્તિ છે! એવું સત્ય અનુભવાય તો આગળની યાત્રા શરૂ થાય,અને ઉપાસના કે સાધનાનાં મંડાણ શરું થાય! કે જ્યાં સાકાર કે સગુણ સ્વરૂપે પરબ્રહ્મ એટલે કે દ્વૈત સ્વરૂપે સમજાય! જ્યાં હું અને તું! મારું અસ્તિત્વ તારા થકી જ છે, અને મારામાં પણ તું છે, એટલે જ હું જીવંત છું! બસ એટલી સમજ! પણ હું પણું હોવાથી જાણતા હોવા છતાં એટલું સહજતાથી આ કહી શકાતું નથી. કોઈ વખત બહું મુશ્કેલીનાં સંજોગોમાં ઘેરાયાં હોઈએ, અને બચવાના કોઈ ચાન્સ ન હોય ત્યારે જો બચી જઈએ તો! કદાચ પહેલું પગથિયું સર થાય! એટલે ક્યારેક એવું પણ થાય કે ખરાબ અનુભવ પછી સમજાય! પરંતુ દુનિયાભરના ખરાબ અનુભવો થયા પછી પણ એ પરબ્રહ્મ અનુભવાય નહીં તો આપણી જિંદગી વ્યર્થ છે. પરબ્રહ્મ કે ઈશ્વરનાં અસ્તિત્વ આપણે સ્વીકારતા નથી એવું બિલકુલ નથી! આપણે સૌ સ્વીકારીએ છીએ કે ઈશ્વર છે. પરંતુ કાંતો કોઈ માંગણી માટે ઈશ્વરને યાદ કરીએ છીએ, અથવા તો કોઈ મુસીબત આવે ત્યારે એમાંથી સાંગો પાંગ બહાર નીકળવા માટે ઈશ્વરને આપણે યાદ કરતા હોઈએ છીએ! અથવા તો ભોગ મળતાં રહે અને આરામથી એને ભોગવતો રહું! એ માટે પરબ્રહ્મ ને યાદ કરાય છે, એટલે કે પ્રાર્થના કરીએ છીએ. ભોગી અને સંસારીની આ જ માનસિકતાને કારણે તેને ઈશ્વર પોતાની અંદર વસેલો હોવા છતાં અનુભવી શકાતો નથી. ખપ પડે એટલે ઘડીક તેને ભજી લઈએ, એટલે વાત પૂરી! કે પછી 'વખત સરે વૈદ્ય વેરી' એમ પાછાં હું થઈને ફરવા લાગીએ છીએ! સમજને લાગણીના સ્તરે લઈ જવા માટે એની સાથે એનું જોડાણ થવું બહુ જરૂરી છે. નાના હોઈએ ત્યારે પાટીમાં કક્કાનો 'ક' કે એકડો કરતા શીખીએ, તો પછી જીવનભર એ ભૂલાતો નથી. એમ અનુભવ ઘુટાંય તો કદાચ અનુભૂતિના સ્તર સુધી જઈ શકાય, અને પછી એ જોડાણ ક્યારેય છૂટતું નથી. આપણે સૌ અનુભવ, અનુભૂતિ, પ્રતીતિનાં ભાવને આત્મસાત કરી ઈશ્વર હોવાની સ્વીકૃતિની મહોર મારી દઈએ, કે જેથી કરીને આપણું સકળ અસ્તિત્વ પણ ફૂલ જેમ પુલકિત થઈ જાય, અને એની સુગંધ સમાજને આવું કરવા પ્રેરણા આપે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# લોકોમોટિવ શેડ સાબરમતીની નવીન પહેલ : ઇનોવેટિવ વેક્યૂમ આસિસ્ટેડ ટ્રેક ક્લીનિંગ ડિવાઇસ વિકસિત કરી



**અમદાવાદ, તા. 03**

ભારત સરકારની મેક ઈન ઈન્ડિયા પહેલ અંતર્ગત ભારતને ઉત્પાદન, ડિઝાઇન તથા નવીનતાનું વૈશ્વિક કેન્દ્ર બનાવવાના તથા આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ અનેક સુધારાઓ કરવામાં આવી રહ્યા છે. આ જ ક્રમમાં વિકસિત ભારતની સંકલ્પના અને સ્વચ્છતા હી સેવા અભિયાનને આગળ વધારતાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડલ સ્થિત લોકોમોટિવ શેડ સાબરમતી દ્વારા નવીનતા અને સ્વદેશી તકનીકી વિકાસના ક્ષેત્રમાં એક વધુ મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આવી છે. લોકો શેડ સાબરમતીની ટીમ દ્વારા ઈન-હાઉસ ના રૂપે એક વેક્યૂમ આસિસ્ટેડ ટ્રેક ક્લીનર (VAT ક્લીનર) નું સફળતાપૂર્વક ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપકરણ પર્યાવરણને અનુકૂળ અને કિફાયતી છે. આ ઈકો-ફ્રેન્ડલી અને કિફાયતી ડિવાઈસ એચ એચ પિ લોકોમોટિવના રેડિયેટર ફેનનો ઉપયોગ કરીને ઈન-હાઉસ બનાવવામાં આવ્યું છે, જેને એક ડીઝલ વર્કિંગ ટ્રોલી (DWT) પર વર્ટિકલ લગાવવામાં આવ્યું છે અને તે લોકોમોટિવમાંથી જ પાવર મેળવે છે. રેડિયેટર ફેન ચેમ્બર ખાસ ડિઝાઈન કરાયેલ કચરો એકત્રિત કરનારા ચેમ્બર સાથે જોડાયેલ છે, જેના કારણે રેલવે ટ્રેક અને આસપાસના વિસ્તારોમાંથી કચરો અસરકારક રીતે દૂર કરી શકાય છે. 1000 થી 1800 આરપીએમ ની ઉચ્ચ ગતિએ કાર્ય કરતું આ ઉપકરણ અસરકારક સક્શન પ્રદાન કરે છે. વૈટ ક્લીનરના સંચાલન માટે ડ્રાઈવર ડેસ્ક પર ઓન/ઓફ તેમજ વેરિએબલ સ્પીડ કંટ્રોલની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેથી ડ્રાઈવર પોતાની બેઠક પરથી જ સક્શન ક્ષમતાને નિયંત્રિત કરી શકે છે. 120 x 55 x 65 ઈંચ કદનું વિશાળ કચરો સંગ્રહ ચેમ્બર અને તેમાં લગાવેલી હેવી ડ્યૂટી નેટ બેગ કચરાના સંગ્રહ અને નિકાલને સરળ બનાવે છે. 200 મીમી વ્યાસની સક્શન હોઝ તથા મેકેનિકલ મૂવમેન્ટ વ્યવસ્થા દ્વારા એક જ ઓપરેટર દ્વારા ટ્રેક અને ટ્રેક સાઈડ વિસ્તારની સફાઈ શક્ય બને છે. આ ઉપકરણનું સંચાલન લોકોમોટિવની નિયંત્રણ પ્રણાલીથી સંપૂર્ણપણે સ્વતંત્ર છે, જેના કારણે સુરક્ષિત કામગીરી સુનિશ્ચિત થાય છે. સાથે સાથે, લોકોમોટિવ ગતિશીલ અવસ્થામાં હોવા છતાં પણ સફાઈ કાર્ય કરી શકાય છે.લોકો શેડ સાબરમતી દ્વારા વિકસાવેલી આ નવીન પહેલ માત્ર ટ્રેકની સ્વચ્છતા અને સુરક્ષાને મજબૂત બનાવે છે એટલું જ નહીં, પરંતુ પશ્ચિમ રેલવેની સ્વદેશી નવીનતા, સંસાધનોના અનુકૂળ અને સતત વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પણ સ્પષ્ટ દર્શાવે છે.

# માનવતાની પ્રગતિ અને વિકાસમાં અવરોધ ઉભો કરતી કોઈપણ પરંપરાનો ત્યાગ કરવો જોઈએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

અરવલ્લીની ગિરિમાળા અને ગીરના જંગલોને થયેલ અન્યાય ની ગૂંજ સમગ્ર દેશમાં હવે સાંભળવા મળતાં સરકારે કોર્ટની ટકોર બાદ નવા ખનનની મંજૂરી નહીં આપવાનો નિર્ણય કર્યો છે તો આ પહાડી અને જંગલો પૂછે છે કે જુના ચાલુ જ રહેશે ??નદીઓ તળાવો ખરાબા ગૌચરની જમીનમાં તો બધું બેફામ ચાલે છે.સરકાર અને તંત્ર બિચારું શું કરે?આ વાત સાથે આજના લેખની શરૂઆત પણ એવી જ કરવી છે અન્યાય થયો હોય ત્યારે ઉતાવળે મારામારી કરવી કે કરાવવી એ અવિચારી પગલું છે. કારણ કે તેમ કરવા જતાં વાતનું વતેસર થવાની શક્યતા રહે છે. અન્યાય થાય તો પહેલાં અન્યાયકર્તાનું ધ્યાન દોરવું જોઈએ. સમાધાનકારી વલણ અપનાવતાં પૈસા દ્વારા સમાધાન થઈ શક્તું હોય તો સ્વમાન ન ઘવાય તે રીતે પતાવટ કરવી જોઈએ. જેમ કે મિલકતની વહેંચણી, બે ભાઈઓ વચ્ચે ભાગને લગતા ઝઘડામાં ન્યાય અન્યાયના પ્રશ્ન હોય તો કોઈ ભાઈ અન્યાયી બની વધુ માગતો હોયતો અન્ય ભાઈએ પરિસ્થિતિ વણસતી બચાવવા તેને થોડો વધુ લાભ આપી શાન્ત કરવોજોઈએ. તેવુંજ અન્ય સંબંધોમાં પણ સગા સંબંધીઓ સાથેનાન્યાય-અન્યાય ના પ્રશ્નમાં તાકાતનોસહારોસર્વથા ટાળવો હિતાવહ છે.

દુર્યોધન અત્યાચારી અને જુલમી હતો.પરંતુ પાંડવોએ એના અત્યા ચારનો વિરોધ ના છૂટકે તાકાત અજમાવીને કર્યો. યુદ્ધ પહેલાં સમજૂતી માટે શ્રીકૃષ્ણ દુર્યોધન પાસે દૂત તરીકે ગયા અને મામલો પૈસાથી એટલે કે પાંડવોને માત્ર પાંચ ગામ આપવામાં આવે તો તે સ્વીકારવાની તૈયારી દર્શાવી. પણ દુર્યોધને એ ઉદાર પ્રસ્તાવને પણ ઠોકર મારી અને કૃષ્ણને કેદ કરવાનો નીચ પ્રયાસ કર્યો. ત્યારે શ્રીકૃષ્ણે તેવા અન્યાયને સહન કરવાને બદલે યુદ્ધની જાહેરાત કરી દીધી. એટલે અન્યાયકર્તા સામે દુર્બળ બનીને બેસી ન રહેવાય !

મતલબ નિર્ણયો હિંમત અને સ્વસ્થતાપૂર્વક કરવા જોઈએ. માણસ માનસિક સંતુલન ગુમાવી બેસે, વિવેકદ્રષ્ટિ ગુમાવી બેસે, દીર્ઘદ્રષ્ટિ ગુમાવી બેસે તો તેને અપેક્ષિત પરિણામ ન જ મળે એ સ્વાભાવિક છે.કોર્ટ કચેરીનો મામલો હોય ત્યાં પણ લડવા માટે હિંમત અને આત્મબળ તથા પૈસાની જરૂર પડે છે.પરંતુ ત્યાં જો માણસ વિરોધીને દાબવા બળ અજમાવે તો પરિસ્થિતિ પલટાઈ જાય અને અન્યાયનો વિરોધ કરવામાં બળ અજમાવવા જતાં પોતે જ પોલીસ કે અદાલત ની કાર્યવાહીનો ભોગ બની જાય. ક્યાં બળનો ઉપયોગ કરવો અને ક્યાં સહનશીલતા દાખવવી એની સમજણ કેળવવી જરૂરી છે.

અન્યાયને ચૂપચાપ સહન કરવો એ પણ એક અપરાધ જ છે. ગાંધીજીને રેલવેયાત્રા દરમિયાન ગોરા અધિકારીએ કરેલો અન્યાય એમણે ચૂપચાપ સહન કરી લીધો હોત તો તેઓ ભારતને આઝાદી અપાવવાનું નિમિત્ત બની શક્યા હોત ખરા ?એમણે ગોરા અધિ કારીને લાંચ આપવાનો અનુચિત વિચાર કર્યો હોત તો? અથવા ગોરા અધિકારી મારપીટ કરવાની કોશિષ કરી હોત તો? મતલબ કે ગાંધીજીએ અન્યાયના વિરોધમાં સત્યાગ્રહનો સહારો લીધો અને એ સત્યાગ્રહનો સહારો બ્રિટિશરો ને ભારતમાંથી જાકારો આપવાના



સાધન તરીકે હિંમતપૂર્વક ઉપયોગ માં લીધો.પરિણામે તેમનો પ્રયત્ન વિજયી બન્યો. ભગવદ્ ગીતાજ્ઞાન માં આગળ જોઈએ તો પરસ્ત્રીને જે માતા સમી ગણે છે, પરદુઃખે જે દુઃખી છે,અને પરસુખે જે સુખી છે અને જેને તમે પ્રાણ સમ પ્યારા છો,જેનાં માતાપિતા,સખા, સ્વામી અને ગુરુ તમે છો તેના મન મંદિરમાં પ્રભુ તમારો વાસ છેતે હું જાણું છું.તમે બે ભાઈઓ ને સીતાજી ત્રણે ત્યાં વસો!ભગવાનનો વાસ ભક્તોના અંતર માં છે.એ ભક્તોનાં લક્ષણો વાલ્મીકિએ અહીં બતાવ્યાં છે. આ લક્ષણો જેનામાં હોય તેની અંદર રામજી વસશે.પછી વાલ્મીકિ કહે છે,મહારાજ, તમે કહો છો,મને રહેવાની જગ્યા બતાવો. તો આપ ક્યાં નથી? તમારી આ લીલા છે. એટલે હું આપને સ્થાન બતાવું છું. ચિત્રકૂટ પર્વત ઉપર આપ બિરાજો!

ચિત્ત એ ચિત્રકૂટ છે. અંતઃકરણ પરમાત્મા સ્વરૂપનું સતત ધ્યાન કરે ત્યારે તેને ચિત્ત કહે છે.ચિંતન કરવું ચિત્તનો ધર્મ છે.નિશ્ચયકરવો એ બુદ્ધિનો ધર્મ છે,સંકલ્પ- વિકલ્પ કરવાએ મનનો ધર્મ છે. એક જ અંતઃકરણના આ ભેદો છે. આજ્ઞા નથી,પાપ થાય છે. અજ્ઞાન ચિત્તમાં છે અને ચિત્તમાં જો પરમાત્મા આવે તો જીવ કૃત કૃત્ય થાય છે.લક્ષ્મણ વૈરાગ્ય છે, સીતાજી પરાભક્તિનું સ્વરૂપ છે. રામએ પરમાત્મા છે. રઘુનાથજી મંદાકિનીના કિનારે પધાર્યા છે. અત્રિઋષિનો ત્યાં આશ્રમ છે. અત્રિઋષિ વયોવૃદ્ધ થયા હતા. તેનો ગંગાસ્નાનનો નિયમ હતો, પણ ગંગાસ્નાન માટે જઈ શકાતું નહોતું તેથી અનસૂયા એ ગંગાજી ને પ્રાર્થના કરી કે,તમે મારાઆશ્રમ માં પ્રગટ થાવ અને ગંગાજી ત્યાં પ્રગટ થયાંછે.તુલસી દાસજીને ચિત્રકૂટના ઘાટ પર રઘુનાથજીનાં દર્શન થયાં છે. તુલસીદાજી ચંદન ઘસે છે અને રામજી તિલક કરે છે પણ તુલસી દાસજીને ખબર નથી ત્યારે હનુમાનજી એમને એક દુહો બોલી ચેતવે છે.રામજી આપણા ચિત્તમાં આવે તો આપણોચિત્રકૂટ પવિત્ર થાય. રઘુનાથજી ચિત્રકૂટ આવ્યા છે તે ખબર પડતાં ભીલ, કિરાત વગેરે લોકો રામચંદ્રજીનાં દર્શન કરવા આવે છે.રામનાં દર્શન કરતાં જડચેતન બને છે. રામજીનાં દર્શન માત્રથી આ વનવાસીઓનો સ્વભાવ બદલાયો.તેઓનું જીવન સુધરી ગયું.તેઓ કહે છે, અહીંના વન,પહાડ,ગુફા અમારા જોયેલાં છે. આપ કહેશો ત્યાં તમને અમે લઈ જઈશું. અમે તમારા સેવકો છીએ .રોજ ઋષિમુનિઓભગવાન નાં દર્શન કરવા આવે છે. રામચરિત્રનો એક-એક અક્ષર મહા પાતકનો નાશ કરનાર છે. ચિત્ત એ ચિત્રકૂટ છે. અંતઃકરણ પરમાત્મા સ્વરૂપનું સતત ધ્યાન કરે ત્યારે તેને ચિત્ત કહે છે.ચિંતન કરવું ચિત્તનો ધર્મ છે.નિશ્ચયકરવો એ બુદ્ધિનો ધર્મ છે,સંકલ્પ- વિકલ્પ કરવાએ મનનો ધર્મ છે. એક જ અંતઃકરણના આ ભેદો છે. આજ્ઞા નથી,પાપ થાય છે. અજ્ઞાન ચિત્તમાં છે અને ચિત્તમાં જો પરમાત્મા આવે તો જીવ કૃત કૃત્ય થાય છે.લક્ષ્મણ વૈરાગ્ય છે, સીતાજી પરાભક્તિનું સ્વરૂપ છે. રામએ પરમાત્મા છે. રઘુનાથજી મંદાકિનીના કિનારે પધાર્યા છે. અત્રિઋષિનો ત્યાં આશ્રમ છે. અત્રિઋષિ વયોવૃદ્ધ થયા હતા. તેનો ગંગાસ્નાનનો નિયમ હતો, પણ ગંગાસ્નાન માટે જઈ શકાતું નહોતું તેથી અનસૂયા એ ગંગાજી ને પ્રાર્થના કરી કે,તમે મારાઆશ્રમ માં પ્રગટ થાવ અને ગંગાજી ત્યાં પ્રગટ થયાંછે.તુલસી દાસજીને ચિત્રકૂટના ઘાટ પર રઘુનાથજીનાં દર્શન થયાં છે. તુલસીદાજી ચંદન ઘસે છે અને રામજી તિલક કરે છે પણ તુલસી દાસજીને ખબર નથી ત્યારે હનુમાનજી એમને એક દુહો બોલી ચેતવે છે.રામજી આપણા ચિત્તમાં આવે તો આપણોચિત્રકૂટ પવિત્ર થાય. રઘુનાથજી ચિત્રકૂટ આવ્યા છે તે ખબર પડતાં ભીલ, કિરાત વગેરે લોકો રામચંદ્રજીનાં દર્શન કરવા આવે છે.રામનાં દર્શન કરતાં જડચેતન બને છે. રામજીનાં દર્શન માત્રથી આ વનવાસીઓનો સ્વભાવ બદલાયો.તેઓનું જીવન સુધરી ગયું.તેઓ કહે છે, અહીંના વન,પહાડ,ગુફા અમારા જોયેલાં છે. આપ કહેશો ત્યાં તમને અમે લઈ જઈશું. અમે તમારા સેવકો છીએ .રોજ ઋષિમુનિઓભગવાન નાં દર્શન કરવા આવે છે. રામચરિત્રનો એક-એક અક્ષર મહા પાતકનો નાશ કરનાર છે. આ તરફ મંત્રી સુમંત અયોધ્યા જાય છે. મંત્રી મૂંઝાય છે કે અયોધ્યાની પ્રજા પૂછશે કે, તમે રામને ક્યાં મૂકી આવ્યા? હું શું જવાબ આપીશ? મને લાગે છે કે, દશરથ રાજાના પ્રાણ ટકશે નહીં. અરે,આ મારા ઘોડાઓ પણ રામજીએ છોડયા છે ત્યારથી ખડ ખાતા નથી,પાણી પણ પીતાનથી. જેના વિયોગમાં પશુઓ વ્યાકુળ થાય તેનાં માતાપિતાને કેટલું દુઃખ થતું હશે? ચિંતાના આવા ભાર હેઠળ મંત્રીજીએ મધ્યરાત્રિએ અયોધ્યામાં પ્રવેશ કર્યો. વિચાર કર્યો કે મારે કોઈને મોઢું બતાવવું નથી. મંત્રી સુમંત કૈકેયી મહેલમાં આવ્યા ત્યાં મહારાજને ન જોતાં બોલવા લાગ્યા,મહારાજ ક્યાંછે? મહારાજ ક્યાં છે?એવું બનેલું કે રામજીએ વન તરફ પ્રયાણ કર્યું તે પછી દશરથજીને કૌશલ્યાના મહેલમાં લઈ જવામાં આવેલા. વાચક ચાહક મિત્રો ગઈકાલે તુલસી પૂજન નાતાલ સાથે કર્યું. આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

# ગાંધીનગર ખાતે સુશાસન દિવસની ઉજવણી

**અમદાવાદ, તા. 03**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આજે ગાંધીનગર ખાતે 'સુશાસન દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જે અન્વયે મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, નાગરિક દેવો ભવ:ના મંત્ર સાથે ગુજરાત અને કેન્દ્ર સરકાર અનેક પ્રજાલક્ષી કાર્યો કરી રહી છે. આજે પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈજીની જન્મ જયંતી નિમિત્તે 'સુશાસન દિવસ'ની સમગ્ર દેશમાં ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રવક્તા મંત્રી શ્રી વાઘાણીએ ઉમેર્યું કે, પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજી ગુડ ગવર્નંસના સ્થાપક હતા, જ્યારે હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેના પ્રણેતા છે. ગુડ ગવર્નંસ એ માત્ર એક દિવસ નહિ પરંતુ ૩૬૫ દિવસ ચાલતી સુવ્યવસ્થિત પ્રક્રિયા છે, તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું સ્પષ્ટ માનવું છે, જેને પરિપૂર્ણ કરવા ગુજરાત સરકાર સતત વિકાસ કાર્યો કરી રહી છે. જેના ભાગરૂપે આજે પેટ્રોકેમિકલ્સ અને એનર્જી વિભાગની વિવિધ પોલિસીની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત ટેકનોલોજી અને નોલેજ અંતર્ગત વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે MOU પણ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં નાગરિકો અને સરકાર વચ્ચે જોડાણ વધુ મજબુત બન્યું છે, તેમજ પ્રજામાં વ્યક્તિગત અને સામજિક બદલાવ પણ આવ્યો છે, જે સુશાસનનું ઉત્તમ ઉદાહરણ છે. શ્રી વાજપેયીજીના જન્મ શતાબ્દી મહોત્સવ પર સુશાસનને વધુ મજબૂત બનાવવા આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉત્તર પ્રદેશના લખનૌ ખાતે રાષ્ટ્રીય પ્રેરણા સ્થળનું લોકર્પણ કરવામાં આવ્યું છે. સુશાસન દિવસ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા નવા પ્રકલ્પોના લૉન્ચિંગ વિશે વિગતો આપતા પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, હવેનો જમાનો આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ-એ.આઈ.નો છે. જેથી એ.આઈ.નો સુશાસન માટે વધુને વધુ ઉપયોગ કરવા રાજ્યમાં એ.આઈ. ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં એ.આઈ.ના ઉપયોગ પર વધુ ભાર મૂકતા આજે રાજ્ય સરકાર દ્વારા જી-સાર પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે, તેમાં ૨૪ હજારથી વધુ સરકારી દસ્તાવેજોને ડિજિટલ સ્વરૂપ આપીને એ.આઈ. રિપોઝિટરીમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સ્વાગતનું એ.આઈ. સાથે ઈન્ટીગ્રેશન તથા સી.એમ. ડેશબોર્ડ દ્વારા રાજ્યની ૧૭ મહાનગરપાલિકાઓ અને આર.સી.એમ.ની અગત્યની કામગીરીનું મૂલ્યાંકન તેમજ ન્યૂઝ એનાલિસીસ પોર્ટલ ૨.૦ના મધ્યમથી વધુ સારું કામ કરવાની દિશા મળશે. આજે QR કોડ આધારિત ડોક્યુમેન્ટ્સની મહત્વપૂર્ણ શરૂઆત મુખ્યમંત્રી કાર્યાલયથી થઈ છે, જ્યારે આવનારા દિવસોમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં અમલી કરાશે. QR કોડ સ્કેન કરીને ગવર્મેન્ટ ડોક્યુમેન્ટ સાચો અને યોગ્ય ઓથોરિટી દ્વારા જ ઈસ્યૂ કરવામાં આવ્યો છે તેની ખરાઈ થઈ શકશે અને તંત્રની વિશ્વસનીયતામાં ખૂબ મોટો સુધારો આવશે. "મિશન કર્મયોગી"નો આજથી શુભારંભ થઈ રહ્યો છે, તેમ જણાવી તેમણે ઉમેર્યું કે, રાજ્યના પોણા બે લાખથી વધુ સરકારી કર્મચારીઓને અસરકારક સંદેશા વ્યવહાર અને વર્તણૂકલક્ષી તાલીમ સ્પીપા દ્વારા આપવામાં આવશે. આ ઉપરાંત કર્મયોગીઓના 'સ્વાંતઃ સુખાય' કાર્યક્રમની વેબસાઈટ અને એન.આર.જી. વેબસાઈટ પણ લૉંચ કરવામાં આવી છે. પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું કે, વિકસિત ભારત@૨૦૪૭ માટે ગુજરાતને ગુડ ગવર્નન્સથી અગ્રેસર રાખવા વડાપ્રધાનશ્રીએ આપેલા ગ્રીન ગ્રોથ-સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને નેટ ઝીરોના વિચારને આગળ ધપાવવામાં આવશે. જે અંતર્ગત આજે સુશાસન દિવસે પમ્પ્ડ હાઈડ્રો સ્ટોરેજ પોલિસી, ગ્રીન હાઈડ્રોજન પોલિસી અને ઈન્ટીગ્રેટેડ રિન્યૂએબલ પોલિસી લોન્ચ કરવામાં આવી છે, જેના થકી ગુજરાત દેશમાં ગ્રીન હાઈડ્રોજન હબ બનશે. આ ઉપરાંત એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ કેપેસિટી બિલ્ડીંગ માટે આજે સ્પીપા અને વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ વચ્ચે જે એમ.ઓ.યુ. થયા છે તેના અમલથી ગુજરાતનો વહીવટ વધુ લોકાભિમુખ અને લોકભોગ્ય બનશે. આગામી સમયથી ટેકનોલોજી અને પારદર્શિતાનો સમન્વય કરીને સ્પીપા દ્વારા લેવામાં આવતી તમામ પરીક્ષાઓ કોમ્પ્યુટર બેઝ્ડ અને ઓનલાઈન માધ્યમથી લેવામાં આવશે, જેથી પારદર્શિતાની સાથે વિદ્યાર્થીઓના સમયની બચત થશે. તેમણે ઉમેર્યું હતું કે, આજે વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ સુશાસન થકી સમગ્ર દેશમાં ડિજિટલ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. જેના પરિણામે આજે શાકભાજી વેચવાવાળા, શેરડીનો રસ વેચવાવાળા તેમજ નાનામાં નાના વેપારીઓ પણ QR કોડના માધ્યમથી ઓનલાઈન પેમેન્ટ મેળવતા થયા છે, જે ગુડ ગવર્નન્સનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ ઉપરાંત કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં સમગ્ર દેશના અંદાજે ૨૦ કરોડ કરતાં વધુ ખેડૂતોને આશરે રૂ. ૪ લાખ કરોડની સહાય DBTના માધ્યમથી આપવામાં આવી છે, જેમાં ગુજરાતનાં ખેડૂતોને રૂ. ૨૨ હજાર કરોડથી વધુની સહાય આપવામાં આવી છે.

## સ્વ. પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીજીની 101મી જન્મજયંતિની ગુડ ગવર્નન્સ ડે તરીકે ઉજવણી



**■ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાનામાં નાના માનવીના કલ્યાણને કેન્દ્રમાં રાખીને શરૂ કરેલી યોજનાઓને સાકાર કરવાનું સેવાદાયિત્વ રાજ્યનું વહીવટીતંત્ર ગુડ ગવર્નન્સથી હંમેશા નિભાવે છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

**અમદાવાદ, તા. 25**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને વરિષ્ઠ મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ગુડ ગવર્નન્સ ડેની ઉજવણી અન્વયે નાગરિક કેન્દ્રિત પ્રશાસનની નેમ સાથે શ્રેણીબદ્ધ પ્રકલ્પો-યોજનાઓ-પોલીસીના લોન્ચિંગ કર્યા હતા.ભારત રત્ન પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતિ 25મી ડિસેમ્બરને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં ગુડ ગવર્નન્સ ડે તરીકે ઉજવવામાં આવે છે, આ ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિવિધ વિભાગો અને મુખ્યમંત્રી કાર્યાલયની સેવાઓને વધુ નાગરિક કેન્દ્રિત બનાવતી પહેલોનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ નાયબ મુખ્યમંત્રીશ્રી સાથે ગાંધીનગરના ચ-3 સર્કલ પર નિર્માણ થયેલી અટલ બિહારીજીની પ્રતિમાનું અનાવરણ કરીને ગુડ ગવર્નન્સ ડેની શરૂઆત કરાવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીએ દરેક યોજનાઓમાં સામાન્ય માનવી અને ગરીબોને કેન્દ્રમાં રાખ્યા છે તેનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ગુડ ગવર્નન્સ-સુશાસનની સાચી સફળતા એ જ છે કે જ્યારે આવા માનવીઓને સેવાઓ અને યોજનાઓના લાભ સુપેરે સિનિશ્ચિત થાય. રાજ્ય સરકારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'નાગરિક દેવો ભવ:'ના મંત્રને પાર પાડવા છેવાડાના માનવી સુધી કલ્યાણ યોજનાઓના લાભ પહોંચાડીને પ્રો-પીપલ ગવર્નન્સ સાકાર કર્યું છે તેનો શ્રેય તેમણે ટીમ ગુજરાતના સમગ્ર વહીવટી તંત્રને આપ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સુશાસન દિવસની ઉજવણી સમગ્ર વર્ષ દરમિયાન થાય તેવી કાર્ય સંસ્કૃતિ સાથે રાજ્ય સરકાર કાર્યરત છે અને 'સ્વાગત' ઓનલાઈન જેવી ફરિયાદ નિવારણની ટેકનોલોજીયુક્ત પદ્ધતિથી નાગરિકોના લાંબા ગાળાના પ્રશ્નોનું સુચારું નિવારણ લાવી શકાયું છે. નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ આ અવસરે જણાવ્યું કે, રાજ્યનો નાગરિક જ્યારે તેની સમસ્યા લઈને સરકાર સમક્ષ આવે છે ત્યારે નાગરિકોને વારંવાર ધક્કા ન ખાવા પડે અને એક જ સમયે સંપૂર્ણ સમસ્યાનું સમાધાન આવી જવું જોઈએ. જેના માટે રાજ્ય સરકાર આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રહી છે. આધુનિક ટેકનોલોજીના અમલીકરણ સાથે કર્મયોગીઓની નાગરિકો પ્રત્યેનો હકારાત્મક અભિગમ પણ હોવો તેટલો જ જરૂરી છે.

## દેવગઢ બારીઆ તાલુકાના ચેનપુર ખાતે પાનમ નદી પર ૨૧.૬૦ કરોડના ખર્ચે પુલ બનશે



**દેવગઢ બારીઆ, તા. 25**

ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના પાનમ નદી ઉપર કન્સ્ટ્રકશન ઓફ બ્રિજ એક્રોસ રીવર પાનમ એટ કી.મી ૭/૯૭૫ ઓન બારીઆ દહીકોટ રોડ તથા એપ્રોચ સાથેની કામગીરી જેની અંદાજિત રકમ ૨૨ કરોડ નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ બ્રિજના નિર્માણથી મોરવા હડફ, ગોધરા અને દેવગઢ બારીયા વિસ્તારના અંતરિયાળ ગામોની કનેક્ટિવિટી વધશે અને હજારો નાગરિકોની અવરજવર વધુ સુગમ અને સુરક્ષિત બનશે આ પુલ ના ખાતમુહૂર્ત કાર્યક્રમ મા દાહોદ ના સાસંદ શ્રી જશવંતસિંહ ભાભોર સાહેબ, મોરવા હડફ વિધાનસભા ના ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર,દેવગઢ બારીયા ના ધારાસભ્ય શ્રી બચુભાઈ ખાબડ,કાર્યકર્તાઓ આગેવાનો યુવાનો બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## મુવાડા રામજી મંદિરેથી ભવ્ય પોથી યાત્રા અને કળશ યાત્રા; રમેશભાઈ ઓઝાની ભાગવત કથાને લઈ ભક્તિરસમાં ડૂબ્યું નગર

# ઝાલોદમાં ભાગવત ગંગાનો પાવન પ્રારંભ

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 25**

તા. 25-11-2025, ગુરુવાર ઝાલોદ નગરના ઈતિહાસમાં ધાર્મિક દ્દષ્ટિએ સુવર્ણ અક્ષરે નોંધાય તેવો પાવન દિવસ સાબિત થયો. નગરમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય ભાગવત કથાકાર શ્રી રમેશભાઈ ઓઝાના મધુર કંઠે શ્રીમદ્ ભાગવત કથાનું દિવ્ય શ્રવણ થવાનું હોવાથી સમગ્ર ઝાલોદ ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું.

રામજીના ચરણોમાં અર્પણ થયો કથાનો સંકલ્પ

ભાગવત કથાના યજમાન શ્રી અંકુર પટેલ સહીત પરિવારજનો અને નગરજનો મુવાડા સ્થિત પ્રાચીન રામજી મંદિર ખાતે એકત્રિત થયા હતા. ત્યાં વિધિવત પૂજા-અર્ચન, આરતી અને મંત્રોચ્ચાર સાથે ભગવાનના ચરણોમાં વંદન કરી, ભાગવત કથા નિર્વિઘ્ન અને સફળ રીતે પૂર્ણ થાય તે માટે ભાવપૂર્વક સંકલ્પ અર્પણ કરવામાં આવ્યો.



પોથી યાત્રા - ભાગવત જ્ઞાનની દિવ્ય પ્રસ્થાન

મુવાડા રામજી મંદિરેથી શ્રીમદ્ ભાગવતની પોથી સાથે ભવ્યાતિભવ્ય પોથી યાત્રા નીકળી. પોથીને મસ્તક પર ધારણ કરી ભક્તોએ ગૌરવપૂર્વક યાત્રામાં ભાગ લીધો. રાજમાર્ગો પર ફૂલોની વરસાત, ભવ્ય આતશબાજી અને જયઘોષ સાથે સમગ્ર માર્ગ ભક્તિરસથી તરબતર બન્યો.

કળશ યાત્રા - શ્રદ્ધા, શક્તિ અને શાંતિનું પ્રતીક

પોથી યાત્રાની સાથે સાથે યોજાયેલી કળશ યાત્રા વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહી. માથે પવિત્ર કળશ ધારણ કરેલ બહેનો-ભક્તોએ શિસ્તબદ્ધ રીતે યાત્રામાં ભાગ લઈ ધર્મલાભ મેળવ્યો. ધાર્મિક ભજનો, હરિનામ સંકીર્તન અને ગરબાની રમઝટ વચ્ચે ભક્તો નાચતા-ઝૂમતા જોવા મળ્યા, જાણે સમગ્ર નગર વૈકુંઠ સમાન બની ગયું હોય.

દ્વારિકા ધામ કથા મંડપે દિવ્ય સ્વાગત

પોથી યાત્રા અને કળશ યાત્રા જયારે કથા મંડપ (દ્વારિકા ધામ) ખાતે પહોંચી, ત્યારે પુષ્પવર્ષા અને ધાર્મિક વિધિ-વિધાન મુજબ પોથીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. યાત્રામાં લાવવામાં આવેલા તમામ કળશો કથા સ્થળે આવેલ તુલસીના ક્યારામાં વિધિવત સ્થાપિત કરવામાં આવ્યા.

ભક્તોમાં અદ્વિતીય આનંદ અને ભાવવિભોર ક્ષણો

પોથી યાત્રા અને કળશ યાત્રામાં જોડાવાનો અનોખો ધર્મલાભ મળતા સહુ ભાવિક ભક્તોના ચહેરા પર અપાર આનંદ અને સંતોષ સ્પષ્ટ જોવા મળ્યો. હવે સહુ ભક્તો શ્રી રમેશભાઈ ઓઝાના મધુર કંઠે વહેતી ભાગવત ગંગામાં ડૂબકી લગાવા આતુર બન્યા છે. ઝાલોદ નગરમાં ભાગવત કથાનો આ પાવન પ્રારંભ ભક્તિ, શ્રદ્ધા અને સંસ્કારનું ઉત્તમ દ્રષ્ટાંત બની રહ્યો છે. પોથી યાત્રા અને કળશ યાત્રામાં જોડાવાનો અનોખો ધર્મલાભ મળતા સહુ ભાવિક ભક્તોના ચહેરા પર અપાર આનંદ અને સંતોષ સ્પષ્ટ જોવા મળ્યો. હવે સહુ ભક્તો શ્રી રમેશભાઈ ઓઝાના મધુર કંઠે વહેતી ભાગવત ગંગામાં ડૂબકી લગાવા આતુર બન્યા છે. ઝાલોદ નગરમાં ભાગવત કથાનો આ પાવન પ્રારંભ ભક્તિ, શ્રદ્ધા અને સંસ્કારનું ઉત્તમ દ્રષ્ટાંત બની રહ્યો છે.

## પેથાપુર ખાતે તાલુકા કક્ષાનો ભવ્ય રમતગમત કાર્યક્રમ યોજાયો



**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 25**

તા. 24/12/2025 ના રોજ પેથાપુર ખાતે ભારત સરકારના ખેલ અને યુવા મંત્રાલય દ્વારા સંચાલિત મેરા યુવા ભારત, દાહોદ તથા શ્રી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, પેથાપુર ના સંયુક્ત ઉપક્રમે તાલુકા કક્ષાનો રમતગમત કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. આ કાર્યક્રમમાં બહેનો માટે લાંબી કૂદ, 100 મીટર દોડ અને ખો-ખો જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે ભાઈઓ માટે કબાડી, ચક્ર ફેંક અને ગોળ ફેંક જેવી રમતો યોજાઈ હતી. કાર્યક્રમમાં 200થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓ અને ટીમોને ટ્રોફી તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ વિજેતા વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાના રમતગમત કાર્યક્રમ માટે નોંધણી પણ કરવામાં આવી હતી. રમતના રેફરી મિત્રોનું પણ ગિફ્ટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત મહાનુભાવો તરીકે જિલ્લા યુવા અધિકારી શ્રી વિઠ્ઠલ ચોરામલે, શાળા મંત્રી શ્રી ઉપેન્દ્રસિંહ નાયક, ઝાલોદ તાલુકાના કન્વીનર શ્રી હિમાંશુ કુમાર લબાણા તેમજ શ્રી મહેશભાઈ કટારા ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ યુવા વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે જાગૃતિ અને ઉત્સાહ વધારનાર સાબિત થયો હતો.

## 'કચરામાંથી કંચન': એગ્રિવેસ્ટમાંથી ઑર્ગેનિક ખાતર બનાવી, 26 ફર્ટિલાઈઝર સહિત 70 પેટન્ટ મેળવી

# ખેડૂતપુત્રની અનોખી સિદ્ધિ: ધો.12 પછી અભ્યાસ છોડ્યો, આજે 450થી વધુ ખેડૂતોને રોજગારી આપે છે

### i-Hubની સહાયથી શરૂ થયેલું સ્ટાર્ટઅપ ખેડૂતને પોતાના જ ખેતીકચરામાંથી વર્ષે 80થી 90 હજારનો ફાયદો અપાવે છે

**અમદાવાદ, તા. 25**

AQI એટલે કે એર ક્વૉલિટી ઈન્ડેક્સ. આજ દિવસ સુધી ખૂબ ઓછો જાણીતો આ શબ્દ એકાએક દરેક વ્યક્તિના મોઢે સંભળાઈ રહ્યો છે. કારણ છે, પ્રદૂષણનું વધતું સ્તર. જેની પાછળ જવાબદાર પરિબળોમાંથી એક છે, ખેતરોમાં સળગાવવામાં આવતી પરાળી. સરળ ભાષામાં કહીએ, તો પાક લણી લીધા બાદનો વધેલો કચરો. પણ, યુવા આંન્ત્રપ્રિન્યોર કિરણભાઈ મકવાણાએ આનો વ્યવહારુ ઉપાય શોધી કાઢ્યો છે. જેમાં તેને આર્થિક સહાય મળી, આઈ-હબ અને લઘુ અને મધ્યમ ઉદ્યોગ વિભાગની.તે આ કચરામાંથી ઑર્ગેનિક ખાતર બનાવી, સાડા ચારસોથી વધુ ખેડૂતોને રોજગારી પણ આપી રહ્યા છે. એટલું જ નહીં, આ કૉલેજ ડ્રોપઆઉટના નામે આજે 26 ફર્ટિલાઈઝર પેટન્ટ સહિત કુલ 70થી વધુ પેટન્ટ્સ પણ નોંધાઈ ચૂકી છે. વધુમાં, ખેતીવાડીને લગતાં સ્ટાર્ટઅપને પ્રોત્સાહન અને સહાય કરતી પુસા કૃષિ સંસ્થાની સાથે દિલ્હી આસપાસના પંજાબ, હરિયાણા-નોઈડા, ઉત્તર પ્રદેશના 51 તાલુકાના ખેડૂતોના એગ્રિકલ્ચરલ વેસ્ટમાંથી ખાતર બનાવવા માટેના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. જેનાથી આ તાલુકાઓમાં દર વર્ષે ખેતરોમાં પરાળી સળગાવવાના કારણે થતાં વાયુ પ્રદૂષણની સમસ્યાથી મહદંશે છૂટકારો મેળવીને વડાપ્રધાનશ્રીના 'નેટ ઝીરો કાર્બન ફૂટ પ્રિન્ટ'ના લક્ષ્યને સિદ્ધ કરવામાં મહત્ત્વનું સીમાચિહ્ન બનશે, તેવો વિશ્વાસ તેમને છે. તો ચાલો જાણીએ, કિરણભાઈની આ યાત્રા વિશે

સમસ્યામાંથી સંભાવના સુધીની સફર

ભાવનગરના સિહોરના કિરણભાઈ જણાવે છે કે ધો.12 સાયન્સ પછી પરિવારની નબળી આર્થિક સ્થિતિને કારણે અભ્યાસ છોડવો પડ્યો. પિતાની બે એકર જમીનમાં ખેતી કરતી વખતે પાક લણ્યા બાદ 12થી 15 ટન જેટલો કચરો રહેતો, જેને સળગાવવાથી ધુમાડો, શ્વાસની તકલીફ અને જમીનની ફળદ્રૂપતા ઘટતી. શાળામાં શીખેલી વિજ્ઞાન પ્રવૃત્તિઓને આધારે તેમણે આર એન્ડ ડી શરૂ કરી અને વર્ષ 2018-19માં સફળતા મેળવી. 2019માં પેટન્ટ માટે અરજીઓ કરી અને 2023માં અમુક પેટન્ટને મંજૂરી મળી. આ રીતે 'એગ્રી નાઈટ્રો ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ'ની સ્થાપના થઈ. આજે કંપનીનું વાર્ષિક ટર્નઓવર 4થી 5 કરોડ રૂપિયા છે અને આગામી વર્ષે 2થી 3 કરોડના વધારાનો અંદાજ છે.

પેટન્ટ, સહાય અને ટેક્નોલોજીનો આધાર

સમગ્ર પ્રોજેક્ટ માટેની મશીનો પણ કિરણભાઈએ જાતે ડિઝાઈન કરી છે. સનદી અધિકારી રણજીત કુમારના માર્ગદર્શનથી તેમને આઈ-હબ અને લઘુ-મધ્યમ ઉદ્યોગ વિભાગ વિશે જાણકારી મળી, જેના દ્વારા અત્યાર સુધીમાં આશરે 42 લાખ રૂપિયાની આર્થિક સહાય સાથે પેટન્ટ પ્રક્રિયા માટે જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થયું.

'કચરામાંથી કંચન': સરક્યુલર ઈકોનોમી મોડલ

આ અંગે કિરણભાઈ જણાવે છે કે 'એગ્રી નાઈટ્રો ઈન્ડિયા' સ્ટાર્ટઅપ ખેતીના કચરાને એકત્ર કરીને તેને 26 પ્રકારના પેટન્ટેડ



ઑર્ગેનિક ખાતરમાં રૂપાંતરિત કરે છે. ખેડૂતો પાસેથી મળેલા કચરાને તેઓ ક્વૉલિટી મુજબ અલગ કરે છે. આ પ્રક્રિયામાં લગભગ 8-10 દિવસ જેટલો સમય લાગે છે. ત્યાર બાદ તેમાંથી તૈયાર કમ્પોસ્ટ પર પ્રક્રિયા કરીને ઑર્ગેનિક ખાતર તૈયાર કરવામાં આવે છે. આ પ્રકારે તૈયાર કરાયેલા ખાતરને કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા પણ માન્યતા મળી છે. ભાવનગરમાં કાર્યરત પ્લાન્ટ દરરોજ 100 ટન કૃષિ અવશેષ પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે અને અત્યાર સુધીમાં 5 લાખ ટનથી વધુ ખેતીકચરાને ઉચ્ચ ગુણવત્તાવાળા સજીવ ખાતરમાં ફેરવી ચૂક્યો છે. કંપનીનું ખેડૂત કેન્દ્રિત મોડલ બે રીતે કાર્ય કરે છે– કન્ઝ્યુમેબલ મોડલ અને બાય-મેન્યુફેક્ચર-સેલ મોડલ–જ્યાં ખેડૂતોને ખાતર મળે છે અથવા કચરામાંથી પ્રતિ કિલો 3થી 4 રૂપિયા સુધીની આવક થાય છે. સખી મંડળ મારફતે ખાતર વેચાણથી મહિલા સશક્તીકરણને પણ વેગ મળ્યો છે.

રાસાયણિક ખાતરનો વપરાશ 95 ટકા સુધી ઘટાડી શકાશે

આ ઑર્ગેનિક ખાતરના સતત ઉપયોગથી ત્રીજા વર્ષથી ખેતીની ઉપજમાં સરેરાશ 2.5થી 10 ટકા સુધીનો વધારો થાય છે. જમીન સ્વસ્થ બને છે, પાણી ધારણ કરવાની ક્ષમતા વધે છે અને સૂક્ષ્મજીવોમાં વધારો થાય છે. રાસાયણિક ખાતરો પરનો આધાર 95 ટકા સુધી ઘટવાથી ખર્ચમાં બચત થાય છે. પરિણામે, ખેડૂતદીઠ વર્ષે કુલ 80થી 90 હજાર રૂપિયાનો વધારાનો લાભ થાય છે. હાલ કંપની સાથે જોડાઈને 450થી વધુ ગ્રામજનોને સીધો રોજગાર મળ્યો છે, જેમાં અડધોઅડધ મહિલાઓનો સમાવેશ થાય છે.

ભવિષ્યની યોજના: નેટ ઝીરો કાર્બનનું લક્ષ્ય

કિરણભાઈનું લક્ષ્ય સમગ્ર ગુજરાતને Zero Agricultural Waste અને 100 ટકા Organic Fertilizer State બનાવવાનું છે. અમદાવાદ કૉર્પોરેશન અને ખાનગી કંપનીઓ સાથે મળીને શહેરના બગીચા, તળાવો સહિત દરરોજ 400 ટન કચરામાંથી ખાતર બનાવવા પ્લાન્ટ સ્થાપવાની યોજના છે. 'પુસા કૃષિ' સંસ્થા સાથે મળીને દિલ્હી, નોઈડા-હરિયાણા, પંજાબ અને ઉત્તરપ્રદેશના 51 તાલુકાઓમાં પરાળીમાંથી ખાતર બનાવવા પ્લાન્ટ શરૂ કરવાની તૈયારી ચાલી રહી છે. આ મોડલથી દર વર્ષે 78 લાખ ટનથી વધુ ખેતીકચરાનું રિસાયક્લિંગ, અંદાજે એક લાખ લોકોને રોજગાર અને 95 ટકા સુધી વાયુપ્રદૂષણમાં ઘટાડો કરવાની કિરણભાઈની યોજના છે. સાથે જ, 1.77 મિલિયન ટન કાર્બન ડાયોક્સાઈડ સમકક્ષ ઉત્સર્જન ટાળવામાં મદદ મળશે. 'કચરામાંથી કંચન' ઊભું કરતું આ સ્વદેશી ગુજરાત મોડલ ટકાઉ અને પર્યાવરણમિત્ર કૃષિ તરફ એક પગલું નહીં, પણ મોટી હરણફાળ બનવાની ક્ષમતા ધરાવે છે. કિરણભાઈનું લક્ષ્ય સમગ્ર ગુજરાતને Zero Agricultural

Waste અને 100 ટકા Organic Fertilizer State બનાવવાનું છે. અમદાવાદ કૉર્પોરેશન અને ખાનગી કંપનીઓ સાથે મળીને શહેરના બગીચા, તળાવો સહિત દરરોજ 400 ટન કચરામાંથી ખાતર બનાવવા પ્લાન્ટ સ્થાપવાની યોજના છે. 'પુસા કૃષિ' સંસ્થા સાથે મળીને દિલ્હી, નોઈડા-હરિયાણા, પંજાબ અને ઉત્તરપ્રદેશના 51 તાલુકાઓમાં પરાળીમાંથી ખાતર બનાવવા પ્લાન્ટ શરૂ કરવાની તૈયારી ચાલી રહી છે. આ મોડલથી દર વર્ષે 78 લાખ ટનથી વધુ ખેતીકચરાનું રિસાયક્લિંગ, અંદાજે એક લાખ લોકોને રોજગાર અને 95 ટકા સુધી વાયુપ્રદૂષણમાં ઘટાડો કરવાની કિરણભાઈની યોજના છે. સાથે જ, 1.77 મિલિયન ટન કાર્બન ડાયોક્સાઈડ સમકક્ષ ઉત્સર્જન ટાળવામાં મદદ મળશે. 'કચરામાંથી કંચન' ઊભું કરતું આ સ્વદેશી ગુજરાત મોડલ ટકાઉ અને પર્યાવરણમિત્ર કૃષિ તરફ એક પગલું નહીં, પણ મોટી હરણફાળ બનવાની ક્ષમતા ધરાવે છે.

# રેકોર્ડ...એક જ દિવસમાં 22 સદી ફટકારાઈ! : બિહારે 38 સિક્સર મારી; ઓડિશાના બેટરે સૌરાષ્ટ્ર સામે ડબલ સેન્ચુરી બનાવી છતાં ટીમ હારી ગઈ



**મુંબઈ, તા. 25**

વિજય હઝારે ટ્રોફીની વર્તમાન સિઝનની શરૂઆત બુધવારથી થઈ. ટુર્નામેન્ટના પહેલા દિવસે 22 ખેલાડીએ સદીની ઈનિંગ્સ રમી. એક બેવડી સદી પણ નોંધાઈ. આ ટુર્નામેન્ટના ઈતિહાસમાં એક દિવસમાં નોંધાયેલી સૌથી વધુ સદીઓ છે. આ પહેલાં આ રેકોર્ડ 12 ડિસેમ્બર 2021 અને 3 જાન્યુઆરી 2025ના રોજ બનેલી 19 સદીનો હતો. પહેલા દિવસના રેકોર્ડ્સ... વિગ્નેશ પુથુરે 6 કેચ લીધા, અત્યારસુધીના સૌથી વધુ કેરળના વિગ્નેશ પુથુરે ત્રિપુરા સામેની મેચમાં શાનદાર ફિલ્ડિંગ કરતાં 6 કેચ પકડ્યા. આમાંથી એક કેચ તેણે પોતાની જ બોલિંગ પર લીધો. આ સાથે તે મેન્સ લિસ્ટ-A ક્રિકેટમાં એક મેચમાં 6 કેચ લેનાર પ્રથમ ખેલાડી બન્યો. એક ઈનિંગ્સમાં ત્રણ સદી, 38 છગ્ગા પહેલા દિવસે બિહારનો મુકાબલો અરુણાચલ પ્રદેશ સામે થયો. બિહારની ઈનિંગ્સમાં વૈભવ સૂર્યવંશી (190), સાકિબુલ ગની (124*) અને આયુષ લોહારુકા (116)એ સદી ફટકારી. વિજય હઝારે ટ્રોફીમાં આ પહેલીવાર બન્યું જ્યારે એક ટીમની ઈનિંગ્સમાં ત્રણ બેટર્સે સદી ફટકારી. બિહારે કુલ 38 છગ્ગા ફટકાર્યા, જે કોઈપણ મેન્સ લિસ્ટ-A ઈનિંગ્સમાં સૌથી વધુ છે. કર્ણાટકે સૌથી મોટો સ્કોર ચેઝ કર્યો આ ટુર્નામેન્ટમાં કર્ણાટકે ઝારખંડ સામે 413 રનનો ટાર્ગેટ ચેઝ કરીને વિજય હઝારે ટ્રોફીનો સૌથી મોટો સ્કોર ચેઝ કર્યો. જ્યારે ઓડિશાના સ્વસ્તિક સમલે 212 રનની ઈનિંગ્સ રમી, જોકે તેની ટીમ મેચ હારી ગઈ. મોસુએ 9 ઓવરમાં 116 રન આપ્યા અરુણાચલ પ્રદેશના બોલરો માટે સિઝનની પ્રથમ મેચ અત્યંત મુશ્કેલ રહી. બિહાર સામે મિબોમ મોસુએ 9 ઓવરમાં 116 રન લુટાવ્યા, જે મેન્સ લિસ્ટ-A ક્રિકેટમાં કોઈ બોલરે આપેલા સૌથી વધુ રન છે.

# ડેટ નાઈટમાં હાર્દિકે માહિકાને ભીડમાંથી પ્રોટેક્ટ કરી



**મુંબઈ, તા. 25**

ભારતનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હાલમાં પોતાની પ્રોફેશનલ લાઈફની સાથે જ પર્સનલ લાઈફને લઈને પણ ચર્ચામાં ચાલી રહ્યો છે. મેદાન પરના ચોગ્ગા-છગ્ગા હોય કે પછી મેદાન પરથી જ પોતાની પાર્ટનરને ફ્લાઈંગ કિસ કરવી, આ બધું જ કેમેરામાં ક્લિક થઈ જાય છે. હાર્દિક અને માહિકાનો વધુ એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે, જેમાં હાર્દિકે તેની રૂમર્ડ ગર્લફ્રેન્ડ માહિકાની સાથે ડેટ નાઈટ એન્જોય કરી હતી. ત્યારે ક્રિકેટરને જોતાં જ ફેન્સની ભીડ વધવા લાગી હતી. હાર્દિક પંડ્યાને જોઈને ફેન્સ તેની સાથે ફોટોઝ ક્લિક કરવા પડાપડી કરવા લાગ્યા. કેમેરાની ફ્લેશ અને ફેન્સની પડાપડીને જોતાં જ હાર્દિકે સૌથી પહેલા માહિકાનો હાથ પકડીને સુરક્ષિત રીતે કારમાં બેસાડી આવ્યો. તેણે જાતે જ દરવાજો બંધ કર્યો. ક્રિકેટરનો આ પ્રોટેક્ટિવ અંદાજ યુઝર્સને પસંદ આવ્યો. સોશિયલ મીડિયા પર ઘણા યુઝર્સ હાર્દિકને પર્ફેક્ટ બોયફ્રેન્ડ બતાવી રહ્યા છે. ગર્લફ્રેન્ડને કારમાં બેસાડ્યા પછી જ હાર્દિકે પોતાના ફેન્સને પણ નિરાશ નહોતા કર્યા. તેણે હાજર ચાહકો સાથે સેલ્ફી અને ફોટોઝ ક્લિક કરાવ્યા હતા. ફોટોઝ ક્લિક કરાવ્યા પછી પોતે ડ્રાઈવિંગ સીટ પર બેસીને માહિકાને લઈને જતો રહ્યો હતો હાર્દિક પંડ્યાએ થોડા દિવસો પહેલાં જ મુંબઈની એક રેસ્ટોરાંમાંથી પરત ફરી રહેલી તેની ગર્લફ્રેન્ડ માહિકા શર્માની પ્રાઈવસીમાં દખલગીરી કરવા બદલ પાપારાઝીની ટીકા કરી હતી અને તેમની હરકતો પર પ્રતિક્રિયા આપી છે. આ જ કારણે આ વખતે હાર્દિક માહિકાને લઈને પ્રોટેક્ટિવ જોવા મળ્યો હતો.

# RCB બોલર યશ દયાલની POCSO કેસ ધરપકડ થશે?

**મુંબઈ, તા. 25**

IPL ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ના ફાસ્ટ બોલર યશ દયાલને સગીરા પર બળાત્કારના કેસમાં જયપુરની પોક્સો કોર્ટમાંથી ઝટકો લાગ્યો છે. જયપુર મહાનગર પ્રથમની પોક્સો કોર્ટ-3 એ યશની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે. હવે યશ દયાલની ગમે ત્યારે ધરપકડ થઈ શકે છે. જજ અલકા બંસલે આદેશમાં કહ્યું કે- પ્રથમ દ્રષ્ટિએ એવું લાગતું નથી કે આરોપીને ખોટા આરોપોમાં ફસાવવામાં આવ્યો છે. અત્યાર સુધીની તપાસમાં આરોપીનો ગુનામાં સામેલ હોવાનું પ્રગટ થાય છે. આરોપીની પૂછપરછ થવી બાકી છે. આવા સંજોગોમાં આ સ્તરે આરોપીને આગોતરા જામીનનો લાભ આપી શકાય નહીં. 23 જુલાઈ 2025ના રોજ જયપુરના સાંગાનેર સદર પોલીસ સ્ટેશનમાં યશ વિરુદ્ધ ક્રિકેટમાં કારકિર્દી બનાવવાનું બહાનું આપીને અને ઈમોશનલ બ્લેકમેલ કરીને સગીરા સાથે અઢી વર્ષ સુધી બળાત્કાર કરવાનો કેસ નોંધવામાં આવ્યો હતો. પીડિતાના મોબાઈલમાં ચેટ, ફોટો અને વીડિયો મળ્યા, પીડિતાના વકીલ દિવ્યેશ શર્માએ જણાવ્યું કે, કેસ નોંધાયા બાદ પોલીસે પીડિતા અને આરોપીના મોબાઈલની CDR જપ્ત કરી હતી.

# વિજય હઝારે ટ્રોફીમાં RO-KOની સેન્ચુરી

## કોહલીએ 131, રોહિતે 155 રન બનાવ્યા; ચોગ્ગા-છગ્ગાનો વરસાદ કર્યો; બંનેની ટીમોએ જીત મેળવી



**મુંબઈ, તા. 25**

વિરાટ કોહલી અને રોહિત શર્માએ વિજય હઝારે ટ્રોફીમાં પોતપોતાની ટીમો માટે સદી ફટકારી. બુધવારે બેંગલુરુમાં દિલ્હી તરફથી રમી રહેલા વિરાટ કોહલીએ 131 રન બનાવ્યા. જ્યારે જયપુરમાં રોહિત શર્માએ 155 રનની ઈનિંગ્સ રમી. કોહલીએ 101 બોલની ઈનિંગ્સમાં 14 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકાર્યા. આ મેચમાં દિલ્હીએ આંધ્ર પ્રદેશને 4 વિકેટે હરાવ્યું. બીજી તરફ, જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં મુંબઈ તરફથી રોહિતે 94 બોલમાં ધમાકેદાર 155 રન બનાવ્યા. તેણે 9 છગ્ગા ફટકાર્યા. મુંબઈએ સિક્કિમ સામે 8 વિકેટે વિજય નોંધાવ્યો. આ ટુર્નામેન્ટ રોહિત અને કોહલી બંને માટે મહત્વપૂર્ણ છે, કારણ કે આ બંને હવે માત્ર વનડે ક્રિકેટ જ રમે છે. બેંગલુરુમાં ચાલી રહેલી મેચમાં દિલ્હીએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. આંધ્ર પ્રદેશે 50 ઓવરમાં 8 વિકેટે 298 રન બનાવ્યા. રિકી ભુઈએ 122 રનની ઈનિંગ રમી. જવાબમાં દિલ્હીએ 37.4 ઓવરમાં 6 વિકેટે 300 રન બનાવ્યા. વિરાટ કોહલી ઉપરાંત, નીતિશ રાણાએ 77 અને પ્રિયાંશ આર્યએ 74 રનનું યોગદાન આપ્યું. ગ્રુપ સીમાં સિક્કિમે ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ટીમે 50 ઓવરમાં 7 વિકેટે 236 રનનો સ્કોર બનાવ્યો અને મુંબઈને 237 રનનો ટાર્ગેટ આપ્યો. આ ટાર્ગેટ મુંબઈએ 8 વિકેટે હાંસલ કરી લીધો. ઓપનર અંગક્રિષ રઘુવંશીએ 38 અને રોહિત શર્માએ 155 રનની ઈનિંગ રમી. બંનેએ 141 રનની ભાગીદારી કરી. મુશીર ખાન 27 અને સરફરાઝ ખાન 8 રન પર અણનમ રહ્યા.

# 'નાગિન 7'માં પ્રિયંકા ચાહર ચૌધરીની ધમાકેદાર એન્ટ્રી

## એકતા કપૂરની જાહેરાત સાથે સલમાન ખાનની પ્રશંસાએ નવી ઊંચાઈ આપી; એક્ટ્રેસે કહ્યું- 'હવે હું વધુ જવાબદાર અનુભવું છું'



**મુંબઈ, તા. 25**

પ્રિયંકા ચાહર ચૌધરી ટૂંક સમયમાં ટીવી શો 'નાગિન 7'માં જોવા મળશે. 'બિગબોસ' 16ની સ્પર્ધકથી નાગિનની મુખ્ય ભૂમિકા સુધી પહોંચેલી એક્ટ્રેસ ચાહકોની લાંબી આતુરતાનો અંત લાવી રહી છે. એકતા કપૂરની ધમાકેદાર જાહેરાત સાથે સલમાન ખાનની પ્રશંસાએ તેને નવી ઊંચાઈ આપી. ચાહકોએ તેને નાગિન ગ્રુપમાં પહેલેથી જ ઉમેરી દીધી હતી, એડિટ્સ બનાવીને તેમનું સ્વાગત કર્યું. પ્રામાણિકતા, મહેનત અને દરેક તકને અપનાવનારી પ્રિયંકા હવે દેશ બચાવનારી નાગિન બનીને આવવાની છે. તાજેતરમાં પ્રિયંકા ચાહર ચૌધરીએ દિવ્ય ભાસ્કર સાથે વાતચીત કરી, રજૂ છે કેટલાક મુખ્ય અંશો..

પ્રશ્ન: 'બિગબોસ' પછી લાંબા સમયથી ચાહકો તમારી રાહ જોઈ રહ્યા હતા. પહેલીવાર જ્યારે ખબર પડી કે તમને નાગિનનો રોલ મળશે, ત્યારે શું લાગણીઓ હતી?

જવાબ: ખૂબ જ સારી લાગણીઓ થઈ. 'બિગબોસ'માં જ ખબર પડી ગઈ હતી, એટલે ઘણો ઉત્સાહ હતો. નાગિન જેવો મોટો શો કોઈને પણ મળે તો ખુશી થાય જ છે. હું પોતે પણ આતુરતાથી રાહ જોઈ રહી હતી, અને હવે અહીં તમારી નાગિન છું. 'બિગબોસ'થી નાગિન સુધીની સફર ખૂબ જ રોમાંચક રહી.

સવાલ: નાગિનનું લોન્ચ પણ એ જ પ્લેટફોર્મ પર થયું, 'બિગબોસ' પર જ્યાં શો મળ્યો હતો. સલમાન ખાનની સામે એકતા કપૂરે બધાની સામે ઘોષણા કરી કે તમે નાગિન બનવાના છો. તે સમયે કેવી લાગણી થઈ?

જવાબ: સલમાન સર સાથે સ્ટેજ શેર કરવું એ પોતાનામાં જ મોટી વાત છે. 'બિગબોસ'માં પહેલા સરે મને જોયો હતો, તેના 2-4 વર્ષ પછી નાગિનને એ જ શો પર પ્રમોટ કરવા ગઈ, જ્યાં ઓફર મળી હતી. 'બિગબોસ', સલમાન સર અને એકતા મેમનો મોટો હાથ છે.

સલમાન સરની પ્રશંસા મળવી ખૂબ મોટી વાત હતી, તેઓ મને બિરદાવવા માંગતા હતા. લાખો લોકો તેમની એક નજર માટે આવે છે, અને તેમણે મને પ્રશંસા કરી. એકતા મેમે ત્યાં નાગિનના રૂપમાં લોન્ચ કરી, આ ટોપ લેવલની લાગણી હતી.

# Gen Z માટે 'ડીડીએલજે'ના બદલે પોકળ પ્રેમ કહાણી




**મુંબઈ, તા. 25**

'તૂ મેરી મે તેરા, મે તેરા તૂ મેરી' એક એવી ફિલ્મ છે, જે સ્પષ્ટપણે આજની પેઢીની પ્રેમ કહાનીને 90ના દાયકાની 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' જેવી ભાવનાત્મક સંરચનામાં ઢાળવાનો પ્રયાસ કરે છે. સમસ્યા એ છે કે તે ન તો આજના સમયની પ્રામાણિક વાર્તા બની શકી છે અને ન તો જૂના સમયના તે જાદુને પુનરાવર્તિત કરી શકી છે. ધર્મા પ્રોડક્શન્સ, જેની ઓળખ રોમેન્ટિક ફિલ્મોના મજબૂત કિલ્લા તરીકે રહી છે, તે જ બેનરથી આવી વિખરાયેલી અને નબળી ફિલ્મનું આવવું અત્યંત નિરાશાજનક લાગે છે. વાર્તા રેહાન મેહરા (કાર્તિક આર્યન) અને રૂમી (અનન્યા પાંડે)ની આસપાસ ફરે છે. રેહાન અમેરિકામાં તેની માતા પિંકી (નીના ગુપ્તા) સાથે રહે છે અને બંને મળીને વેડિંગ ઈવેન્ટ મેનેજમેન્ટનો વ્યવસાય ચલાવે છે. રૂમી આગ્રાની રહેવાસી એક લેખિકા છે, જે તેના પિતા કર્નલ અમરવર્ધન સિંહ (જેકી શ્રોફ) સાથે ઊંડાણપૂર્વક જોડાયેલી છે.

# ઈશા સિંહે કહ્યું, 'બિગ બોસમાંથી ઘણું શીખી, હવે લોકોની વાતોથી ફરક પડતો નથી'

**મુંબઈ, તા. 03**

ટીવી એક્ટ્રેસ ઈશા સિંહની 'નાગિન 7' કલર્સ ચેનલ પર શરૂ થવા જઈ રહી છે. 'બિગ બોસ 18'માંથી બહાર આવીને 'નાગિન' ફ્રેન્ચાઈઝીમાં એન્ટ્રી કરનાર ઈશા સિંહે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીત દરમિયાન પોતાની સફર, ફેમિલી સપોર્ટ, પ્રિયંકા અને નમિક જેવા કો-સ્ટાર્સ સાથેની બોન્ડિંગ, મુંબઈ-ભોપાલના તફાવત અને નેગેટિવિટીથી દૂર રહેવાની શીખ શેર કરી. વાતચીતના કેટલાક મુખ્ય અંશો... પ્રશ્ન: 'નાગિન' આટલી મોટી ફ્રેન્ચાઈઝી છે. 'બિગ બોસ 18'માં હતાં, ત્યારે જ તેની ખબર પડી ગઈ હતી. તે સમયે તો કહી શકતા ન હતા. પહેલીવાર જ્યારે ખબર પડી, ત્યારે શું લાગણી થઈ? જવાબ: 'કલર્સ' મારા માટે ઘર જેવું છે. આટલી મોટી ફ્રેન્ચાઈઝી, ઉપરથી એકતા મેમનો શો અને બાલાજી ટેલિફિલ્મ્સ, બધું જ પરફેક્ટ. ઓફર આવી તો વિચાર્યું કે શા માટે ટ્રાય ન કરીએ? કેરેક્ટર બિલકુલ અલગ હતું. 'નાગિન'ની શૂટિંગે નવી તકો ખોલી.

પ્રશ્ન: ચાહકો વિચારી રહ્યા છે કે તમે 'ખતરોં કે ખિલાડી' કરશો? જવાબ: ગયા વર્ષે 'ખતરોં કે ખિલાડી'માં ખૂબ જ ખરાબ અનુભવ થયો હતો. હાલમાં કોઈ પ્લાન નથી, પરંતુ ક્યારેક-ક્યારેક 'નેવર' કહીને પણ કરી લેવાય છે. 'બિગ બોસ' પહેલાં પણ મેં ના પાડી હતી, પરંતુ કરી લીધું. હોઈ શકે છે કે, આવતા વર્ષે સાપ-વીંછીવાળા સ્ટંટ્સ કરી રહી હોઉં. ઈશા સિંહે 'ઈશ્ક સુભાન અલ્લાહ'માં ઝારા સિદ્દિકીની ભૂમિકા ભજવીને લોકપ્રિયતા મેળવી હતી.

# સોનમે અનિલ કપૂરને વિશ્વના શ્રેષ્ઠ પિતા ગણાવ્યા



**મુંબઈ, તા. 25**

બોલિવૂડના પાવર હાઉસ અનિલ કપૂર આજે પોતાનો 69મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. આ ખાસ પ્રસંગે તેમના પરિવારના સભ્યો અને બોલિવૂડ સેલેબ્સે તેમને બર્થડે વિશ કર્યું છે. સોનમે અનિલને દુનિયાના શ્રેષ્ઠ પિતા ગણાવ્યા બોલિવૂડની ફેશન ક્વીન સોનમ કપૂરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર પિતા અનિલ કપૂરના અનસીન ફોટો શેર કરીને લખ્યું, 'તમે મારા હીરો, મારી પ્રેરણા છો. જન્મદિવસની શુભેચ્છાઓ. તમારી એનર્જી, ડિસિપ્લિન, પેશન અને જીંદગી માટે પ્રેમ મને દરરોજ આશ્ચર્યમાં મૂકી દે છે. તમારી દીકરી હોવાનો ગર્વ છે. તમને ખૂબ પ્રેમ કરું છું. તમે વિશ્વના સૌથી સારા પિતા છો.' અનિલના પત્ની સુનીતા કપૂરે લખ્યું, 'મારા જીવનના સૌથી પ્રિય વ્યક્તિને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ, એવા માણસને જે દરરોજ મારી દુનિયાને વધુ તેજસ્વી બનાવે છે... તમારો પ્રેમ મારી શક્તિ છે, તમારું સ્મિત મારી શાંતિ છે અને તમારી હાજરી મારા માટે સૌથી મોટો આશીર્વાદ છે હું તમારા માટે અને આપણે જે સુંદર પરિવાર અને જીવન બનાવ્યું છે, તેના માટે દરરોજ ઈશ્વરનો આભાર માનું છું આ વર્ષ તમારા જીવનમાં એટલો જ આનંદ અને પ્રેમ લાવે જેટલો તમે મને આપ્યો છે. શબ્દોમાં વર્ણવી શકાય તેના કરતાં પણ વધુ હું તમને પ્રેમ કરું છું.'બોની કપૂરે બાળપણનો ફોટો શેર કર્યો અનિલ કપૂરના મોટા ભાઈ અને પ્રોડ્યુસર બોની કપૂરે બાળપણનો એક ફોટો શેર કર્યો. સાથે જ લખ્યું, 'આ ફોટોમાં અનિલને શોધો. માત્ર પહેલા બે વિજેતાઓને અનિલ સાથે શાનદાર લંચ પર આમંત્રણ આપવામાં આવશે. અનિલને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.' 'તમે આખા પરિવાર માટે પ્રેરણાસ્ત્રોત છો' નાના ભાઈ સંજય કપૂરે લખ્યું, 'જન્મદિવસની શુભેચ્છાઓ બીગ બ્રધર, ઘણો બધો પ્રેમ. તમે મારા અને આખા પરિવાર માટે પ્રેરણા છો, તેથી અમને પ્રેરણા આપતા રહો અને અમને માર્ગ દેખાડતા રહો.'

# હવે તમે ટોલ કલેક્શનથી પણ નફો કમાઈ શકશો: NHAIના રાજમાર્ગ ટ્રસ્ટને સેબીની મંજૂરી

**નવી દિલ્હી, તા.25**

હવે તમે દેશના નેશનલ હાઈવેમાં પૈસા રોકીને નફો કમાવી શકશો. ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI)ની નવી પહેલ 'રાજમાર્ગ ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ' (RIIT)ને બજાર નિયામક સેબી (SEBI) તરફથી મંજૂરી મળી ગઈ છે. આ સ્કીમ સામાન્ય લોકોને નેશનલ હાઈવે પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવાની તક આપશે, જ્યાં રિટેલ અને ઘરેલું રોકાણકારો સીધો ભાગ લઈ શકશે. જેમ તમે મ્યુચ્યુઅલ ફંડમાં પૈસા રોકો છો, તેવી જ રીતે હવે તમે રસ્તાઓમાં પૈસા રોકી શકશો અને વાહનો પાસેથી વસૂલવામાં આવતા ટોલ ટેક્સની કમાણીમાં તમને હિસ્સો મળશે.



અત્યાર સુધી હાઈવે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં ફક્ત મોટી કંપનીઓ અથવા વિદેશી રોકાણકારો જ પૈસા રોકી શકતા હતા, પરંતુ આ 'પબ્લિક ઈન્વિટ'નો મુખ્ય ઉદ્દેશ્ય રિટેલ ઈન્વેસ્ટર (સામાન્ય રોકાણકાર)ને જોડવાનો છે. નિયમિત આવક: ઈનવિટમાંથી થતી કમાણીનો મોટો ભાગ ડિવિડન્ડ તરીકે રોકાણકારોને વહેંચવામાં આવે છે. આ એવા લોકો માટે ઉત્તમ છે જેઓ બેંક FD કરતાં થોડું વધારે વળતર ઈચ્છે છે.

સરકારી ભરોસો: આ NHAIનો પ્રોજેક્ટ છે, તેથી તેમાં સરકારી સુરક્ષા વધુ છે.

લાંબા ગાળાનું રોકાણ: આ એક લાંબા ગાળાનું રોકાણ સાધન છે, જે તમને લાંબા સમય સુધી વળતર આપી શકે છે.

આને તમે એક 'રેન્ટલ ઈનકમ'ની જેમ સમજી શકો છો. તમે ઈનવિટના યુનિટ્સ (શેરની જેમ) ખરીદો છો. આ ટ્રસ્ટ તે પૈસાથી બનેલા રસ્તાઓને સરકાર પાસેથી લીઝ પર લે છે અથવા તેનું સંચાલન કરે છે.

તે રસ્તાઓ પર ચાલતી ગાડીઓ પાસેથી જે 'ટોલ ટેક્સ' મળે છે, તે ટ્રસ્ટની કમાણી હોય છે. ખર્ચાઓ કાપીને બાકીનો નફો યુનિટ હોલ્ડર્સ (એટલે કે તમે)માં વહેંચી દેવામાં આવે છે. તમારા રોકાણની સુરક્ષા અને મેનેજમેન્ટ માટે NHAI એ 'રાજમાર્ગ ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રાઈવેટ લિમિટેડ' (RIIMPL) નામની કંપની બનાવી છે. તેમાં દેશની 10 સૌથી મોટી અને ભરોસાપાત્ર નાણાકીય સંસ્થાઓ ભાગીદાર છે. એટલે કે તમારા પૈસા નિષ્ણાતોની દેખરેખ હેઠળ રહેશે. તેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI), પંજાબ નેશનલ બેંક (PNB), એક્સિસ બેંક, HDFC બેંક, ICICI બેંક, IDBI બેંક, ઈન્ડસઈન્ડ બેંક, યસ બેંક, બજાજ ફિનસર્વ વેન્ચર્સ અને NaBFID (નેશનલ બેંક ફોર ફાઈનાન્સિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ) શામેલ છે. NHAIના સભ્ય (ફાઈનાન્સ) એનઆરવીવીએમકે રાજેન્દ્ર કુમાર આ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર કંપનીના એમડી અને સીઈઓ (વધારાનો ચાર્જ) હશે. આ એક લિસ્ટેડ ઈન્વિટ હોવાથી, તેમાં રોકાણ કરવા માટે તમારી પાસે 'ડીમેટ એકાઉન્ટ' હોવું જરૂરી છે. જ્યારે તેનો IPO (ઈનિશિયલ પબ્લિક ઓફર) આવશે, ત્યારે તમે તમારી બ્રોકર એપ (જેમ કે ઝીરોધા, ગ્રો, એન્જલ વન વગેરે) દ્વારા તેમાં બોલી લગાવી શકશો. લિસ્ટ થયા પછી તમે શેરબજારમાંથી પણ તેના યુનિટ્સ ખરીદી અને વેચી શકશો.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (ઈન્વિટ) મ્યુચ્યુઅલ ફંડની જેમ જ એક સામૂહિક રોકાણ યોજના છે. જેમ મ્યુચ્યુઅલ ફંડમાં લોકો પાસેથી પૈસા લઈને શેરબજારમાં રોકવામાં આવે છે, તેવી જ રીતે ઈન્વિટમાં લોકો પાસેથી પૈસા લઈને રોડ, વીજળી અથવા અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં રોકવામાં આવે છે.

આ પ્રોજેક્ટ્સમાંથી થતી કમાણી (જેમ કે ટોલ કલેક્શન)નો એક મોટો ભાગ યુનિટ હોલ્ડર્સ (રોકાણકારો)ને ડિવિડન્ડ તરીકે વહેંચવામાં આવે છે.

# RBIએ 3 કલાકમાં ચેક ક્લિયરન્સનો નિયમ ટાળ્યો

## 3 જાન્યુઆરીથી લાગુ થવાનું હતું, હવે સવારે 9થી સાંજે 7 વાગ્યા સુધી પ્રોસેસિંગ થશે

**નવી દિલ્હી, તા.25**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ ચેક ક્લિયરન્સને ઝડપી બનાવતી ફેઝ 2 સ્કીમને મુલતવી રાખી છે. આ સ્કીમ 3 જાન્યુઆરી 2026થી શરૂ થવાની હતી. આ ફેઝમાં બેંકોએ ચેકની ઈમેજ મળ્યાના 3 કલાકમાં મંજૂર કે નામંજૂર કરવાની હતી. હવે તેને આગળની તારીખ સુધી મુલતવી રાખવામાં આવી છે.



RBIએ 24 ડિસેમ્બરે એક સર્ક્યુલર બહાર પાડીને જણાવ્યું કે ફેઝ 2ને આગળ મુલતવી રાખવામાં આવ્યો છે. ફેઝ 1 ચાલુ રહેશે. ચેક પ્રેઝન્ટેશન વિન્ડો (ચેક જમા કરવાનો સમય) સવારે 9 વાગ્યાથી બપોરના 3 વાગ્યા સુધી ખુલ્લી રહેશે. જ્યારે, બેંકો સવારે 9 વાગ્યાથી સાંજના 7 વાગ્યાની વચ્ચે ચેકને કન્ફર્મ કે રિજેક્ટ કરી શકશે.

RBIએ ચેક ટ્રંકેશન સિસ્ટમ (CTS) હેઠળ 'કંટીન્યુઅસ ક્લીયરન્સ એન્ડ સેટલમેન્ટ' (CCS) શરૂ કર્યું હતું. તેનો હેતુ જૂની બેચ સિસ્ટમને સમાપ્ત કરીને ચેક ક્લિયરન્સને ઝડપી બનાવવાનો હતો.

ફેઝ-1ની શરૂઆત 4 ઓક્ટોબર 2025ના રોજ થઈ હતી. પહેલા ચેક ક્લિયર કરવા માટે નિશ્ચિત સમયે બેચ બનતા હતા, હવે આવું થતું નથી.

બેંક ચેકને સ્કેન કરે છે અને તેની ઈમેજ તરત જ ક્લિયરિંગ હાઉસને મોકલી દે છે. એટલે કે, જેવો ચેક બેંકમાં આવે છે, પ્રક્રિયા શરૂ થઈ જાય છે.

જે બેંકનો ચેક છે, તેને ઈમેજ મળતા જ સમીક્ષા કરવી પડે છે. જો નિર્ધારિત સમયમાં બેંક જવાબ આપતી નથી, તો ચેકને મંજૂર થયેલો માની લેવામાં આવે છે.

3 જાન્યુઆરી 2026થી લાગુ થનારા ફેઝ-2નો હેતુ ચેક ક્લિયરન્સને 'રિયલ ટાઈમ'ની નજીક લાવવાનો હતો. આ અંતર્ગત બેંકોએ ચેકની ઈમેજ મળ્યાના માત્ર 3 કલાકની અંદર તેને મંજૂર કે નામંજૂર કરવાનો હતો.

જો બેંક 3 કલાકમાં કોઈ કાર્યવાહી ન કરે, તો સિસ્ટમ આપમેળે ચેકને પાસ કરી દેતી અને પૈસા ટ્રાન્સફર થઈ જતા. આનાથી ગ્રાહકોને ચેકના પૈસા તે જ દિવસે અથવા ખૂબ ઓછા સમયમાં મળી જતા. RBIએ કહ્યું છે કે ફેઝ-2 લાગુ કરવાની નવી તારીખની જાહેરાત અલગથી કરવામાં આવશે.

# દેશની જાણીતી બૅન્કના શેર્સમાં કડાકાની શક્યતા, રૂ. 1960 કરોડના ફ્રોડ કેસમાં ફરી તપાસ....




**નવી દિલ્હી, તા.25**

ઈન્ડસઈન્ડ બૅંકનું સંકટ ઓછું થવાનું નામ નથી લઈ રહ્યું. આ વર્ષે મે મહિનામાં સામે આવેલા 1959.98 કરોડના છેતરપિંડીના કેસમાં હવે બૅંકની ફરીથી તપાસ શરુ થઈ છે. ગંભીર છેતરપિંડી તપાસ કાર્યાલય (SFIO) દ્વારા આ તપાસ શરુ કરવામાં આવી છે, જેના કારણે રોકાણકારોમાં ફરી ચિંતાનો માહોલ છે. આ સમાચાર બાદ શેર પર તેની શું અસર થશે તેના પર સૌની નજર છે, કારણ કે જ્યારે આ કૌભાંડ પહેલીવાર સામે આવ્યું હતું ત્યારે બૅંકના શેરમાં ભારે કડાકો બોલી ગયો હતો.

બૅંકે બુધવારે રેગ્યુલેટરી ફાઈલિંગમાં આ તપાસની જાણકારી આપી હતી. આ તપાસ એ જ મુદ્દાઓ સાથે સંબંધિત છે જે બૅંકે અગાઉ જાહેર કર્યા હતા. તેમાં ઈન્ટરનલ ડેરિવેટિવ્ઝ ટ્રેડનું એકાઉન્ટિંગ, અન્ય અસ્કયામતો અને જવાબદારીઓ હેઠળ દર્શાવવામાં આવેલ અસ્પષ્ટ બેલેન્સ, અને બૅંકના માઈક્રોફાઈનાન્સ બિઝનેસમાંથી મળતી વ્યાજ અને ફીની આવકમાં રહેલી ખામીઓનો સમાવેશ થાય છે.

આ તપાસ કંપની ઍક્ટ, 2013ની કલમ 212 હેઠળ કરવામાં આવી રહી છે, જે કેન્દ્ર સરકારને કોર્પોરેટ છેતરપિંડીના ગંભીર અને જટિલ કેસો SFIOને સોંપવાની સત્તા આપે છે. બૅંકે જણાવ્યું કે તેને 23 ડિસેમ્બર, 2025ના રોજ SFIO તરફથી એક પત્ર મળ્યો હતો, જેમાં તપાસ સંબંધિત માહિતી અને દસ્તાવેજો માંગવામાં આવ્યા હતા.

SFIOની આ તપાસ આ વર્ષે 2025ની શરુઆતમાં સામે આવેલી ગંભીર એકાઉન્ટિંગ સંબંધિત ચિંતાઓને પગલે શરુ થઈ છે. એપ્રિલ મહિનામાં, બૅંકના બાહ્ય ઓડિટરે ડેરિવેટિવ પોર્ટફોલિયોમાં અનિયમિતતાઓને કારણે 31 માર્ચ, 2025 સુધીના પ્રોફિટ ઍન્ડ લોસ ખાતા પર 1959.98 કરોડની ગેરરીતિનો પર્દાફાશ કર્યો હતો. આ ઉપરાંત, અન્ય એક બાહ્ય એજન્સીના રિપોર્ટમાં ડેરિવેટિવ્ઝના વ્યવહારોમાં થયેલી ભૂલોને કારણે બૅંકની સંપત્તિ પર 1979 કરોડની નકારાત્મક અસરનો અંદાજ લગાવવામાં આવ્યો હતો.

જ્યારે ઈન્ડસઈન્ડ બૅંકમાં છેતરપિંડીનો આ મામલો પહેલીવાર સામે આવ્યો હતો, ત્યારે તેના શેરમાં સુનામી જેવી સ્થિતિ સર્જાઈ હતી અને રોકાણકારોના અબજો રૂપિયા ડૂબી ગયા હતા. ફેબ્રુઆરીમાં આ શેર 1086ની 52-સપ્તાહની ઊંચી સપાટીએ હતો, પરંતુ કૌભાંડના સમાચાર આવતા જ તે 60% જેટલો તૂટીને 606ના સ્તરે આવી ગયો હતો. હવે ફરીથી શરુ થયેલી આ તપાસની અસર બૅંકના શેર પર જોવા મળી શકે છે. બુધવારે, શેરબજારમાં સામાન્ય કારોબાર વચ્ચે ઈન્ડસઈન્ડ બૅંકનો શેર 848.90 પર બંધ થયો હતો. ઉલ્લેખનીય છે કે આજે ગુરુવારે નાતાલ નિમિત્તે શેરબજાર બંધ છે અને હવે શુક્રવારે કારોબાર ફરી શરુ થશે.

# સોનામાં રૂ.141000નું નવું શિખર: દિલ્હી ચાંદી રૂ.9750 ઉછળીને રૂ.227000.....

- ચાંદી ત્રણ દિવસમાં રૂ.૨૧ હજાર વધી: ન્યુયોર્કમાં ભાવ ૭૨ ડોલર સામે ચીનમાં ૭૮ ડોલર
- વૈશ્વિક સોનું ઉછળી ઔંસના ૪૫૦૦ ડોલર પાર : ટૂંકમાં ચાંદી રૂપિયા અઢી લાખ થઈ થવાની શક્યતા

**અમદાવાદ,મુંબઈ, તા.25**

ટેરીફના કારણે અનિશ્ચિત વાતાવરણમાં સેફ હેવન લેવાલી રૂપે ફંડો સોના-ચાંદી તરફ વળતા વૈશ્વિક બજોરોમાં સોના-ચાંદી નવી ટોચ તરફ આગળ વધી રહ્યા છે. વિશ્વ બજારમાં સોનાના ભાવ વધુ ઉછળી ઔસના ઉંચામાં ૪૫૦૦ ડોલર કુદાવી ગયા હતા.આ અહેવાલો પાછળ ભારતીય સોના-ચાંદી બજારમાં આજે દિલ્હી ચાંદીએ રૂ.૨,૨૭,૦૦૦ અને અમદાવાદ સોનાએ રૂ.૧,૪૧,૦૦૦નો નવો વિક્રમ રચ્યો હતો.




મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં રેકોર્ડ બ્રેક તેજી વેગથી આગળ વધતાં નાતાલ પૂર્વે કિંમતી ધાતુઓમાં નવી ઊંચી ટોચ દેખાઈ હતી. વિશ્વ બજારમાં ભાવમાં આગઝરતી તેજી જોવા મળી હતી. વિશ્વ બજાર વધુ ઉછળતાં તથા ઘરઆંગણે કરન્સી બજારમાં ડોલર સામે રૂપિયો ઘટતાં દેશમાં આયાત થતી કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ ઝડપથી વધી ગઈ છે અને તેના કારણે દેશના ઝવેરી બદજારોમાં રોજેરોજ ભાવ કુદકે-ને-ભુસકે વધતાં જતા જોવા મળ્યા હતા.

વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંશના ૪૪૮૬થી ૪૪૮૭ વાળા વધી ઉંચામાં ભાવ પ્રથમ વખત ૪૫૦૦ પાર કરી ૪૫૨૪થી ૪૫૨૫ ડોલરની નવી ટોચ બતાવી ત્યારબાદ ભાવ ફરી ઘટી ૪૪૯૪થી ૪૪૯૫ ડોલર રહ્યાના નિર્દેશો હતા. રશિયા-યુક્રેન પછી હવે અમેરિકા તથા વેનેઝુએલા વચ્ચે તણાવ વધતાં તથા ક્રૂડની તેજી વચ્ચે વિશ્વ બજારમાં સોનામાં ફંડો એક્ટીવ રહ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસના ૬૯.૬૭ ડોલરથી ઉછળી ઉંચામાં ભાવ ૭૨ પાર કરી ૭૨.૭૦ થઈ ૭૨.૭૩થી ૭૨.૭૪ ડોલર રહ્યા હતા.ચીનના બજારોમાં ભાવ વધુ ઉંચા ૭૮ ડોલર સુધી પહોંચી ગયાની ચર્ચા પણ બજારમાં સંભળાઈ હતી.

વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરી બજારમાં ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૯૦૦૦ ઉછળી રૂ.૨૨૧૦૦૦ની નવી ટોચે પહોંચ્યા હતા. અમદાવાદ સોનાના ભાવ આજે ૧૦ ગ્રામના વધુ રૂ.૫૦૦ વધી ૯૯૫ના રૂ.૧૪૦૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૧૦૦૦ બોલાતા નવો રેકોર્ડ થયો હતો. સોનાના ભાવ ત્રણ દિવસમાં રૂ.૪૫૦૦ ઉછળ્યા હતા.

દિલ્હી સોના-ચાંદી બજારમાં આજે ચાંદીમાં રૂ.૯૭૫૦નો ઉછાળો નોંધાતા રૂ.૨,૨૭,૦૦૦ની વિક્રમી સપાટીએ પહોંચી હતી. જ્યારે સોનું રૂ.૫૦ ઘટી૧૪૦૮૦૦ની સપાટીએ રહ્યુ હતુ.

દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર વધી ૯૯૫ના રૂ.૧૩૬૦૮૦ તથા ૯૯૯ના રૂ.૧૩૬૬૨૭ રહ્યા હતા. જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૨૧૧૦૦૦ વાળા રૂ.૨૧૮૯૫૩ બોલાયા હતા.

વિશ્વ બજારમાં અન્ય કિંમતી ધાતુઓ પણ ઉછળતી જોવા મળી હતી. પ્લેટીનમના ભાવ ઔંસ દીઠ ૨૧૭૬ વાળા વધી ઉંચામાં ભાવ ૨૩૮૧ થઈ ૨૩૧૫થી ૨૩૧૬ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ઉંચામાં ૧૮૬૨ થઈ ૧૮૩૧થી ૧૮૩૨ ડોલર રહ્યા હતા.

મુંબઈ બુલિયન બજારમાં પ્લેટીનમના ભાવ ઉછલી ૧૦ ગ્રામના રૂ.૭૪ હજાર નજીક પહોંચી ગયા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે વધુ દોઢ ટકો વધતાં ૧૨ હજાર ડોલર ઉપર નવી ટોચ બજારમાં જોવા મળી હતી. નવા વર્ષના આગમન પૂર્વે કદાચ ચાંદીના ભાવ ઉછળી રૂપિયા અઢી લાખ થઈ જાય તો નવાઈ નહિં એવું બજારના એનાલીસ્ટો જણાવી રહ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલમાં પણ તેજી આગળ વધી હતી. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના વધી ૬૨.૭૭ થઈ ૬૨.૫૬ ડોલર તતા યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૫૮.૭૫ થઈ ૫૮.૬૨ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં ફંડોનું બાઈંગ વધ્યાની ચર્ચા બજારમાં સંભળાઈ રહી હતી.

# 31 ડિસેમ્બર પહેલા પતાવી લો આ કામ, નહીંતર નકામું થઈ જશે પાનકાર્ડ!

**નવી દિલ્હી, તા.25**

શું તમે તમારા આધાર કાર્ડ અને પાન કાર્ડને લિંક કરી લીધું છે? જો નહીં, તો આ કામ ઝડપથી પતાવી લો. આ કામ પૂરું કરવા માટે હવે તમારી પાસે માત્ર સાત દિવસનો સમય રહ્યો છે, કારણ કે તેને કોઈ પણ સંજોગોમાં વર્ષના છેલ્લા દિવસ એટલે કે, 31 ડિસેમ્બર, 2025 સુધીમાં પૂર્ણ કરવું જરૂરી છે. જો તમે પાનકાર્ડને આધાર કાર્ડ સાથે લિંક ન કરાવશો તો તમારું પાનકાર્ડ ડિએક્ટિવેટ એટલે કે નકામું થઈ જશે. જેના કારણે તમારે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.




આ વર્ષે એપ્રિલમાં ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા જારી કરાયેલા એક નોટિફિકેશન પ્રમાણે જેમને 1 ઑક્ટોબર, 2024 પહેલા તેમના આધાર નંબરનો ઉપયોગ કરીને પાનકાર્ડ જારી કરવામાં આવ્યું હતું, તેમણે 2025ના અંત સુધીમાં પોતાના પાનકાર્ડ અને આધારકાર્ડને લિંક કરાવવું જરૂરી છે. તેની ડેડલાઈન 31 ડિસેમ્બર છે, અને તેને લંબાવવામાં આવે તેવી શક્યતા ઓછી છે.

આ નક્કી કરવામાં આવેલી Aadhaar-PAN Link ડેડલાઈન સુધીમાં કોઈ આ કામ નહીં પતાવે, તોતેમનો પાનકાર્ડ 1 જાન્યુઆરી, 2026થી ડિએક્ટિવેટ થઈ જશે. તેથી બીજા કામને બાજુ પર રાખીને આ મહત્ત્વપૂર્ણ કામ શક્ય તેટલું ઝડપથી પૂર્ણ કરમાં જ ભલાઈ છે. ટેક્સ કાયદા હેઠળ PAN અને આધારનું લિંક હોવું ફરજિયાત છે.

જો કાર્ડ ધારકો નિર્ધારિત ડેડલાઈનની અંદર આ મહત્ત્વપૂર્ણ કામ પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય, તો તેમને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. આમાં ટેક્સ ફાઈલિંગ, રિફંડ અથવા અન્ય નાણાકીય વ્યવહારોમાં મુશ્કેલીઓ આવી શકે છે. સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ ટેક્સીસ, અથવા CBDTએ દ્વારા પણ એ લોકોને નિર્દેશ આપવામાં આવ્યો છે જેમણે પોતાના વાસ્તવિક આધાર નંબરને બદલે પોતાના આધાર નોંધણી IDનો ઉપયોગ કરીને પાનકાર્ડ પ્રાપ્ત કર્યું છે, તેમણે આ ડેડલાઈનની અંદર તેમના આધાર-પાન કાર્ડ લિંકિંગનું કામ પૂરું કરવું પડશે.

આવકવેરા વિભાગની ઓફિશ્યલ વેબસાઈટ www.incometax.gov.in પર લોગ ઈન કરો.

હવે પેજ ઓપન થતાં ક્વિક લિંક્સ સેક્શનમાં જાઓ અને Link Aadhaar પર ક્લિક કરો.

હવે તમારી સ્ક્રીન પર એક નવી વિન્ડો ખુલશે, જ્યાં પાન, આધાર અને મોબાઈલ નંબર નાખો.

# જાન્યુઆરી 2026માં 16 દિવસ બેંકો બંધ રહેશે : 4 રવિવાર, 2 શનિવાર અને ગણતંત્ર દિવસ ઉપરાંત 9 રજા

**નવી દિલ્હી, તા.25**

નવા વર્ષના પહેલા મહિના એટલે કે જાન્યુઆરી 2026માં દેશના અલગ-અલગ રાજ્યોમાં કુલ 16 દિવસ બેંકોમાં કામકાજ નહીં થાય. ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા જાહેર કરાયેલા લેટેસ્ટ કેલેન્ડર મુજબ, આવતા મહિને 4 રવિવાર અને બીજા-ચોથા શનિવાર ઉપરાંત 10 દિવસ અલગ-અલગ જગ્યાએ બેંક બંધ રહેશે. આવી સ્થિતિમાં જો તમને આવતા મહિને બેંક સંબંધિત કોઈ જરૂરી કામ હોય તો આ રજાઓને ધ્યાનમાં રાખવી પડશે. અહીં જુઓ જાન્યુઆરી 2026માં તમારા રાજ્ય કે શહેરમાં બેંક ક્યારે-ક્યારે બંધ રહેશે. તમે બેંકોની રજા હોવા છતાં ઓનલાઈન બેંકિંગ (UPI, IMPS, NEFT, RTGS) અને ATM દ્વારા પૈસાની લેવડદેવડ અથવા અન્ય કામ કરી શકો છો. આ સુવિધાઓ પર બેંકોની રજાઓની કોઈ અસર નહીં થાય. શેરબજારમાં જાન્યુઆરી 2026માં 9 દિવસ ટ્રેડિંગ નહીં થાય. BSEની ઓફિશિયલ વેબસાઈટ અનુસાર, 4 રવિવાર અને 4 શનિવાર ઉપરાંત, 26 જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસના અવસરે ટ્રેડિંગ બંધ રહેશે.

**પશ્ચિમ રેલ્વે**
**ભાવનગર ડિવિઝન**

**VPUS ના લીઝિંગ કોન્ટ્રાક્ટ્સ**

**કેટલોગ નંબર:**લીઝ-૨૦૨૫-૨૨ **પ્રકાર કરારની તારીખ:** ટ્રેન નં. ૧૨૯૦૫-૦૬ ભૂતપૂર્વ પીબીઆર એસએચએમ - પીબીઆર એક્સપ્રેસ - (દ્વિ-સાપ્તાહિક) ના વીપીયુના ભાડા કરાર ૦૩ વર્ષના સમયગાળા માટે રાઉન્ડ ટ્રીપ ધોરણે. **શ્રેણી:** લીઝિંગ બિડર/ટેન્ડરરે (IREPS/ઈ-ઓક્શન) સ્થળની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે ડિવિઝનલ ઓફિસ ભાવનગર અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક (એનએફઆર), ભાવનગર ડિવિઝન +૯૧-૭૨૨૭૯ ૮૯૪૮૬) ની મુલાકાત લેવાની રહેશે. **હરાજી શરૂ થવાનો સમય અને તારીખ:** ૦૭.૦૧.૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે ઓનલાઈન **વેબસાઇટ www.ireps.gov.in દ્વારા હરાજી બંધ થવાનો સમય અને તારીખ:** ૦૭.૦૧.૨૦૨૬ ના રોજ ૧૧:૩૦ કલાકે ઓનલાઈન **વેબસાઇટ www.ireps.gov.in** દ્વારા BVP 230

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**એલસી નાબૂદીના સંદર્ભમાં OHE ફેરફાર**

**ઇ-ટેન્ડર - સૂચના ક્રમાંક: Sr.DEE/TR/ADI/28 ડીઇઇ/ટીઆર/એડીઆઇ/28(2025-26) તારીખ 24.12.2025 ટેન્ડર ક્રમાંક: ટીઆરડી-એડીઆઇ-ટી-19-2025-26 કામનું નામ:** અમદાવાદ વિરમગામ વિભાગમાં ૨ અને ૪ લેન આરઓબીના બદલે એલસી નાબૂદ કરવાના સંદર્ભમાં ઓએચઈ ફેરફાર **અંદાજિત કિંમત:** રૂ. ૧,૦૮,૦૪,૦૬૩.૬૦ **કમાણી:** રૂ. ૨,૦૪,૦૦૦/- **જમા કરાવવાની તારીખ અને સમય:** ૨૧.૦૧.૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક પછી નહીં. **ખુલવાની તારીખ અને સમય:** ૨૧.૦૧.૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ. આર.), ચામુંડા પુલ પાસે; જી.સી.એસ. હોસ્પિટલ, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઇટની વિગતો:** www.ireps.gov.in ADI 238

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# અધિકારીઓને સુભાષબ્રિજ તોડવો છે પણ શાસકો સમારકામના મૂડમાં!



**અમદાવાદ, તા.25**

અમદાવાદના સુભાષબ્રિજને 25 ડિસેમ્બર સુધી તમામ પ્રકારની અવરજવર માટે બંધ કરાયો છે. બ્રિજ બંધ કરાયા પછી કોઈપણ જાતનું સમારકામ કરાયુ નથી. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહ્યુ કે, આ પરિસ્થિતિમાં બ્રિજને તોડવો કે તેનુ રીપેરિંગ કરાવવુ તે અંગેનો અંતિમ નિર્ણય સીએમઓ તરફથી કરવામા આવશે. ફેબ્રુઆરી મહિનામાં મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી આવી રહી છે. ઉપરાંત કોમનવેલ્થ ગેમ્સ-2030ને લઈને કરોડો રૂપિયાના આયોજન જાહેર થઈ ગયા છે. આ પરિસ્થિતિમાં બ્રિજને લઈ કોઈ મોટો ઉહાપોહ થાય તેને ધ્યાનમાં લઈ ભાજપ બ્રિજ તોડવાના મૂડમાં નથી. સુભાષબ્રિજને રિપેર કરી તેને રીક્ષા, સ્કૂટર જેવા વાહનો માટે ઉપયોગમા લેવાના વિકલ્પ ઉપર વિચારણા ચાલી રહી છે.

4 ડિસેમ્બરે સુભાષબ્રિજ ઉપર તિરાડ જોવા મળતા તેને બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો. ત્યારબાદ કોર્પોરેશન ઉપરાંત એમ પેનલ, આઈઆઈટી રૂરકી, આઈઆઈટી મુંબઈ તેમજ સુરત સ્થિત સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઑફ ટેકનોલોજી સહિતની સંસ્થા દ્વારા બ્રિજ ઉપર નદીના ભાગમા વિવિધ પ્રકારનું ઈન્સપેકશન કર્યુ હતું. આ તમામ ઈન્સપેકેશનના રિપોર્ટ સાથે ગાંધીનગર ખાતે પ્રેઝન્ટેશન પણ કરવામા આવ્યુ હતુ. બ્રિજના એક સ્પાનમાં તિરાડ પડી હોવાથી બ્રિજ ઉપરનો કેટલોક ભાગ બેસી જતા 21 દિવસથી ઉપર તમામ અવરજવરને બંધ કરવામા આવી છે. અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર, બ્રિજ પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓ રાજય સરકારના આરએન્ડબી વિભાગ સાથે સંપર્કમાં છે. 1973માં બનાવવામા આવેલા આ સુભાષબ્રિજને તોડી પાડવા એક લોબી દ્વારા દબાણ કરાઈ રહ્યુ હોવાનુ આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે. એક વાત એ પણ સામે આવી છે કે, સુભાષબ્રિજ નીચે સાબરમતી નદીનું પાણી રોકવા માટેના દરવાજા પણ આવેલા છે. આ તમામ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ બ્રિજ કેટલા સમય સુધી બંધ રાખવો, તેનું સમારકામ કરવું કે તોડી પાડવો તેનો નિર્ણય હવે સરકાર કરશે.

હયાત સુભાષબ્રિજની ઉપર 1.60 કિલોમીટર લાંબો નવો બ્રિજ બનાવવા અંગે વિચારણા કરાઈ રહી છે. આરટીઓ સર્કલથી શાહીબાગ પોલીસ સ્ટેડિયમ સુધી આ નવો બ્રિજ બનાવવા વિચારાઈ રહ્યુ છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નવા બ્રિજની બે પાંખ પૈકી એક પાંખ પોલીસ સ્ટેડિયમ તરફ ઉતારાશે. આ બ્રિજ તૈયાર થઈ જાય પછી તેના ઉપરથી ભારે વાહનો પસાર કરવામા આવશે.

સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત રૂપિયા 367 કરોડથી વધુના ખર્ચથી રબર કમ બેરેજ બ્રિજ બનાવાઈ રહ્યો છે. આ બ્રિજ સાબરમતી અચેરથી કેમ્પ સદર બજાર સુધીના વિસ્તારોને સાંકળી લેશે. સુભાષ બ્રિજનો ઉપયોગ કરવામાં ન આવે તો પણ 25 થી 30 મિનિટમાં એરપોર્ટ સુધી લોકો સરળતાથી પહોંચી શકશે.

કોર્પોરેશનની ચૂંટણી અગાઉ હવે થોડો સમય બાકી રહ્યો છે. આ અગાઉ સુભાષબ્રિજ તોડવાનો નિર્ણય કરાય તો તો શહેરીજનો સોશિયલ મિડીયામાં તેમના આક્રોશ સાથે તૂટી પડે તેવો ભાજપના નેતાઓમા અંદરખાને ડર જોવા મળે છે. બીજુ કે સુભાષબ્રિજ અમદાવાદની મેઈન એન્ટ્રીમાં આવેલો છે. આ બાબતથી પણ બ્રિજને લઈ નિર્ણય જાહેર કરવામાં વિલંબ કરાઈ રહયો છે.

# માતાએ પુત્ર સાથે 14મા માળેથી છલાંગ લગાવી, દીકરાનું મોત : બંને કાર પર પડ્યાં

**સુરત, તા.25**



સુરતના અલથાણ વિસ્તારમાં આવેલા આવાસમાં એક અત્યંત હૃદયદ્રાવક અને ચકચારી ઘટના સામે આવી છે, જેમાં એક માતાએ પોતાના માસૂમ પુત્ર સાથે બિલ્ડિંગના 14મા માળેથી નીચે પડતું મૂકી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. બિલ્ડિંગની ઊંચાઈએથી પટકાવાને કારણે ગંભીર ઈજાઓ થતાં માસૂમ દીકરાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે માતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે. હાલ હોસ્પિટલમાં માતાની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ચકચારી બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને અકસ્માત મોતનો ગુનો નોંધી, માતાએ કયા કારણસર આટલું આત્મઘાતી પગલું ભર્યું એ દિશામાં ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. મહિલાએ 14મા માળેથી પોતાના પાંચ વર્ષના પુત્ર સાથે મોતની છલાંગ લગાવી, ત્યારે તે નીચે પાર્ક કરેલી એક કાળા રંગની કાર પર પટકાઈ હતી. મહિલા કારના પાછળના ભાગે પડતાં કારનો કાચ સંપૂર્ણપણે તૂટી ગયો હતો અને પાછળનો ભાગ દબાઈ ગયો હતો. કારની પાસે જ મહિલા લોહીલુહાણ હાલતમાં પટકાઈ હતી, જેના કારણે આ ગમખ્વાર ઘટનામાં કારને પણ ભારે નુકસાન થયું હતું. આ ઘટનાના પગલે આસપાસના લોકોમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. અલથાણ પીઆઈ ભાવેશ રબારીએ જણાવ્યું હતું કે આજે સવારે 10:30 વાગ્યાની આસપાસ સુમન અમૃત આવાસ છે, જે ભટાર ચોકી વિસ્તારમાં લાગે છે, ત્યાં એક આશરે 30 વર્ષની મહિલા છે, જે પોતાના બાળકને લઈને 14મા માળેથી કૂદકો મારે છે. આ ઘટનામાં બાળકનું જગ્યા ઉપર જ અવસાન થયેલું છે અને બેનની કન્ડિશન થોડી ક્રિટિકલ છે. હાલ સારવાર અર્થે સિવિલ માટે લાવેલાં છે. પ્રાથમિક તપાસ દરમિયાન મહિલા આવાસની ના હોવાનું જાણવા મળે છે. મહિલા કોણ છે, ક્યાંથી આવી અને આ બનાવ કઈ રીતે બન્યો છે એ અંગે તપાસ હાથ ધરી છે. પ્રાથમિક રીતે તો બનાવમાં બેન આત્મહત્યા કરવા માટે 14મા માળેથી કૂદેલાં હોય એવું જણાઈ આવે છે છતાં પણ પોલીસ સીસીટીવી ફૂટેજ અને બીજા ટેક્નિકલ સોર્સના આધારે તપાસ કરી રહી છે. બાળકની ઉંમર આશરે 5 વર્ષની આસપાસ છે.

ઘટનાસ્થળે જ પાંચ વર્ષના માસૂમ બાળકનું મોત નીપજ્યું હતું, જ્યારે હાલ માતા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અત્યારસુધી આ મહિલાની ઓળખ થઈ શકી નથી. પોલીસના જણાવ્યા અનુસાર, આવાસમાં રહેતા લોકો પણ તેમને ઓળખતા નથી. એવી શક્યતા છે કે તેઓ ત્યાં હાલમાં જ રહેવા આવ્યાં હોય અથવા આત્મહત્યા કરવાના ઈરાદે બહારથી આ બિલ્ડિંગમાં આવ્યાં હોય. પોલીસે આ સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

# સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ફરી એકવાર હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત

## બેંગકોકથી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટમાં આવેલી મહિલા પાસેથી 1 કરોડથી વધુ કિંમતનો 3.11 કિલો ગાંજો પકડાતા ધરપકડ

**સુરત, તા.25**



સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ ધીરે ધીરે ડ્રગ્સ માફિયાઓ માટે નવો કોરિડોર બની રહ્યું હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. હજુ બે દિવસ પહેલા જ મોટી માત્રામાં હાઈબ્રિડ ગાંજો પકડાયા બાદ, ફરી એકવાર કસ્ટમ વિભાગે બેંગકોકથી આવેલી એક મહિલા પાસેથી કરોડોની કિંમતનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપી પાડ્યો છે.

મુસાફરોની હિલચાલ અને પ્રોફાઈલિંગના આધારે સુરત કસ્ટમ વિભાગ અને AIU (એર ઈન્ટેલિજન્સ યુનિટ) ના અધિકારીઓ એલર્ટ પર હતા. તે દરમિયાન બેંગકોકથી આવેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ નં. IX-263માં એક મહિલા મુસાફરની વર્તણૂક શંકાસ્પદ જણાતા તેને અટકાવવામાં આવી હતી.

મહિલાના સામાનની સઘન તપાસ કરતા તેમાંથી 7 વેક્યુમ-પેક્ડ પારદર્શક પોલીથીન પેકેટ મળી આવ્યા હતા. જેમાં તપાસ કરતા લીલા રંગનો શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો. ફોરેન્સિક પરીક્ષણમાં આ પદાર્થ 'હાઈડ્રોપોનિક ગાંજો' હોવાની પુષ્ટિ થઈ હતી.

અધિકારીઓએ કુલ 3,114.15 ગ્રામ (આશરે 3.11 કિલો) ગાંજો કબજે કર્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ હાઈડ્રોપોનિક ગાંજાની કિંમત રૂ. 1 કરોડથી વધુ આંકવામાં આવી રહી છે. કસ્ટમ વિભાગે NDPS એક્ટ, 1985ની વિવિધ જોગવાઈઓ હેઠળ ગુનો નોંધીને મહિલા મુસાફરની ધરપકડ કરી છે અને આ ડ્રગ્સ કોના માટે લાવવામાં આવ્યું હતું તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, માત્ર બે દિવસ પહેલા જ સુરત એરપોર્ટ પરથી 6 કરોડથી વધુની કિંમતનો 17 કિલો હાઈબ્રીડ ગાંજો ઝડપાયો હતો, જેમાં એક મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષા એજન્સીઓ અને કસ્ટમ વિભાગનું દબાણ વધતા ડ્રગ પેડલરોએ હવે પોતાનો રસ્તો બદલ્યો છે. તેઓ હવે નશીલા પદાર્થોની હેરાફેરી માટે સુરત એરપોર્ટનો ઉપયોગ કરી રહ્યા છે, જે સુરક્ષા તંત્ર માટે ચિંતાનો વિષય છે. ઉપરાઉપરી બે મોટી ઘટનાઓ સામે આવતા સુરત એરપોર્ટ પર ચેકિંગ વ્યવસ્થા વધુ સઘન બનાવી દેવામાં આવી છે.

# અમદાવાદના વિવિધ વિસ્તારમાં 36 બ્રિજના રિપેરિંગ પાછળ 5 વર્ષમાં 35 કરોડ ખર્ચાયા

**અમદાવાદ, તા.25**

અમદાવાદનો સુભાષબ્રિજ 4 ડિસેમ્બરથી તમામ પ્રકારની અવરજવર માટે બંધ કરાયો છે. 25 ડિસેમ્બર સુધી બંધ કરાયેલ આ બ્રિજ ખોલવામા આવે એવી કોઈ સંભાવના નથી. આ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા બ્રિજના રિપેરીંગ અને કલરકામ પાછળ કોર્પોરેશને પાંચ વર્ષમાં રૂપિયા 35 કરોડનો ખર્ચ કર્યો છે. હાલ બંધ કરવામાં આવેલા સુભાષ બ્રિજની ફૂટપાથ રિપેર કરવા તથા બ્રિજ ઉપર થીક્સ ટ્રોપિક પેચવર્ક કરવા રૂપિયા 25 લાખનો ખર્ચ કરાયો હતો. પ્રશ્ન એ છે કે જે સમયે સુભાષબ્રિજ ઉપર ફૂટપાથ રિપેર કરાયો એ સમયે બ્રિજની સ્થિતિ કેમ તંત્રના ધ્યાનમાં ના આવી. કોર્પોરેશન દ્વારા બિફોર અને આફ્ટર મોન્સુન શહેરના 67 બ્રિજનું ઈન્સપેકશન કરવામા આવ્યુ હોવાનો દાવો કરાઈ રહયો છે. સુભાષ બ્રિજના ઈન્સપેકશન રિપોર્ટમાં બ્રિજ સારી કન્ડિશનમાં હોવાનો ઈન્સપેકશન કરનારી એજન્સી દ્વારા રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો હતો. જુલાઈ મહિનામાં બ્રિજ ઈન્સપેકશનનો રિપોર્ટ અપાયો અને માત્ર પાંચ જ મહિનામા બ્રિજને બંધ કરવાની કોર્પોરેશન તંત્રને ફરજ પડી છે. અલગ અલગ બ્રિજના રિપેરીંગ અને કલરકામ કરી બ્રિજની આવરદામા વધારો કરવાના દાવા સાથે કોર્પોરેશન તરફથી પાંચ વર્ષમાં 36 બ્રિજ પાછળ 35 કરોડનો ખર્ચ કર્યો છે. આટલી મોટી રકમનો ખર્ચ કર્યા પછી પણ શહેરના મુખ્ય કહી શકાય એવા બ્રિજ ઉપરની ગંભીર ક્ષતિ બહાર આવે તે ગંભીર બાબત કહી શકાય.

PRADHANMANTRI JAN AAROGYA YOJNA
AAYUSHMAN BHARAT
PM-JAY
सत्यमेव जयते
ગુજરાત સરકાર



## "PMJAY-મા" યોજના

### તમામ PMJAY-MA યોજના સાથે સંલગ્ન હૉસ્પિટલો માટે :

- PMJAY-MA યોજના હેઠળની તમામ હૉસ્પિટલો માટે ૩૧-૧૨-૨૦૨૫ સુધી HEM 1.0 થી HEM 2.0 પૉર્ટલમાં હૉસ્પિટલ એપ્લિકેશન માઈગ્રેટ કરવું ફરજિયાત છે.
- જો કોઈ હૉસ્પિટલ યોજના સાથે સંલગ્ન રહેવા ઇચ્છતી ન હોય, તો તેની જિલ્લા / કૉર્પોરેશનના આરોગ્ય અધિકારીને લેખિતમાં જાણ કરી HEM 1.0 પરથી HEM 2.0 માં લૉગઈન કરી વિડ્રોઅલ માટે અરજી કરવાની રહેશે. જેના માટે જિલ્લા / કૉર્પોરેશનના આરોગ્ય અધિકારીનો તાત્કાલિક સંપર્ક કરવા વિનંતી.
- PMJAY-MA હેઠળની ખાનગી હૉસ્પિટલોએ મુલાકાતીઓ / લાભાર્થીઓને ઉપલબ્ધ સ્પેશિયાલિટીની મફત / કેશલેસ સારવારની સ્પષ્ટ માહિતી મળે તે માટેની જાહેરાત ફરજિયાત યોગ્ય જગ્યાએ મૂકવી.

### તમામ PMJAY-MA યોજનાના લાભાર્થીઓ માટે :

- NFSA (રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો)ના રાશન કાર્ડ ધારક ફક્ત રાશન કાર્ડ અને આધાર કાર્ડના ઉપયોગથી પોતાનું આયુષ્માન કાર્ડ બનાવી શકે છે.
- ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના તમામ વડીલો સામાજિક કે આર્થિક સ્તરના માપદંડ વગર ફક્ત આધાર કાર્ડથી જ આયુષ્માન કાર્ડ મેળવી શકે છે.
- લાભાર્થીઓ beneficiary.nha.gov.in પર જઈ પોતે પણ રજિસ્ટ્રેશન કરી આયુષ્માન કાર્ડ મેળવી શકે છે.
- ગૂગલ પ્લે-સ્ટોર પરથી Ayushman App ડાઉનલોડ કરી નજીકની PMJAY હૉસ્પિટલ, આયુષ્માન કાર્ડની વિગતો, મેળવેલ સારવારની વિગતો અને વૉલેટ બેલેન્સ જેવી માહિતી જોઈ શકાય છે

"સંજીવની સમાન "આયુષ્માન કાર્ડ" એટલે આપના પરિવારના આરોગ્યની કાળજી"
**શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા**
માનનીય મંત્રી, આોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત

**PMJAY-MA યોજના, બ્લૉક નં- ૪/૧ , ડો. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર- ૩૮૨૦૧૦**

વધુ માહિતી માટે **ટોલ ફ્રી નં. ૦૭૯-૬૬૪૪૦૧૦૪** સંપર્ક કરો

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

# વડોદરામાં ક્રેડિટ કાર્ડ બિલ ભરપાઈના નામે ભેજાબાજે વેપારી સાથે 2.24 લાખની છેતરપિંડી કરી

**વડોદરા, તા.25**

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં રહેતા 31 વર્ષીય વેપારી રામ અશોકકુમાર ઠક્કર ક્રેડિટ કાર્ડના બિલ ભરપાઈ અને સર્વિસ ચાર્જના નામે છેતરપિંડીનો ભોગ બન્યા છે. આરોપીએ તેમને કુલ રૂ. 2,24,000ની રકમ પરત નહીં કરતાં તેમણે સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રામ ઠક્કરની ફરિયાદ અનુસાર, તેઓ હોટલ, ફ્લાઈટ ટિકિટ બુકિંગ અને ક્રેડિટ કાર્ડના બિલ પેમેન્ટનું કામ કરે છે. ગત 7 જાન્યુઆરીના રોજ સાંજે લગભગ 6 વાગ્યે આરોપી જગેશભાઈ રવિન્દ્રકુમાર પટેલ (રહે. ત્રીજો માળ, શિવ ચેમ્બર, સરદાર ભવન લેન, રાવપુરા, વડોદરા) ફરિયાદીની સમા-સાવલી રોડ પર આવેલી એસ-9 સ્ક્વેર કોમ્પ્લેક્સની એફએફ-42માં આવેલી ગ્લોબલ ડ્રીમ્સ કેરિયર સોલ્યુશન નામની ઓફિસે આવ્યા હતા. આરોપીએ જણાવ્યું હતું કે, તેમનું આઈડીબીઆઈ બેન્કનું ક્રેડિટ કાર્ડ બિલ 2.24 લાખ રૂપિયા ડ્યુ થયું છે અને હાલ તેમની પાસે રોકડ નથી. તેઓએ ફરિયાદીને વિનંતી કરી કે, તેમનું બિલ ભરી આપે અને બદલામાં 3 ટકા સર્વિસ ચાર્જ અલગથી ચૂકવશે. તેમજ બિલ ભર્યા બાદ કાર્ડમાં ક્રેડિટ લિમિટ પાછી આવી જતાં ફરિયાદીને મૂળ રકમ રૂ. 2.24 લાખ પરત કરવામાં કરશે. આ સહમતિ બાદ ફરિયાદીએ પહેલાં કાર્ડ ચેક કરવા રૂ. 100નું ટેસ્ટ ટ્રાન્ઝેક્શન કર્યું હતું. કાર્ડ એક્ટિવ હોવાનું જાણતાં ફરિયાદીએ પોતાની કંપનીના આઈડીએફસી બેન્ક ખાતામાંથી આરોપીના ક્રેડિટ કાર્ડમાં રૂ. 2.24 લાખ રૂપિયાનું બિલ ભરી આપ્યું હતું. ત્યારબાદ આરોપીએ પોતાના ક્રેડિટ કાર્ડ દ્વારા ફરિયાદીની કંપનીના ખાતામાં ફાઈઝર્વ સ્વાઈપ મશીનથી પહેલાં 2 લાખ રૂપિયા અને પછી 24 હજાર રૂપિયા મળીને કુલ 2.24 લાખ રૂપિયા પરત કર્યા હતા. સર્વિસ ચાર્જના 6,768 રૂપિયા આરોપીએ બીજા દિવસે યુપીઆઈ દ્વારા ચૂકવ્યા હતા. થોડા દિવસ બાદ ફાઈઝર્વ કંપની તરફથી માહિતી મળી કે આઈડીબીઆઈ બેન્કના કાર્ડધારકે ટ્રાન્ઝેક્શનને સસ્પેક્ટેડ ગણાવી ફરિયાદ કરી છે, જેથી 2.24 લાખ રૂપિયાનું પેમેન્ટ 540 દિવસ સુધી રોકી દેવામાં આવ્યું છે. ફરિયાદીએ આરોપીને સંપર્ક કરતાં તેમણે અજાણ્યા હોવાનું કહ્યું હતું. પછી ફાઈઝર્વની સલાહ મુજબ ફરિયાદીએ આરોપીના કાર્ડમાં 2.24 લાખ રૂપિયા રિફંડ કરાવવા માટે એમએસએફ અને જીએસટી ચાર્જ તરીકે રૂ. 2,478 પણ ભર્યા હતા. સાત દિવસ બાદ રિફંડ થયા બાદ આરોપીએ રકમ પરત કરવાની બાંહેધરી આપી હતી, પરંતુ રિફંડ થયા પછી આરોપીએ ફોન ઉપાડવાનું અને વોટ્સએપના જવાબ આપવાનું બંધ કરી દીધું. તેમના આપેલા સરનામે મોકલેલા માણસોને પણ તેઓ મળ્યા નહીં. આમ, ક્રેડિટ કાર્ડના બિલ ભરપાઈના નામે છેતરપિંડી કરી રૂ. 2.24 લાખ રૂપિયાની રકમ પરત ન આપનાર આરોપી જગેશભાઈ રવિન્દ્રકુમાર પટેલ સામે ફરિયાદીએ સમા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે. સમા પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

# CNI ચર્ચના પ્રાંગણમાં ગરબાની રમઝટ બોલાવી નાતાલની ઉજવણી

**સુરત, તા.25**



સમગ્ર વિશ્વમાં નાતાલ પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી છે, ત્યારે સુરતમાં પણ ખ્રિસ્તી સમાજના લોકો દ્વારા આ પર્વની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. શહેરના ચર્ચોને રોશનીથી શણગારવામાં આવ્યા છે અને વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ પ્રાર્થના માટે ઉમટી પડ્યા હતા. આ પર્વ નિમિત્તે મુગલીસરા વિસ્તારમાં આવેલા ઐતિહાસિક સીએનઆઈ (CNI) ચર્ચમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી, જ્યાં લોકોએ એકબીજાને મેરી ક્રિસમસ કહીને પર્વની શુભકામનાઓ પાઠવી હતી. આ વર્ષે નાતાલની ઉજવણીમાં મુગલીસરાના સીએનઆઈ ચર્ચમાં એક અનોખો અને ભારતીય સંસ્કૃતિના રંગોથી રંગાયેલો દ્રશ્ય જોવા મળ્યો હતો. અહીં નાતાલની ઉજવણી માત્ર પરંપરાગત પ્રાર્થના સુધી સીમિત ન રહેતા, તેમાં ગરબાનો તડકો પણ ઉમેરાયો હતો. ચર્ચના પ્રાંગણમાં ખ્રિસ્તી સમાજના લોકોએ ગરબાની રમઝટ બોલાવી હતી, જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ દ્રશ્યએ સાબિત કર્યું હતું કે તહેવારો કોઈપણ હોય, પરંતુ સુરતીઓ તેને પોતાની મસ્તી અને પરંપરા સાથે મનાવવાનું ક્યારેય ચૂકતા નથી. ચર્ચમાં આયોજિત આ ગરબાના કાર્યક્રમમાં બાળાઓથી લઈને યુવાન-યુવતીઓ અને વડીલો પણ ઉત્સાહભેર જોડાયા હતા. પ્રભુ ઈસુના જન્મોત્સવની ખુશીમાં ખ્રિસ્તી સમાજની મહિલાઓ અને યુવાનો ગરબે ઘૂમતા નજરે પડ્યા હતા. ચર્ચની અંદર અને બહાર ગુંજી ઉઠેલા ગરબાના સૂર અને લોકોના પગની થાપ જોઈને ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.